અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express   Ahmedabad   RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
બીચ પર કૂલ લૂકમાં જોવા મળી હિના ખાન, બ્લૂ આઉટફિટ્સમાં આપ્યા પોઝ



પેજ-09
40 મિનિટની ઈનિંગમાં કરોડો ચાહકોને પોતાના દિવાના બનાવી ગયો આ યુવા સ્ટાર

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 19.00 |
| વડોદરા | 34.00 | 19.00 |
| સુરત | 36.00 | 21.00 |

પેજ 5

PMS ડિસ્ટ્રિબ્યુટર્સ માટે APMIમાં ફરજિયાત નોંધણીની...

17 FEBRUARY-2024 SATURDAY

ઈમરાન ખાનની પાર્ટીએ ઓમર અયુબને PM પદના ઉમેદવાર તરીકે...

પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72426.64 | ▲ | 376.26 |
| નિફ્ટી | 22040.70 | ▲ | 129.90 |
| સોનું | 61500.00 | ▼ | 122.00 |
| ચાંદી | 71076.00 | ▼ | 045.00 |

વર્ષ-13 | અંક-093 | વિક્રમ સંવત-2080 | મહા સુદ-08 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

લગ્નમાંથી પરત ફરી રહ્યો હતો પરિવાર, પૂરઝડપે દોડતી સ્કોર્પિયો ટ્રકમાં ઘૂસી, ડૉક્ટર દંપતી અને પુત્રી સહિત 5એ ઘટના સ્થળે દમ તોડ્યો

# કચ્છના ડૉક્ટર પરિવારને રાજસ્થાનમાં નડ્યો અકસ્માત : 5ના મોત

### સમગ્ર કચ્છ પંથકમાં શોકનું મોજુ છવાઇ ગયું...

મહેશ એલ. સોની | માંડવી

રાજસ્થાનના બિકાનેરમાં સ્કોર્પિયો આગળ જતી ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેથી અકસ્માત થતાં ડૉક્ટર દંપતી, તેમની દોઢ વર્ષની પુત્રી સહિત બે પરિવારના પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. નોખા વિસ્તારના રાસીસર ગામ પાસે ભારતમાલા રોડ પર શુક્રવારે સવારે 5 વાગ્યે આ અકસ્માત થયો હતો. પાંચેય મૃતકો ગુજરાતના રહેવાસી હતા. લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા અકસ્માત બાદ પોલીસ અધિક્ષક તેજસ્વિની ગૌતમ અને અધિક પોલીસ અધિક્ષક ડો.પ્યારેલાલ શિવરન ઘટના સ્થળે પહોંચી ગયા હતા.



**સમગ્ર કચ્છમાં અરેરાટી વ્યાપી : કચ્છ માંડવીના તબીબ દંપતી સહિત પાંચ વ્યક્તિઓનું આજે રાજસ્થાનના નોખા ગામ નજીક માર્ગ અકસ્માતમાં કરુણ મોત થયાની ઘટના સામે આવી છે. બનાવના પગલે સમગ્ર કચ્છમાં અરેરાટી વ્યાપી છે. તબીબના અવસાનથી સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ છે. ડો પ્રતીક ચાવડાની મેડિકલ ક્ષેત્રની સેવા યાદ રહેશે.**

### ઊંઘના કારણે અકસ્માત થયો!

પોલીસના જણાવ્યા અનુસાર, એવું માનવામાં આવે છે કે સ્કોર્પિયો ચલાવનાર વ્યક્તિ ઊંઘી ગયો હતો, જેના કારણે આ કાર ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેથી કારમાં સવાર 5 લોકોના મોત થયા હતા. આ તમામ લોકો કારમાં જ ફસાઈ ગયા હતા. ફસાયેલા લોકોના મૃતદેહોને બહાર કાઢવા માટે ઘણી મહેનત કરવી પડી હતી.

### કાશ્મીરમાં મોજ, રાજસ્થાનમાં મોત



સ્કોર્પિયોમાં કચ્છના માંડવીના બે ડોક્ટર પરિવાર હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે એક વર્ષની બાળકી સહિત કારમાં સવાર પાંચે પાંચના ઘટનાસ્થળે જ મોત થઇ ગયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ આ બે પરિવારમાંથી એક પરિવારની દીકરી એક વર્ષની થતાં જન્મ દિવસની ઉજવણી કરવા કાશ્મીર ગયા હતા. જેનો પિતા-પુત્રીના પ્રેમનો વીડિયો પરિવારે ઈન્સ્ટાગ્રામમાં શેર કર્યો હતો. જે આજે તેઓનો અંતિમ વીડિયો બની ગયો છે...

### સ્કોર્પિયોનો ભુક્કો બોલી ગયો, પરિવારજનો અંદર ફસાઇ ગયાં

ટક્કર એટલી જોરદાર હતી કે, સ્કોર્પિયો સંપૂર્ણ રીતે કચડાઈ ગઈ હતી. તેમાં સવાર બે પરિવારના લોકો કારમાં જ ફસાઈ ગયા હતા. અકસ્માત બાદ ત્યાંથી પસાર થતા લોકોએ પોલીસને જાણ કરી હતી. એવું માનવામાં આવી રહ્યું છે કે, લાંબા સમય સુધી કોઈએ તેમની કાળજી લીધી ન હતી, કારણ કે ભારતમાલા પ્રોજેક્ટ પર વાહનોની વધુ અવર-જવર જોવા મળતી નથી. આ અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

### ડૉ.પ્રતીક, નિવૃત શિક્ષક દંપતીના એકના એક પુત્ર હતા



માંડવી બ્લોક હેલ્થ ઓફિસના મુખ્ય તબીબ ડો. પાસવાને જણાવ્યું કે, અમારા સહ કર્મચારીઓના આકસ્મિક અવસાનથી સ્ટાફ પરિવારમાં દુ:ખની લાગણી ફેલાઈ ગઈ છે. હેતલબેન માંડવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ દિવસથી ફરજ બજાવી રહ્યા હતા જ્યારે ડો પ્રતીક નજીકના ગોધરા ગામે પીએચસીમાં ફરજ બજાવતા હતા. બન્ને જણ ખુબજ આત્મીય અને નિખાલસ સ્વભાવ ધરવતા હતા. ડો પ્રતિકના માતા પિતા નિવૃત શિક્ષક તરીકે જીવન વિતાવે છે, તેમના એકના એક પુત્રનું અકાળે નિધન થતા સ્વાભાવિક તેમની માનસિક સ્થિતિ સમજી શકીએ છીએ. હાલ તો મેડિકલ સ્ટાફના લોકો મદદ માટે પરિજનો સાથે રાજસ્થાન ગયા છે. તમામ પ્રકારની બનતી સહાય થાય તેવા પ્રયાસો રહેશે.

### ભારત બંધની કેવી થઈ અસર?

# સ્કૂલો બજારો બંધ, પ્રદર્શન સ્થળમાં ફેરવાયા ટોલ પ્લાઝા



જલંધર | તા. 16

MSPની કાયદેસર ગેરંટી સહિત વિવિધ માંગણીઓ સ્વીકારવા સરકાર પર દબાણ લાવવા સંયુક્ત કિસાન મોરચા દ્વારા 'ભારત બંધ'ના આહ્વાનને ધ્યાનમાં રાખીને પંજાબમાં બસો રસ્તાઓ પરથી ખોવાઈ ગઈ હતી. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પંજાબમાં ઘણી જગ્યાએ બજારો અને વ્યાપારી સંસ્થાઓ પણ બંધ રહી હતી. ખેડૂતોએ ઘણી જગ્યાએ પ્રદર્શન કર્યું અને પઠાણકોટ, તરનતારન, ભટિંડા અને જલંધરમાં નેશનલ હાઈવે બ્લોક કરી દેવામાં આવ્યો હતો. પોતાની માંગણીઓ ન સ્વીકારવા બદલ ખેડૂતોએ કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. હરિયાણાના હિસારમાં હરિયાણા રોડવેઝના કર્મચારીઓએ ભારત બંધને સમર્થન આપ્યું હતું, જેના કારણે બસ સેવાઓ ઠપ થઈ ગઈ હતી.

### ટોલ પ્લાઝા પર વિરોધ પ્રદર્શન

ભારતીય કિસાન યુનિયન (ચઢૂની)ના સભ્યોએ હરિયાણાના ઘણા ટોલ પ્લાઝા પર વિરોધ પ્રદર્શન કર્યું અને અધિકારીઓ પર મુસાફરો પાસેથી ટોલ ટેક્સ વસૂલ ન કરવા દબાણ કર્યું. ભારતીય કિસાન યુનિયન (BKU)ના નેતા રાકેશ ટિકૈતે ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

### પંજાબ રોડવેઝે કેમ આપ્યું સમર્થન?

પંજાબ રોડવેઝ, પનબસ અને PRTC કોન્ટ્રાક્ટ વર્કર્સ યુનિયનો સંયુક્ત કિસાન મોરચાના બંધના આહ્વાનને સમર્થન આપી રહ્યા છે. તેઓ કેન્દ્રના પ્રસ્તાવિત હિટ એન્ડ રન કાયદાનો વિરોધ કરી રહ્યા છે. ખાનગી બસ સંચાલકો બસો નથી ચલાવી રહ્યા.

### લોકોને પડી રહી છે હાલાકી

ઘણા બસ સ્ટેશનો પર મુસાફરો પોતપોતાના મુકામે પહોંચવા માટે બસની રાહ જોતા જોવા મળ્યા હતા. બસો ન મળવાથી ખાસ કરીને વિદ્યાર્થીઓ અને ઓફિસ જનારાઓને અસુવિધાઓનો સામનો કરવો પડ્યો હતો.

# બંધ નહીં થાય પેટીએમ પેમેન્ટ બેન્ક, RBIએ આપી વધું 15 દિવસની રાહત

નવી દિલ્હી | તા. 16

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પેટીએમને મોટી રાહત આપી છે અને તેને 15 દિવસનો વધારાનો સમય આપ્યો છે. RBIએ પેટીએમને 15 માર્ચ સુધીનું 15 દિવસનું એક્સટેન્શન આપ્યું છે. આરબીઆઈની રાહત બાદ હવે પેટીએમ પેમેન્ટ બેંક પર લાગેલા નિયંત્રણો 15 માર્ચ સુધી રોકી દેવામાં આવ્યા છે.

બેંક (PPBL) દ્વારા ગ્રાહકો અને રેગ્યુલેટરી ઓથોરિટીની ચિંતા વ્યક્ત કર્યા બાદ RBI દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. '15 માર્ચ, 2024 પછી કોઈપણ ગ્રાહક ખાતા, પ્રીપેડ સાધનો, વૉલેટ, ફાસ્ટેગ, નેશનલ કોમન મોબિલિટી કાર્ડ વગેરેમાં વધુ જમા કે ક્રેડિટ ટ્રાન્ઝેક્શન નહીં થાય,' આરબીઆઈએ જણાવ્યું હતું. અથવા ટોપ અપની મંજૂરી આપવામાં

**કેન્દ્રીય બેંકે આ FAQ દ્વારા પેટીએમ પેમેન્ટ્સ બેંક સંબંધિત માહિતી આપી**

આવશે નહીં. જો કે, કોઈપણ વ્યાજ, કેશબેક, સ્વીપ ઈન અથવા ભાગીદાર બેંકો તરફથી રિફંડ વગેરે કોઈપણ સમયે જમા કરી શકાય છે.'

સેન્ટ્રલ બેંકે 31 જાન્યુઆરીએ નિર્દેશ આપ્યો હતો કે તે 29 ફેબ્રુઆરી, 2024 પછી કોઈપણ ગ્રાહક ખાતા, વોલેટ, ફાસ્ટેગ અને અન્ય સાધનોમાં થાપણો અથવા ટોપ-અપ્સ સ્વીકારવાનું બંધ કરે. આરબીઆઈએ કહ્યું હતું કે એક વ્યાપક સિસ્ટમ ઓડિટ રિપોર્ટ અને બાહ્ય ઓડિટર્સના વેરિફિકેશન રિપોર્ટમાં પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડના માર્ગદર્શિકાઓનું પાલન ન થવાનો સંકેત મળ્યો છે. જે બાદ સેન્ટ્રલ બેંક દ્વારા મામલાની તપાસ કરવામાં આવી રહી છે. RBI એ શુક્રવારે, ફેબ્રુઆરી 16, 2024 ના રોજ Paytm કટોકટીથી સંબંધિત FAQ બહાર પાડ્યા હતા.

## PMએ હરિયાણાના રેવાડીમાં વિકાસ કાર્યોનું ઉદઘાટન કર્યું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હરિયાણામાં રેવાડીમાં રૂ. 9750 કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા હતા. આ પ્રોજેક્ટ શહેરી પરિવહન, રેલવે અને પર્યટન સાથે સંબંધિત કેટલાંક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને પૂર્ણ કરે છે. મોદીએ આ પ્રસંગે પ્રદર્શિત થયેલા પ્રદર્શનોમાં પણ ભાગ લીધો હતો. તેમણે રેવાડીમાં 2013માં પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તેમના પ્રથમ કાર્યક્રમને યાદ કર્યો અને લોકોની શુભેચ્છાઓને યાદ કરી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, લોકોનાં આશીર્વાદ તેમનાં માટે બહુ મોટી સંપત્તિ છે.

## 6 મહિના સુધી હડતાલ પર પ્રતિબંધ, ઉલ્લંઘન કરશો તો ધરપકડ : UP સરકાર

લખનૌ | તા. 16



પંજાબ અને હરિયાણાના ખેડૂતોના આંદોલન વચ્ચે ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યમાં છ મહિના માટે હડતાલ પર પ્રતિબંધ લગાવ્યો છે અને ઉલ્લંઘન કરનારની વોરંટ વગર ધરપકડ કરવાની પણ જાહેરાત કરી છે. આ નિયમ રાજ્ય સરકાર હસ્તકના સરકારી વિભાગો, કોર્પોરેશનો અને ઓથોરિટી પર લાગુ થશે.

ઉલ્લેખનિય છે કે, ઉત્તર પ્રદેશ સરકારે અગાઉ પણ આવા નિર્ણયો કર્યા હતા. રાજ્ય સરકારે અગાઉ 2023માં છ મહિના માટે હડતાલ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. તે સમયે વીજળી વિભાગના કર્મચારીઓ હડતાલ પર ઉતરી આવ્યા હતા, જેના કારણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે (CM Yogi Adityanath) છ મહિના સુધી હડતાલ પર પ્રતિબંધ લગાવ્યો હતો.

### ઉત્તર પ્રદેશમાં એસ્મા એક્ટ લાગુ

અધિક મુખ્ય સચિવ કર્મિશ ડૉ.દેવેશ ચતુર્વેદીએ નોટિફિકેશન જાહેર કર્યું છે, જેમાં જણાવાયું છે કે, એસ્મા એક્ટ (આવશ્યક સેવાઓ વ્યવસ્થાપન અધિનિયમ) લગાવ્યા બાદ કોઈપણ કર્મચારી હડતાલ અથવા વિરોધ પ્રદર્શન કરશે તો તેની વોરંટ વગર ધરપકડ કરવામાં આવશે.

# યુપી STFએ ચાર ટાઈમ બોમ્બ સાથે યુવકની ધરપકડ કરી

### પૂછપરછ દરમિયાન મહિલાનું નામ સામે આવ્યું

મુઝફ્ફરનગર | તા. 16



ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે (STF) મુઝફ્ફરનગરના ખાલાપરમાંથી ચાર ટાઈમ બોમ્બ સાથે એક યુવકની ધરપકડ કરી છે. ઝડપાયેલો આરોપીનું નામ જાવેદ શેખ છે. તેની પાસેથી ચાર બોટલ ટાઈમ બોમ્બ મળી આવ્યા છે. હાલ એટીએસ અને એસટીએફની ટીમ આરોપીઓની પૂછપરછ કરી રહી છે, જેમાં એક મહિલાનું નામ સામે આવ્યું છે.

જાવેદ શેખ આ બોમ્બ સપ્લાય કરવા માટે ઈમરાના નામની મહિલાના સંપર્કમાં હતો. ઈમરાના મૂળ શામલીની છે અને હાલ મુઝફ્ફરનગરના ખાલાપરમાં રહે છે. ઈમરાનાની ગતિવિધિઓને પણ ખૂબ જ શંકાસ્પદ ગણાવવામાં આવી છે. માહિતી બાદ આરોપી જાવેદની એસટીએફએ ધરપકડ કરી હતી.

આરોપીએ ઘટસ્ફોટ કર્યો હતો કે, ખાલાપરની રહેવાસી મહિલા ઈમરાનાના કહેવાથી બોમ્બ બનાવ્યા હતા. હાલ તમામ ઈન્ટેલિજન્સ એજન્સીઓ અને એટીએસ આ બોમ્બ શેના માટે ઉપયોગમાં લેવાના હતા તે અંગે પૂછપરછ કરી રહી છે. આરોપીના કેટલાક સંબંધીઓ નેપાળમાં પણ રહેતા હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આરોપીને બોમ્બ બનાવવાની સારી જાણકારી છે.

### ઈમરાના ફરાર થઈ ગઈ

જાવેદ શેખની ધરપકડ બાદ ઈમરાના ફરાર થઈ ગઈ છે. હાલ એસટીએફ, એટીએસ અને અન્ય એજન્સીઓ ઈમરાનની શોધમાં લાગેલી છે. ઈમરાનની ધરપકડ બાદ જ સામે આવશે કે આ ટાઈમ બોમ્બનું શું થવાનું હતું.



# નાબાર્ડે નાણાકીય વર્ષ 2024-25 માં ગુજરાત માટે મહત્વાકાંક્ષી ₹3.53 લાખ કરોડની ધિરાણ ક્ષમતાનું અનાવરણ કર્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




ગુજરાતના મુખ્ય સચિવ, રાજ કુમાર, IAS એ 15 ફેબ્રુઆરી, 2024 ના રોજ નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-1, સચીવાલય, ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, નાબાર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા અત્યંત અપેક્ષિત સ્ટેટ ફોકસ પેપર 2024-25 નું અનાવરણ કર્યું હતું.

નાબાર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ વાર્ષિક દસ્તાવેજમાં ગુજરાત જેવા એક વાઈબ્રન્ટ રાજ્ય માં અગ્રતા ક્ષેત્રો માટે 3.53 લાખ કરોડની પ્રભાવશાળી ધિરાણ ક્ષમતા દર્શાવવામાં આવી છે. આ પ્રસંગે એ. કે. રાકેશ, IAS, અધિક મુખ્ય સચિવ, (ACS), ગુજરાત, વરિષ્ઠ બૅંક અધિકારીઓ, બિન-સરકારી સંગઠનો અને અન્ય હિતધારકો ઉપસ્થિત રહ્યા હતાં. રાજ્યના વિવિધ વિભાગો, બેંકો અને હિસ્સેદારો સાથેના સહિયારા પ્રયાસથી તૈયાર થયેલ સ્ટેટ ફોકસ પેપર સમારોહ નું મુખ્ય આકર્ષણ રહેતા વાતાવરણ ખુબજ ઉત્સાહ પૂર્ણ હતું. નાબાર્ડના ઝીણવટભર્યા વિશ્લેષણમાં કૃષિ અને આનુષંગિક ક્ષેત્રો માટે 1.42 લાખ કરોડ (40 ટકા), એમએસએમઇ ક્ષેત્ર માટે 1.80 લાખ કરોડ (51 ટકા) અને બાકીના 9 ટકાના ધિરાણની સંભવિતતા અન્ય અગ્રતા ક્ષેત્રો માટે દર્શાવવામાં આવી હતી. આ દૂરદેશી ધરાવતો દસ્તાવેજ માત્ર વર્તમાન ધિરાણ-શોષણ ક્ષમતાની રૂપરેખા જ નથી આપતો, પરંતુ વ્યૂહાત્મક ભાગીદારી અને નીતિગત હસ્તક્ષેપો દ્વારા તેને વધારવા માટેની વ્યૂહરચનાઓ પણ સૂચવે છે. રાજ કુમાર, IAS, મુખ્ય સચિવ, ગુજરાત સરકારે તેમના મુખ્ય વક્તવ્યમાં, ગુજરાત માટે સ્ટેટ ફોકસ પેપર 2024-25 ના અનાવરણ પર, નાબાર્ડની અન્ય નોંધપાત્ર ગ્રામીણ વિકાસ પહેલ જેમ કે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ(PACS) ના કોમ્પ્યુટરાઈઝેશનની સાથે નાબાર્ડની પ્રશંસા કરી હતી. તેમના સંબોધનમાં, રાજ કુમારે, બેંકરોને ખેડૂતોને નાના વેપારી સાહસો તરીકે જોવા અને રાજ્યના ખેડૂતોને તેમની સાહસિક કૌશલ્યમાં વધુ વિશ્વાસ મૂકીને ધિરાણ વધારવા પર ભાર મૂક્યો હતો. ગ્રામીણ ભારતની વિશ્વ બેંકના ભારતીયકૃત સંસ્કરણ તરીકે નાબાર્ડની પ્રશંસા કરતા, મુખ્ય સચિવે નાબાર્ડને રાષ્ટ્ર માટે 'નોલેજ બૅંક' તરીકે વિકસાવવા વિનંતી કરી. તેમણે આ પ્રયાસમાં નાબાર્ડને રાજ્ય સરકારના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

રાજ કુમારે ખેડૂતોના ક્ષમતા નિર્માણ માટે સરકારની યોજનાઓ સાથે નાબાર્ડના વિકાસલક્ષી યોજનાઓ વચ્ચે વધુ સંકલન કરવા માટે પણ આહ્વાન કર્યું હતું જેથી ખેડૂતો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ તેમના બજારનો વ્યાપ વધારી શકે. એ.કે. રાકેશ, IAS, અધિક મુખ્ય સચિવે નાબાર્ડના નાણાકીય વર્ષ 2024-25 માટે ગુજરાત માટે 3.53 લાખ કરોડની અગ્રતા ક્ષેત્રની ધિરાણ સંભવિતતાના અંદાજને ધ્યાનમાં રાખીને, બેંકરોને આ અંદાજિત ધિરાણ સંભવિતતા હાંસલ કરવા માટે પ્રયત્ન કરવા અપીલ કરી હતી. તેમણે નાબાર્ડ ગુજરાત પ્રાદેશિક કાર્યાલય દ્વારા રાજ્ય સરકાર સાથે મળીને કરેલ ગ્રામીણ સમૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવામાં અગ્રણી ભૂમિકા ભજવવાની પ્રશંસા કરી હતી. એ.કે. રાકેશે બેંકર્સને ધિરાણ સહાય માટે કૃષિ-ઇનોવેશનને અનુકૂળ વિચારણા કરવા પ્રોત્સાહિત કર્યા.

# અમદાવાદમાં બે નવા ફ્લાય ઓવરબ્રિજ માટે 185 કરોડ રૂપિયા ફાળવવાની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી


ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરમાં પાંજરાપોળ જંક્શન તથા પંચવટી જંક્શન પર બે નવા ફ્લાય ઓવર બ્રિજ બનાવવા માટે રૂ. ૧૮૫.૧૨ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદઅનુસાર, ૬૫૨ મીટર લંબાઈ સાથે ૧૭ મીટર પહોળો પાંજરાપોળ જંક્શન ફ્લાય ઓવર બ્રિજ નિર્માણ પામશે. આ માટે અંદાજે રૂ. ૮૬.૯૪ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી ભૂપેન્દ્ર પટેલે આપી છે. પંચવટી જંક્શન પરનો ફ્લાય ઓવર રૂ. ૯૮.૧૮ કરોડના ખર્ચે નિર્માણ કરાશે. તે ૭૭૯.૧૯ મીટર લંબાઈ ધરાવતો અને ૧૭ મીટર પહોળો બ્રિજ હશે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાય ઓવરબ્રિજ ઘટક અન્વયે સમગ્ર રાજ્યમાં ૭૫ ફ્લાય ઓવર બનાવવાની સામે અમદાવાદ મહાનગરમાં ૨૦ ફ્લાય ઓવર બનાવવાનો નિર્ણય કરવામાં આવેલો છે. રાજ્ય સરકારે અમદાવાદમાં આ પૈકીના ૭ ફ્લાય ઓવર બ્રિજ માટે રૂ. ૬૧૨.૮૬ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક અનુમતિ આપેલી છે. હવે અમદાવાદમાં બે નવા ફ્લાય ઓવર બ્રિજ માટેની મહાનગરપાલિકાએ કરેલી દરખાસ્ત શહેરી વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરવામાં આવતા તેમણે ૨૦૨૩-૨૪ના વર્ષમાં થયેલી જોગવાઈઓમાંથી રૂ. ૧૮૫.૧૨ કરોડ ફાળવવા સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે. રાજ્ય સરકારે શહેરોને આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવા લાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ સસ્ટેઈનેબલ અને કેપેબલ બનાવવા 'ઈઝ ઓફ લિવિંગ' પર ધ્યાન આપવાની નેમ રાખી છે. આ હેતુસર શહેરોમાં માર્ગો, પુલો, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડો સુદ્રઢ કરવા સહિતના શહેરી આયોજન અને વહીવટમાં ક્વોલિટેટીવ ચેન્જ માટે આ વર્ષના બજેટમાં શહેરી વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૨૧,૬૯૬ કરોડનું બજેટ ફાળવાયું છે. મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તેમજ શહેરી વિકાસ સત્તામંડળોમાં બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝના કામો વધુ સંગીન બનાવવા આ વર્ષના બજેટમાં રૂ. ૮૬૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરોના સર્વાંગી વિકાસ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ એટલે કે, ૨૦૨૬-૨૭ સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# જામનગર જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. 575 કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે- આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જામનગર જી.જી હોસ્પિટલ એક્સપાન્શન સંદર્ભે જણાવ્યું છે કે, જી.જી.હોસ્પિટલ પરિસરમાં રૂ. ૫૭૫ કરોડના ખર્ચે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણ પામશે. આ નવીન હોસ્પિટલ જામનગર સહિત પડોશી જીલ્લાના નાગરીકોની સુખાકારીમાં વધારો કરશે. ૧૧૫૦ પથારીની હોસ્પિટલમાં ૬૫૦ બેડ સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ અને ૫૦૦ બેડ માતૃ-બાળની સેવાઓ માટે ઉપલબ્ધ બનશે. નવીન હોસ્પિટલમાં ઓ.પી.ડી, આઈ.પી.ડી, રસીકરણ, ઈમરજન્સી સારવાર, આઈ.સી.યુ, ઓપરેશન, નિદાન, ડી.ઈ.આઈ.આર.સી. (ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન એન્ડ રીહેબિલિટેશન સેન્ટર), એન.આર.સી. (ન્યુટ્રીશનલ રીહેબીલીટેશન સેન્ટર), સ્પેશ્યલ વેલ બેબી કલીનીક, એડોલસંટ કલીનીક, વગેરે જેવી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. હોસ્પિટલ પરિસરમાં વર્ષોજૂના બાંધકામ તોડીને નવીન હોસ્પિટલ તૈયાર કરવાની પ્રક્રિયા આરંભવામાં આવી છે. હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ૨૧૪૫ બેડની સુવિધા ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૧ થી ૨૩ માં ૧૪.૭૦ લાખ દર્દીઓએ સારવાર મેળવી.૨૪.૩૯ લાખ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા . ૧૭,૩૦૭ સફળ પ્રસુતિ થઈ.

# ભારતમાં સૌપ્રથમવાર "સમુદ્રી સીમા દર્શન"નું ગાંધીનગરથી વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરાવતા પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



"કચ્છ નહીં દેખા તો કુછ નહી દેખા"ના મંત્રને સાકાર કરવા પ્રવાસનના હેતુથી કચ્છમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે. ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતના કચ્છ જિલ્લામાં કોટેશ્વર તીર્થધામ નજીક લક્કી નાલા વિસ્તારમાં આજથી "સમુદ્રી સીમાદર્શન"નો પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ આજે ગાંધીનગરથી વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને કચ્છ કલેકટર સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપી લક્કી નાલા વિસ્તારમાં પ્રથમ બોટ રાઈડની ફિઝિકલી શુભારંભ કરાવ્યો હતો. પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આપણું ગુજરાત રાજ્ય પાડોશી દેશ પાકિસ્તાન સાથે જમીન અને સમુદ્ર એમ બે પ્રકારે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે. ગુજરાત ટુરિઝમ દ્વારા ભૂ-સીમા નડાબેટ બાદ હવે કચ્છના અખાતમાં સરક્રિક પાસે આવેલ આંતર રાષ્ટ્રીય સીમા પાસે સમુદ્રી સીમા દર્શન પ્રોજેક્ટ થકી બોર્ડર ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાનું આયોજન કરાયું છે. મંત્રીએ કહ્યું હતું કે, કચ્છમાં આવતા પ્રવાસીઓ ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સમુદ્રી સરહદ વિશે જાણકારી મેળવે તેમજ અહીંની સરહદ પર તૈનાત આપણાં સીમા પ્રહરી એવા બીએસએફના જવાનોની કામગીરીથી પરિચિત થાય તે હેતુથી ભારતમાં પ્રથમ વખત આજથી "સમુદ્રી સીમાદર્શન"નો પ્રારંભ થયો છે. ભારતના કચ્છ જિલ્લામાં આવેલ કોટેશ્વર તીર્થધામ નજીક લક્કી નાલા વિસ્તાર જે આજદિન સુધી પ્રતિબંધિત હતો પણ આજથી હવે તે પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રોજેક્ટ થકી ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય બોર્ડરને જોડતા દરિયાઈ વિસ્તારમાં બોટ રાઈડનો પણ લાભ લઈ શકાશે તથા આ રીતે એડવેન્ચર ટુરિઝમની એક નવી પહેલ શરૂ થવા જઈ રહી છે. આ બોટ રાઈડનું સંચાલન મેરી ટાઈમ બોર્ડ દ્વારા કરવામાં આવશે. હાલના તબક્કે ૬ સિટર, ૧૨ સિટર અને ૨૦ સિટર આમ અલગ અલગ બોટ ફાળવવામાં આવી છે. જે પૈકી ૬ સીટરની એક બોટ આજથી સ્થળ પર પ્રવાસીઓ માટે કાર્યરત કરવામાં આવી છે. સમુદ્રની ભરતી-ઓટના સમયને ધ્યાને રાખીને આ બોટ-રાઈડ ચલાવવામાં આવશે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આગામી સમયમાં અહીં પ્રવાસીઓ માટે અનેક સુવિધાઓ વિકસાવવામાં આવશે.

# ખાનગી યુનિવર્સિટીઓ પર સંપૂર્ણ દેખરેખ અને નિયંત્રણ રાખવા ઉચ્ચ સ્તરીય સમિતીની રચના કરાઈ: શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



સાબરમતી યુનિવર્સિટી દ્વારા નાણાં લઈને પી.એચ.ડી.ની તેમજ અન્ય ઉચ્ચ ડીગ્રીઓ અને સર્ટીફીકેટ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે,ખાનગી યુનિવર્સિટીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે સરકાર કટિબદ્ધ છે. આ અંગે તપાસ કરવા ત્રણ સભ્યોની તપાસ સમિતિની નિમણુંક કરવામાં આવી હતી. જેના દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. આવી ગેરરીતિ આચરનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમની ડિગ્રી પાછી મેળવી તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાબરમતી યુનિવર્સિટી જેવી ખાનગી યુનિવર્સિટીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ માટેની જોગવાઈ સંદર્ભે પૂછાયેલા પુરક પ્રશ્નના જવાબમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત-ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ હેઠળ ખાનગી યુનિવર્સિટીની અસરકારક દેખરેખ અને નિયંત્રણ માટે શિક્ષણ વિભાગ દ્વારા બે સમિતીની રચના કરવામાં આવી છે. જેમાં (૧) ઉચ્ચ સ્તરીય એપેક્ષ કમિટી અને (૨) દેખરેખ નિરીક્ષણ, સમીક્ષા, અને તપાસણી સમિતિની રચના કરવામાં આવી છે. જે તમામ ખાનગી યુનિવર્સિટીઓ પર સંપૂર્ણ દેખરેખ અને નિયંત્રણ રાખી રહી છે.

# આર્ટસ કોલેજ મોડાસામાં સ્વરોજગાર તાલીમ યોજાઇ



રાકેશ મહેતા. ધનસુરા

આર્ટસ કોલેજ મોડાસામાં ગૃહવિજ્ઞાન વિભાગ દ્વારા આચાર્યશ્રી ડૉ.દિપકભાઈ જોષી ના માર્ગદર્શનથી કોલેજની વિદ્યાર્થીઓ માટે સ્વરોજગાર માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જુદા જુદા પ્રકારની કેન્ડલ, જુદી જુદી જાતના બાથસોપ,શ્રીફળ ડેકોરેશન, કોલ્ડક્રીમ, બામ, એમ્બ્રોઇડરી, પગલુછણીયુ, બાંધણી, બાટિક,બુકે વગેરે બનાવવાની તાલીમ આપવામાંઆવી 50 જેટલી વિદ્યાર્થીનીઓએ તાલીમ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો. ડો.જયશ્રીબેન દેસાઈ એ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા પ્રા. પુષ્પાબેન ગરાસીયા, કોકીલાબેન પટેલ અને ડો.પિયુષભાઈ સિંહ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

# રાજ્યવ્યાપી વેચાણના રેકેટનો પર્દાફાશ કરતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : ગુજરાત ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું કે, રાજ્યના નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં દવાના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે અને ગેરકાયદેસર - બનાવટી દવાના વેચાણમાં સંકળાયેલ ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યની અન્ય વધુ પેઢીઓમાં પણ તપાસનો ધમધમાટ ચાલુ છે.

# લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે ઉમેદવાર માટેના ખર્ચના દર નક્કી કરવા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અન્વયે ચૂંટણીમાં ભાગ લઈ રહેલા ઉમેદવારોના ખર્ચ માટે જરૂરી ચીજવસ્તુઓના દર નક્કી કરવા ગાંધીનગરના જિલ્લા કલેકટર એમ. કે. દવેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. આગામી લોકસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી તેમજ પારદર્શિતાથી યોજાય તે સંદર્ભે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કામગીરી હાથ ધરાઈ રહી છે.

જેના અનુસંધાને તાજેતરમાં ઉમેદવાર દ્વારા ચૂંટણી સંદર્ભે કરવામાં આવતા ખર્ચ માટે જરૂરી ચીજવસ્તુઓના દર નક્કી કરવા ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે નાયબ ચૂંટણી અધિકારી પાર્થ કોટડીયાએ પણ ઉમેદવારોના ખર્ચ અંગે જરૂરી વિગતો આપી હતી.

# અમદાવાદમાં ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત કેન્સર સોસાયટી દર્દીઓની શ્રેષ્ઠ સારવાર, કેન્સર વિષયમાં શ્રેષ્ઠ શિક્ષણ અને કેન્સર ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધન કરી રહી છે. સાથોસાથ સમાજે પણ કેન્સર ન થાય તે માટે વિશેષ સજાગતા કેળવવાની જરૂર છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે અમદાવાદમાં ગુજરાત કેન્સર સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલ અને વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લેતાં કહ્યું હતું કે, આપણા ખાનપાન અને આપણી જીવનશૈલીને કારણે કેન્સર જેવા મહારોગોનો વિસ્ફોટ થયો છે. કેન્સરની સારવારની સાથેસાથ કેન્સર ન થાય તે માટે જનજાગૃતિ કેળવવાની અત્યંત આવશ્યકતા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, આધુનિક ટેકનોલોજી, સંસાધનો અને સાધનોની સહાયથી ગુજરાત કેન્સર સોસાયટી કેન્સરના દર્દીઓને અને તેમના પરિવારજનોને ઓછામાં ઓછું કષ્ટ પડે એ પ્રકારે નિસ્વાર્થ ભાવે માનવતાની મોટી સેવા કરી રહી છે. માત્ર ગુજરાત જ નહીં, ભારતભરના લોકો તેનો લાભ મેળવી રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, ભારતમાં વર્ષ-૨૦૨૨માં કેન્સરના ૧૪ લાખથી વધુ દર્દીઓ હતા. વર્ષ-૨૦૨૩માં આ આંકડો ૧૫ લાખે પહોંચ્યો છે. તે પૈકી ગુજરાતમાં કેન્સરના ૭૩ હજાર દર્દીઓ છે. બીમારીના ઉપચારની સાથોસાથ તે ન થાય તેના ઉપાયો પણ વિચારવા જોઈએ. આપણે પર્ણોને પાણી સિંચ્યા કરીએ છીએ, ખરેખર તો મૂળમાં પાણી આપીએ તો પર્ણો સુધી પહોંચવાનું જ છે. આપણા ખાનપાન અને આપણી જીવનશૈલી સુધારીશું તો કેન્સર, ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવા રોગોને થતા જ અટકાવી શકીશું. વૈજ્ઞાનિક સંશોધનો અને અભ્યાસોના તારણને ટાંકતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, અનાજની હાઈબ્રીડ જાતો અને રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓના વધારે પડતા ઉપયોગને કારણે આપણા ખાદ્યાન્નમાંથી ૪૫% પોષક તત્વો ગાયબ છે. વધુ ઉત્પાદન મેળવવાની લ્હાયમાં આપણે પોષક તત્વો ગુમાવ્યા છે. એટલે જીવલેણ રોગોનું આક્રમણ વધ્યું છે.

JM FINANCIAL

જે એમ ફાઈનાન્સિયલ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ.
કોર્પોરેટ આઈડેન્ટીફાય નંબર:- U67190MH2007PLC74287
રજિસ્ટર્ડ ઓફિસ સરનામું :- 7 મો માળ, સેનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400025.
ટેલિફોન :- +91 22 6630 3030, ફેક્સ :- +911 22 6630 3223 www.jmfinancialarc.com

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની કલમ 13(2) હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002ના નિયમ 3(1) સાથે વાંચવામાં આવે છે. પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે (અગાઉ દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે જાણીતું) એક પૂલ સોંપ્યો છે. ધિરાણ (નીચે દર્શાવેલ લોન સહિત) અંતર્ગત સુરક્ષા વ્યાજ સાથે આથી બનાવવામાં આવેલ તમામ અધિકારો, શીર્ષક અને તેના પરના વ્યાજ સાથે સિક્યોરિટાઈઝેશન અને નાણાકીય અસ્કયામતોના પુનર્નિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ 2002 (SARFAESI) ના કલમ 5(1)(b) હેઠળ અધિનિયમ) JMFARC(JM) ની તરફેણમાં 29 માર્ચ 2023 (અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ)ની તારીખના અસાઈનમેન્ટ/કરાર દ્વારા (અહીં હસ્તાક્ષરિત તરીકે ઉલ્લેખિત છે).નીચે હસ્તાક્ષરિત (JM) ના અધિકૃત અધિકારીઓ છે જે સિક્યોરિટાઈઝેશન અને નાણાકીય સંપત્તિના પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ 2002 (ઉક્ત અધિનિયમ) ના અમલીકરણ હેઠળ સોંપવામાં આવે છે. સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો 2002 ના નિયમ 3 સાથે વાંચવામાં આવેલા ઉક્ત અધિનિયમની કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાઓની કવાયતમાં, અધિકૃત અધિકારીઓએ ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે. નીચેના ઋણ લેનારાઓ (ઉધાર લેનારાઓ) તેમને આપવામાં આવેલી સંબંધિત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે જે નીચે પણ આપવામાં આવી છે. ઉપરોક્ત સંબંધમાં, નોટિસ આથી, ફરી એકવાર, કથિત ઋણ લેનારાઓને આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, JM ચૂકવવા માટે આપવામાં આવે છે, નીચે દર્શાવેલ રકમો, ઉપર જણાવેલ ડિમાન્ડ નોટિસમાં વિગત મુજબ વધુ વ્યાજ સાથે, ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી નીચે ઉલ્લેખિત તારીખો, લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર અન્ય દસ્તાવેજો/લેખન સાથે વાંચવામાં આવે છે, જો કોઈ હોય તો, ઉધાર લેનારાઓ દ્વારા ચલાવવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની અસ્કયામતો અનુક્રમે ઉધાર લેનારાઓ દ્વારા JM પાસે ગીરો રાખવામાં આવી છે.

| ઉધાર લેનારા(ઓ) / જામીનદાર(ઓ)ના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ એનપીએ તારીખ સાથે | સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|
| લોન કોડ નંબર :- 03100013622 શાખા નું નામ :- અમદાવાદ) M/S સુનહિલ સિરામિક (ઉધાર લેનાર) વિરેન્દ્ર ત્રંબકલાલ જાની (સહ ઉધાર લેનાર 1) મનોજ ટી જાની (સહ ઉધાર લેનાર 2) જાની દિપ્તીબેન વી (જામીનદાર 1) | 30-01-2024 / રૂ. 8745019 /-( રૂ. સિત્યાસી લાખ પીસતાળીસ હજાર ઓગણીસ માત્ર) એનપીએ 11-05-2023 | R.s.No.20/p, સુનહિલ સિરામીક, અમરાપાર R.s.No.20/p, એનખરસેનીટરી વેર પ્રાઈવેટ લિમિટેડ પાસે, તરનેતર રોડ, અમરાપર, (થાનગઢ) સુરેન્દ્રનગર ગુજરાત 363530 |
| લોન કોડ નંબર :- 03100013839 શાખા નું નામ :- અમદાવાદ) M/S શ્રી પ્રમુખ મોટર્સ (ઉધાર લેનાર) પરેશ વી પટેલ (સહ ઉધાર લેનાર 1) પટેલ રાધાબેન પરેશકુમાર ( સહ ઉધાર લેનાર 2) | 30-01-2024 / રૂ. 4162654 /-( રૂ. એકતાલીસ લાખ બાસઠ હજાર છસો ચોપ્પન માત્ર) એનપીએ 09-11-2023 | 1- અપર લેવલ વેણુ ગોપાલ કોમ્પ્લેક્સ મીઠાખળી છ રસ્તા અમદાવાદ ગુજરાત 380006 |

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ ઉપરોક્ત મુજબ JM ને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો JM અધિનિયમની કલમ 13(4) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે આગળ વધશે, સંપૂર્ણપણે ખર્ચ અને પરિણામોના જોખમે ઉધાર લેનારાઓના જોખમો પર. ઉપરોક્ત અસ્કયામતો, વેચાણ, ભાડાપટ્ટે અથવા અન્યથા જેએમની પૂર્વ લેખિત સંમતિ વિના ટ્રાન્સફર કરવા માટે આ અધિનિયમ હેઠળ ઉધાર લેનારાઓ પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તેનું ઉલ્લંઘન કરે છે અથવા તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તે અધિનિયમ હેઠળ પૂરી પાડવામાં આવેલ કેદ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખ :- 17-02-2024
સ્થાન :- ગુજરાત

અધિકૃત અધિકારી
જેએમ ફાઈનાન્શિયલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ,
અરણ્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરવું

## રાજ્યના યુવાધનને રોજગારી આપવામાં ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે

# ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસને કારણે રાજ્યમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ: શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસને કારણે રાજ્યમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થયું છે. રાજ્યના યુવાધનને રોજગારી આપવામાં ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે. મંત્રીએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૧,૦૮૬ ભરતીમેળાના આયોજન થકી ૧૫.૨૧ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકારનું 'અનુબંધમ પોર્ટલ' નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે.

આ પોર્ટલમાં હાલની સ્થિતિએ ૩ લાખથી વધુ ઉમેદવાર તથા ૪૭,૦૦૦થી વધુ નોકરીદાતાઓ નોંધાયા છે. મંત્રી રાજપૂતે કૌશલ્ય વિકાસ પર ભાર મૂકતાં કહ્યું કે, નવી ટેકનોલોજી, નવા સેવાકીય સેક્ટર અને વૈશ્વિક બજારમાં કુશળ વર્કફોર્સની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે યુવાધનને તાલીમબદ્ધ કરવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યના યુવાધનનો શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસ કરવા માટે ભવિષ્યલક્ષી આયોજન કરવું એ અમારી સરકારની નેમ છે. તેમણે કહ્યું કે, કૌશલ્ય વિકાસ ક્ષેત્રે ગુજરાતને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટીય કક્ષાએ પ્રથમ હરોળમાં લાવવા આ વર્ષે બજેટમાં કૌશલ્ય વિકાસ માટે રૂ. ૫૬૮ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત ભવિષ્યમાં સેમિકન્ડક્ટર હબ બનવા જઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગ અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા 'કૌશલ્યા : ધ સ્કીલ યુનિવર્સિટી' ખાતે વ્યાપક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવા માઈક્રોન કંપની સાથે રાજ્ય સરકારે એમઓયુ કર્યા છે. મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનની દીર્ઘદ્રષ્ટાથી શરૂ કરાયેલી 'કૌશલ્યા : સ્કીલ યુનિવર્સીટીની' હેઠળ ન્યુ એઈજ સ્કીલ આધારિત ૬ વિદ્યા શાખા શરૂ કરવામાં આવી છે. આ વિદ્યા શાખા હેઠળ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ ૧૨૦ જેટલા વિવિધ અભ્યાસક્રમો અંતર્ગત વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરી રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. કૌશલ્યા : ધ સ્કિલ યુનિવર્સિટીએ ડ્રોન ઉત્પાદન અને ડ્રોન તાલીમ માટે "ડ્રોન મંત્રા" લેબોરેટરી પણ વિકસાવી છે. ડ્રોન ક્ષેત્રના વિકાસને ધ્યાને લઈ ડ્રોન પાયલટ ટ્રેનિંગને વેગ આપવા રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન ખાતે ડ્રોન ઈન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ભ્રષ્ટાચારનું ગાબડું: 20 કરોડના ખર્ચે બનેલો બ્રિજ તકલાદી હોવાનું સામે આવ્યું : અચાનક ગાબડું પડતાં વાહનચાલકો ફસાયા

# 30 વર્ષનું આયુષ્ય હોવાનો દાવો હતો પણ 3 મહિનામાં જ બ્રિજ પર ગાબડાં

ડભોઇ |ડભોઇ સરિતા ક્રોસિંગ ઉપર 3 માસ પૂર્વે જ ખુલ્લો મૂકવામાં આવેલો બ્રિજમાં ભ્રષ્ટાચારનું ગાબડું પડ્યું હતું. મોડી રાત્રે ભારે વાહન બ્રિજ ઉપરથી પસાર થતા બ્રિજની મધ્યમાં બે સ્પામ વચ્ચે ઉપરની સાઈડથી ગાબડું પડતા સંખ્યાબંધ વાહનચાલકો ફસાયા હતા. જોકે સમયસૂચકતા સાથે તમામ વાહનોને પસાર કરી વાહન વ્યવહાર ડાઈવર્ટ કરવાની ફરજ પડી હતી. તંત્રને જાણ થતાં જ મોડી રાતથી મરામતની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી જે બપોર બાદ પૂર્ણ થતાં સાંજે છ વાગ્યા બાદ વાહનવ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે અંદાજિત 20 કરોડના ખર્ચે બનેલા આ બ્રિજનું આયુષ્ય 30 વર્ષનું છે અને ત્રણ મહિનામાં જ તકલાદી કામગીરીએ પોત પ્રકાશ્યું છે ત્યારે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે શું કાર્યવાહી કરાય છે તેની પર સૌની નજર છે. ડભોઇ સરિતા ફાટક પાસેનો રેલવે ઓવરબ્રિજ બબ્બે વખત ચકાસણી કર્યા બાદ ચાલુ કરતા તકલાદી કામગીરીના કારણે મધ્ય ભાગનો પાટો માત્ર 3 મહિનામાં જ છૂટો પડી જવાની ઘટના બની હતી. એલસી 19 સરિતા ફાટક બ્રિજ જે કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવ્યો છે જેનું આયુષ્ય 30 વર્ષ સુધીનું છે.

આ બ્રિજ તારીખ 11-11-2023થી શરૂ કરવામાં આવ્યો હતો અને 14 ફેબ્રુઆરી-24ના રોજ પુલનો જોઈન્ટ છૂટો પડી જતાં ગાબડું પડી ગયું હતું. જેના પગલે વાહનવ્યવહાર ગત રાત્રેથી બંધ કરી ડાઈવર્ટ કરવામાં આવ્યો હતો. બ્રિજ ઉપર વાહનવ્યવહાર બંધ કરી વડોદરા-ડભોઇ વચ્ચે વાહનવ્યવહાર વેગા ચોકડીથી મહુડી ભાગોળ ડાઈવર્ટ કરવામાં આવ્યો હતો જેના પગલે શહેરમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાઇ હતી. મુખ્યમંત્રી સ્તરે ફરિયાદ કરવામાં આવી હતી ડભોઇ સરિતા ફાટક પાસેના રેલવે ઓવરબ્રિજ બબ્બે વખત ચકાસણી કર્યા બાદ ચાલુ કર્યો હતો.

ડભોઇ ધારાસભ્યે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત જાણ કરી જણાવ્યું હતું કે એલસી 19 સરિતા ફાટક બ્રિજ અવધૂત પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડે બાંધેલા આ એક તરફના બ્રિજનું આયુષ્ય 30 વર્ષ સુધીનું છે. બ્રિજ તારીખ 11. 11. 2023થી શરૂ કરવામાં આવ્યો હતો.જે ગત રાત્રે એક્સપેન્શન જોઈન્ટ છૂટો પડી ગયો હતો. જે અંગે ધારાસભ્ય શૈલેશભાઈ મહેતાએ મુખ્યમંત્રીને લેખિત પત્ર મોકલી કોન્ટ્રાક્ટર સામે કાયદેસર પગલાં ભરવા જણાવ્યું છે.



# ગોધરામાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ, 3 ફેક્ટરી ઝપટમાં, મોડી રાત સુધી બેકાબૂ

વડોદરા | ગોધરાના ધોળાકૂવા વિસ્તારમાં ગુરુવારે બપોરે 3 વાગ્યાના અરસામાં સ્ક્રેપ પ્લાસ્ટિકના ગોડાઉનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. સ્ક્રેપ ગોડાઉનની આગ ફેક્ટરીના મટિરિયલ ગોડાઉન સુધી ફેલાતાં તે પણ ઝપટમાં આવી ગયું હતું. આ ઘટનાની જાણ થતાં ગોધરા નગર પાલિકાના ફાયરબ્રિગેડના ફાયર ફાઈટરોએ આગને કાબૂમાં લેવા સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.સિમેન્ટના ગોડાઉન સહિત બાજુની બે ફેક્ટરી પણ આગની ઝપટમાં આવી ગઈ હતી.જોકે રાતના 8 વાગ્યા સુધીમાં આગ કાબૂમાં આવી નહોતી. જ્યારે ગોધરા પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓ પણ સ્થળ પહોંચી ગયા હતા.

ગોધરાના ધોળાકૂવામાં પવન પેકેજિંગ લિમિટેડ ફેક્ટરીના સ્ક્રેપ પ્લાસ્ટિક ગોડાઉનેમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આ અંગે ગોધરા પાલિકાના ફાયરબ્રિગેડને જાણ કરાતાં લાશ્કરોએ પહોંચી પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આગ કાબૂમાં ન આવતાં JCB મશીનથી ગોડાઉનની દીવાલો તોડીને પાણીનો મારો ચલાવ્યો હતો. ગોડાઉનમાં પ્લાસ્ટિક સ્ક્રેપ હોવાનું માલિકે જણાવ્યું હતું. આગ વિકરાળ હોવાથી તેને કાબૂમાં લેવા માટે કેમિકલયુક્ત ફોમનો મારો ચલાવાઈ રહ્યો છે.

સતત અઢી કલાક પાણીનો મારો ચલાવ્યો છતાં પણ આગ કાબૂમાં આવી નથી. આગના કારણે સિમેન્ટના ગોડાઉન સહિત બાજુની બે ફેક્ટરી પણ ઝપટમાં આવી ગઈ હતી. ભારે પવનથી આગ બેકાબૂ થવાના કારણે ગોધરા ફાયરબ્રિગેડ દ્વારા ગ્રોસરી સ્ટોરની ફાયર સિસ્ટમની સાથે હાલોલ, કાલોલ અને શહેરાના ફાયરબ્રિગેડને ઘટનાસ્થળ ઉપર બોલાવાયા હતા, આગના બનાવના કારણે ગોધરા પ્રાંત અધિકારી, મામલતદાર, નગર પાલિકા પ્રમુખ, MGVCLની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

ધોળાકૂવા ખાતે પ્લાસ્ટિકના સ્ક્રેપ ગોડાઉનમાં લાગેલી આગ બેકાબૂ બની હતી અને પવનથી આગ આસપાસના ગોડાઉનમાં પ્રસરી હતી. સ્ક્રેપ ગોડાઉનની આગે આખી ફેક્ટરીને ઝપટમાં લીધા બાદ બાજુમાં આવેલા સિમેન્ટ ગોડાઉન સહિતનાં 2 ગોડાઉનમાં પણ ફેલાઈ હતી. સ્થળ પર હાજર ગોધરા મામલતદારે સુરક્ષાના ભાગરૂપે ફેક્ટરી પાસે આવેલો ગ્રોસરી સ્ટોર બંધ કરવાનો આદેશ કરતાં ખરીદી કરવા આવેલા ગ્રાહકોને બહાર કાઢીને સ્ટોર બંધ કરી દેવામાં આવ્યો હતો. પવન પેકેજિંગ ફેક્ટરીમાં લાગેલી આગ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. ગોધરા ફાયરબ્રિગેડના 15 જેટલા ફાઈટરોથી પાણીનો મારો ચાલુ કર્યો છતાં આગ બેકાબૂ બનતાં ગોધરા ફાયર વિભાગે મેજર કોલ જાહેર કરીને લુણાવાડા, સંતરામપુર, હાલોલ, કાલોલ, વણાકબોરી તેમજ હાલોલ જીઆઈડીસીની ખાનગી કંપનીના ફાયર ફાઈટરોને બોલાવાયા હતા.

# તરુણીનું અપહરણ કરી દુષ્કર્મ આચરી પ્રેમી પરત મૂકી ગયો



રાજકોટ | કુવાડવા તાબેના સોખડાના વાડી વિસ્તારમાં ખેતમજૂરી કરતા પરિવારની 16 વર્ષની પુત્રી 10 દિવસ પહેલાં ભેદી રીતે ગુમ થઇ ગઇ હતી. પુત્રીની બે દિવસ સુધી બધે તપાસ કરી હતી તેમ છતાં કોઇ ભાળ મળી ન હતી. દરમિયાન ભેદી રીતે ગુમ થયેલી પુત્રી અચાનક પરત ઘરે આવી હતી. બે દિવસથી ઘરે આવી ગયા બાદ ગુમસુમ રહ્યાં કરતી હતી. ક્યાં ગઇ હતી તે સહિતનું અનેક વખત પૂછવા છતાં તે કંઇ બોલતી ન હતી. બાદમાં પુત્રીને ફોસલાવી ક્યાં ગઇ હતી તે અંગે પૂછપરછ કરતા તેને જણાવ્યું કે, વીંછિયા તાબેના છાસિયા ગામે રહેતા જય રઘુ ચુડા (ઉ.વ.22) સાથે ઓળખાણ હોય તેને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. રઘુ તેની સાથે લઇ ગયા બાદ પોતાને ભાવનગર રોડ પર આવેલી હોટેલ પર લઇ ગયો હતો. જ્યાં બે દિવસ રોકાયા હતા. રોકાણ દરમિયાન રઘુએ પોતાની સાથે મરજી વિરુદ્ધ બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું. હોટેલમાં બે દિવસ રોકાયા બાદ રઘુ પોતાને પરત મૂકીને જતો રહ્યો હોવાની વાત કરી હતી. 16 વર્ષની તરુણવયની પુત્રીની વાત સાંભળી પરિવારજનોના પગ નીચેથી જમીન ખસી ગઇ હોય તેવો ઘાટ સર્જાયો હતો. પીઆઇ બી.ટી.અકબરીએ અપહરણ, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી જાતે લખીને પરીક્ષા આપશે

# ગુજરાત બોર્ડમાં પ્રથમવાર સુરતના 2 અંધ સ્ટુડન્ટ રાઇટરની મદદ નહીં લે

સુરત | શું કોઈ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી રાઈટરની મદદ વગર જાતે લખીને પરીક્ષા આપી શકે?, જી...હા આજના ટેક્નોલોજીના જમાનામાં આ પણ શક્ય છે. ગુજરાત બોર્ડમાં પ્રથમવાર સુરતના 2 અંધ વિદ્યાર્થી કોઈ પણની મદદ વગર પોતાની જાતે જ ધોરણ-12ની પરીક્ષા આપશે. આ બે વિદ્યાર્થી ટોપ ડેક નામના સોફ્ટવેરની મદદથી લેપટોપ પર પરીક્ષા આપશે. ગુજરાત બોર્ડમાં પ્રથમવાર કોઈ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીએ રાઈટર વિના પરીક્ષા આપવાની તૈયારી દર્શાવી હતી. જેના માટે ગુજરાત બોર્ડમાં એપ્લિકેશન કરાઇ હતી. જેને મંજૂરી મળી ગઇ છે. ત્યારે હવે માર્ચ મહિનામાં આવનારી બોર્ડ પરીક્ષામાં બે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી ઓનલાઇન મોડમાં બેસશે. અને તેમણે અડધો કલાક વધારેનું પેપર રહેશે.

**મોતિયાના ઓપરેશન પછી આનંદે દૃષ્ટિ ગુમાવી**

ભટાર વિસ્તારમાં રહેતો આનંદ ભાલેરાવ સુરતની ઘોડદોડ રોડ સ્થિત આવેલી અંધજન સ્કૂલમાં ધોરણ 12માં અભ્યાસ કરે છે. આનંદ જન્મથી જ બંને આંખોની સમસ્યાથી પીડિત છે. જ્યારે તે સાતમા ધોરણમાં ભણતો હતો, ત્યારે તેણે મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું, બાદ તેણે બંને આંખોની દૃષ્ટિ સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી.



પરંતુ આ નબળાઈ આનંદ માટે જીવનભરની નબળાઈ બની શકે છે, આથી દ્રઢ નિર્ધાર સાથે આનંદે તેની દ્રષ્ટિ બાધાને તેના જીવનના માર્ગમાં આવવા દીધી નથી.

**સિયા પણ 100 ટકા પ્રજ્ઞાચક્ષુ**

ડભોલી વિસ્તારમાં સિયા બોદરા પરિવાર સાથે રહે છે. સિયા પ્રજ્ઞાચક્ષુ છે અને છેલ્લા 12 વર્ષથી અંધજન સ્કૂલમાં અભ્યાસ કરે છે. પરિવારમાં સિયા સિવાય બધા સભ્યો નોર્મલ છે. જોકે, પરિવાર સિયાને તમામ બાબતમાં સપોર્ટ કરે છે. અભ્યાસ બાબતે પરિવારના સપોર્ટથી હવે ધોરણ 12ની બોર્ડની પરીક્ષા રાઈટર વિના આપવા જઈ રહી છે.

# કારખાનાની લિફ્ટમાં માથું ફસાઇ જતાં મહિલાનું મોત



રાજકોટ | શહેરની ભાગોળે વાવડીમાં આવેલા કારખાનાના માલસામાનની લિફ્ટમાં માથું ફસાઇ જતાં મહિલા શ્રમિકનું મોત નીપજ્યું હતું. ફસાયેલા મૃતદેહને ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢ્યો હતો. શહેરના 150 ફૂટ રિંગ રોડ પર પુનિતનગર પાણીના ટાંકા પાસેની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા ગીતાબેન રમેશભાઇ દયાતર (ઉ.વ.42) વાવડીના મારુતિ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલા એડિશનપ્રાઈઝ નામના કારખાનામાં કામ કરતા હતા. ગુરુવારે સવારે ગીતાબેન કારખાનામાં માલસામાનની લિફ્ટમાં કારખાનાનો સામાન ભરીને કારખાનાના ઉપરના માળે મૂકવા જઇ રહ્યા હતા.

પ્રથમ માળ અને બીજા માળ વચ્ચે ખુલ્લી લિફ્ટ પહોંચી હતી ત્યારે તેમાં ઊભેલા ગીતાબેને લિફ્ટમાંથી મોઢું બહાર કાઢી નીચે જોતા જ લિફ્ટ ઉપર પહોંચી ગઇ હતી અને લિફ્ટ તથા દીવાલની વચ્ચે ગીતાબેનનું માથું ફસાઇ ગયું હતું. લિફ્ટમાં ફસાયેલા મૃતદેહને ફાયર બ્રિગેડના જવાનોએ કાઢી પોલીસને સોંપ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, ગીતાબેન બે સંતાનના માતા હતા, તેમના પતિનું અવસાન થયા બાદ ગીતાબેન કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગીતાબેનના મૃત્યુથી તેના સંતાનો નોધારા બની ગયા હતા. માલસામાન માટે મુકવામાં આવેલી લિફ્ટનું લાઇસન્સ મેળવવામાં આવ્યું હતું કે કેમ?, લિફ્ટના નિયમોનું પાલન કરાયું હતું કે કેમ તે સહિતના મુદ્દે પોલીસે તપાસ શરૂ કરી હતી.

# ઘરમાં મેલું છે વિધિ કરાવવી પડશે એવા બહાને ભુવા સહિત 7 શખ્સે પરિણીતા પર દુષ્કર્મ આચર્યું

અમરેલી | રાજકોટની એક મહિલાના પતિ સાથે છુટાછેડા થયા બાદ વિસમ સ્થિતિમા ફસાઇ હોય અમરેલીના શખ્સે તેને મેલી વિદ્યાના બહાને ફસાવી તેના પર દુષ્કર્મ આચરી તેના છ સાથીદારોએ પણ દુષ્કર્મ આચરી તાંત્રિક વિધીના બહાને રૂપિયા ત્રણ લાખથી વધુની રકમ પડાવી ધમકીઓ આપતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. બનાવ અંગે રાજકોટમા ધરમનગરમા રહેતી 22 વર્ષીય એક મહિલાએ અમરેલીના મુકેશ ભેસાણીયા અને તેની પત્ની રાધિકા ઉપરાંત વિસાવદરના સુનીલ રાવળદેવ, દિનેશ રીબડીયા અને એક અજાણ્યો ભુવો તથા રાજકોટની ભારતી પ્રકાશ ગોંડલીયા સામે અમરેલી તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.

જેમા તેણે જણાવ્યું હતુ કે તેને સંતાનમા ત્રણ વર્ષનો દીકરો છે. અને પતિ સાથે છુટાછેડા થયા બાદ માવતરે રહેતી હતી. માતા પિતા વચ્ચે પણ અણ બનાવ થતા પરિસ્થિતિ વિપરીત બની હતી. યુવતીની માતાએ આ અંગે તેની બહેનપણીને વાત કરતા બહેનપણી ભારતીએ અમરેલીમા રહેતા જમાઇ મુકેશ પાસે બે મોહિની છે જેથી દીકરીને તેની પાસે મોકલવા કહ્યું હતુ. આ યુવતી અમરેલી આવતા મુકેશે તેને તાંત્રિક વિધિમા ફસાવી હતી. માથે મેલુ છે અને અઘરૂ કામ છે એકલાથી નહી થાય તેમ કહી વિસાવદરના ભુવા અને અન્યને સામેલ કર્યા હતા અને વિધીના બહાને 3.13 લાખની રકમ પડાવી હતી. એટલુ જ નહી મુકેશે મેલુ કાઢવા શરીર સંબંધ બાંધવો પડશે તેમ કહી જુદાજુદા ડર બતાવી દુષ્કર્મ આચર્યુ હતુ. અને ત્યારબાદ પોતે પૈસા કમાવવા જુદાજુદા લોકોને બોલાવી તેના પર દુષ્કર્મ કરાવ્યું હતુ. માતાને કંઇક અજુગતુ લાગતા પોતાની દીકરીને રાજકોટ પરત લઇ ગયા હતા. જ્યાં સમગ્ર ઘટના જાણ્યા બાદ આજે યુવતીનો પરિવાર આ અંગે ફરિયાદ નોંધાવવા અમરેલી તાલુકા પોલીસ મથકે દોડી ગયો હતો.

આ ઘટનામા સાવરકુંડલાના એક નિવૃત પોલીસકર્મીની ભુંડી ભુમિકા હોવાનુ પણ કહેવાય છે. ઉપરાંત રાજુલાના એક શખ્સે પણ યુવતીને બ્લેકમેઇલનો પ્રયાસ કર્યો હતો. અમરેલીમા ફાટક પાસે આઇસ્ક્રીમ પાર્લરવાળાએ પણ પિડીતાની કનડગત કરી હતી.

મહિલાની માતા પુત્રીને રાજકોટ તેડી ગયા બાદ સમગ્ર હકિકતની જાણ થતા પરિવાર સૌપ્રથમ વિજ્ઞાન જાથાની મદદ લેવા કાર્યાલયે દોડી ગયો હતો અને બાદમા તેની મદદથી તાલુકા પોલીસ મથકે જઇ ફરિયાદ આપી હતી.

આ શખ્સોએ યુવતી અને તેની માતા પાસેથી ટુકડે ટુકડે પૈસા લીધા હતા. બે બોકડાની બલી ચડાવવાના બહાને તથા ઉજ્જૈન તથા અન્ય સ્થળે વિધી કરવાના બહાને રકમ પડાવી હતી.

મુકેશ ભેસાણીયાએ આ મેલુ તમને જીવવા નહી દે અને તારા પુત્રનુ મોત થઇ જશે તેવો સતત ડર બતાવી વિધીના બહાને નાણા પડાવી દુષ્કર્મનો ખેલ આદર્યો હતો. યુવતી રાજકોટ પરત ચાલ્યા ગયા બાદ પરિવારને ડરાવવા મુકેશે મધરાતે બે વાગ્યે તેના ઘર બહાર લોટનુ પુતળુ ઉંબરા પર મુકી ખેલ નાખ્યો હતો.

## પોલીસે રોકડા રૂા.12,999 સહિત મુદામાલ જપ્ત કર્યો

# વડદલામાં જુગાર રમી રહેલા 4 પકડાયા, 3 જુગારી વોન્ટેડ



વડોદરા | વડદલા ગામના ગોચરમાં બાવળની ઝાડી પાછળ મીણબતીના અજવાળે જુગાર રમતા ચાર જણાંને વરણામા પોલીસે ઝડપી પાડયા હતા,પોલીસે આરોપીઓ પાસેથી રૂા.21,070નો મુદામાલ જપ્ત કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

વરણામા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વડદલા ગામના ગોચરમાં બાવળની ઝાડી પાછળ મીણબતીના અજવાળે ચાર જણાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળતાં વરણામા પોલીસ મથકના પીએસઆઈ વી.જી.લાંબરીયાના માર્ગદર્શન હેઠળ વરણામા પોલીસની ટીમે દરોડો પાડી ચાર જણાંને ઝડપી પાડયા હતા.ચાર આરોપીઓમાં સંજય જયંતીભાઈ પરમાર, રાજુભાઈ રામસીંગભાઈ ગોહિલ, દિનેશ કાળીદાસ પરમાર અને ઘનશ્યામ કલ્યાણસિંહ પરમાર ( તમામ રે.વડદલા ગામ,તા.જી. વડોદરા)ને રોકડા રૂા.12,990 સહિત કુલ રૂા.21070નો મુદામાલ જપ્ત કર્યો હતો. જયારે હરીકૃષ્ણ રમણભાઈ પઢિયાર, વિક્રમ પ્રવીણભાઈ પરમાર અને રાજુ રતીલાલ પરમાર ( તમામ રે. વડદલા ગામ,તા.જી.વડોદરા)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

## શિકારની શોધમાં સાવજની ભાગમભાગ...

# અમરેલીમાં આખલા પાછળ સિંહ ને સિંહની પાછળ કૂતરાએ દોટ મૂકી, શિકાર છોડી જંગલનો રાજા રવાના

અમરેલી | અમરેલી જિલ્લામાં સિંહોની અવર જવર સતત વધી રહી છે. છાશવારે વનરાજા જંગલ વિસ્તાર છોડીને ગ્રામ્ય તેમજ દરિયાઇ કાંઠે શિકારની શોધમાં લટાર મારતા નજરે ચડે છે. ત્યારે આ વચ્ચે જાફરાબાદનો એક વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાઈરલ થઇ રહ્યો છે. વાઇરલ વીડિયોમાં વનરાજ શિકારની શોધમાં એક આખલા પાછળ દોડતો જોવા મળે છે, તો સિંહની પાછળ એક શ્વાને પણ દોટ મૂકી હતી. જ્યારે અન્ય એક વીડિયોમાં આખલાઓનું ઝૂંડ જોઇ જંગલના રાજા શિકાર કરવાનો વિચાર માંડી વાળીને ત્યાંથી રવાના થતા જોવા મળે છે. જાફરાબાદ તાલુકાના મોટાભાગના ગામડામાં સિંહોનો વસવાટ છે, સિંહો હવે જાફરાબાદ શહેર સુધી પહોંચી રહ્યા છે. આ વિસ્તારમાં સતત 2 દિવસથી સિંહો લટાર મારી રહ્યા છે, જે અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. આ વચ્ચે સામા કાઠે બંદર વિસ્તારમાં એક સિંહ આવી ચડ્યો હતો. માછીમારોના રેસિડેન્ટ વિસ્તારમાં શિકારની શોધમાં એક સિંહ ફરી રહ્યો હતો. આગળ એક આખલો જઈ રહ્યો હતો, તેની પાછળ સિંહ અને સિંહની પાછળ એક શ્વાન દોડી રહ્યો હોવાનો એક વીડિયો વાયરલ થયો હતો. આ વિસ્તારમાં શિકારની શોધમાં સિંહ આમથી તેમ દોડધામ કરતો જોવા મળ્યો હતો. રાત્રીમાં સમયે અહીં સ્થાનિક લોકોએ આ ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કર્યો હતો.

તેમજ અન્ય એક વીડિયોમાં સિંહ એક પેટ્રોલપંપ નજીક પસાર થતા સીસીટીવી ફુટેજમાં કેદ થયો હતો. જેમાં સિંહ શિકારની શોધમાં લટાર મારી રહ્યો હતો ત્યારે ત્યા આજુબાજુમાં ત્રણ આખલાઓ આવી ચડ્યા હતા. જેને જોઈને સિંહે શિકાર કરવાનું માંડી વાળ્યું હોવાનું વીડિયોમાં જોવા મળી રહ્યું છે. દરિયા કાંઠે સિંહોની લટારને પગલે માછીમારો સતત ચિંતિત જોવા મળી રહ્યા છે. આ ઘટનાને લઈ વનવિભાગની ટીમ દ્વારા સિંહને જંગલ વિસ્તારમાં લઈ જવા માટેનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. જાફરાબાદ તાલુકાના બાબરકોટ માઈન્સ વિસ્તારમાં સિંહોનો વસવાટ વધારે છે. સિંહ પરિવાર મોટી સંખ્યામાં રહે છે. આ ગ્રુપમાંથી એક સિંહ જાફરાબાદ બંદર વિસ્તાર સુધી પહોંચી ગયો હતો. જેને પગલે માછીમારોમાં ફફડાટ ફેલાયો હતો.

### સિંહોને બંદરથી દૂર રાખવા અમારી રજૂઆત



માછીમાર અગ્રણી કનેયાલાલ સોલંકીએ જણાવ્યું કે, સિંહો 2 દિવસથી અહિં લટાર મારી રહ્યા છે. પરમ દિવસે એક સિંહ આવ્યો હતો, જ્યારે કાલે રાતે 2 સીહ આવ્યાં હતા. રેસિડેન્ટ વિસ્તારમાં સિંહો ફરતા હતા. વનવિભાગની ટીમ પણ રાતે પેટ્રોલિંગ કરી રહી છે. સિંહોને બંદરથી દૂર રાખવા અમારી રજૂઆત છે. જાફરાબાદ રેન્જ આર.એફ.ઓ. જી.એલ.વાઘેલાએ જણાવ્યું કે, સિંહો 2 દિવસથી અહીં આવતા હતા. અમારો સ્ટાફ પણ ત્યાં હાજર હોય છે. સ્થાનિક આગેવાનો પણ સંપર્કમાં હતા. જ્યારે સિંહો આવે છે ત્યારે અમારી ટીમને પણ સ્થાનિક લોકો જાણ કરે છે.

# યુવકને ભાઇ સાથે બોલાચાલી થતા ભત્રીજાના મિત્રએ ગાળો આપી હવામાં ફાયરિંગ કર્યું

રાજકોટ | રાજકોટના કાલાવડ હાઈવે પર આવેલ વડવાજડી નજીક મકાનનું ચણતર કામ ચાલુ હોય ત્યારે બાજુમાં રહેતા કૌટુંબિક ભાઈ સાથે બોલાચાલી થતા કૌટુંબિક ભત્રીજાના મિત્રએ ગાળો આપી હવામાં ફાયરિંગ કર્યું હતું. જેને લઈને ગુનો દાખલ કરી મેટોડા GIDC પોલીસે ગણતરીની કલાકમાં આરોપી સાગર ડવને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ જિલ્લાના મેટોડા GIDC પોલીસ સ્ટેશનમાં 15 ફેબ્રુઆરીના રોજ હવામાં ફાયરિંગ અંગે ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે મેટોડા GIDC પોલીસે તાત્કાલિક અસરથી તપાસ હાથ ધરી ફાયરિંગ કરનાર રાજકોટના મોરબી રોડ પર રહેતા સાગર ડવ (ઉં.વ.23)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તપાસ દરમિયાન ગુનામાં વપરાયેલ હથિયાર પણ કબ્જે લીધું હતું અને તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપી સાગર વિરુદ્ધ અગાઉ પણ રાજકોટ શહેરમાં અલગ અલગ 3 પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશ તેમજ મારામારી અને જાનથી મારી નાખવા ધમકી આપવા અંગે ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ભાવેશભાઈ લખમણભાઈ રાઠોડ (ઉં.વ.39)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ટ્રાન્સપોર્ટનો ધંધો કરૂ છું. મારા ઉપરોક્ત રહેણાંક મકાનની બાજુમાં મારા મોટા બાપુના દીકરા મહેશભાઈ મેરામભાઈ રાઠોડનું મકાન હોય જેઓ તેમનું જૂનું મકાન તોડી ત્યાં નવા મકાન બનાવવાનું ચણતર કામ ચાલુ હોવાથી અમારા મકાનની દિવાલની કોલમમાં નુકસાન થયેલ હોય જેથી મેં 15 ફેબ્રુઆરીએ બપોરના એકાદ વાગ્યા આસપાસ મહેશભાઈને અમારી દિવાલમાં થયેલ નુકસાની બાબતે વાત કરી હતી. જેથી તે ઉશ્કેરાઇ ગયા હતા અને બોલાચાલી કરી હતી.

બાદમાં મારે રાજકોટમાં કામ હોય હું જમીને રાજકોટ ગયો હતો. બપોરના 3 વાગ્યા આસપાસ હું રાજકોટથી ઘરે પરત આવ્યો અને મારા ઘર સામે મારી ગાડી પાર્ક કરી ગાડીમાંથી નીચે ઉતર્યો હતો. ત્યારે મહેશભાઈના કડિયા મારા ઘરની દિવાલ પાસે ખોદકામ કરતા હોવાથી મેં તેઓને મારા ઘરની દિવાલે ખોદકામ કરવા માટે રોકતા ત્યાં ઉભેલ મહેશભાઈના દીકરાનો મિત્ર સાગર ડવ મારી પાસે આવી બોલાચાલી કરી મને ગંદી ગાળો આપી પોતાના નેફામાંથી હથિયાર કાઢી હવામાં ફાયરિંગ કર્યું હતું. આથી તુરંત જ મહેશભાઈ અને મારો ભાઈ અશ્વીન ઘરની બહાર આવી જતા સાગર તેની સ્કોર્પિયો કાર નં. જીજે.10.ડીએ.0045માં ત્યાંથી નિકળી ગયો હતો.

મૃતકની પુત્રીએ રાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

# રાણપુર-ધંધુકા રોડ પર કારે વૃદ્ધને અડફેટે લેતાં મોત




ભાવનગર | રાણપુરનાં વૃદ્ધ પગપાળા સિકયુરીટીની નોકરીએજતા હતા તેવામાં રાણપુર-ધંધુકા રોડ કારે અડફટે લેતા ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડાયા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર,રાણપુરનાં મહમદનગર શેરી ખાતે રહેતા રેખાબેન ભરતભાઈ કોઠારીએ રાણપુર પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે,રેખાબેનના પિતા લઘુભાઈ મોહનભાઈ કઠેકીયા ઉ.વ.૭૦( રહે.કિનારા ગામ તા.રાણપુર જી.બોટાદ ) મધુબેનના ઘરેથી જમીને ઈરફાન ખલાણીના કોમ્પલેક્ષમાં સિકયુરીટીની નોકરીએ ચાલીને જતા હતા ત્યારે રાણપુર-ધંધુકા રોડ ઉપર રાણપુર કોર્ટ પાસે રોડ ક્રોસ કરતા હતા તે વેળાએ અલ્ટ્રો કાર નંબર જીજે ૦૩ આઈસી ૬૫૮૫ ના ચાલકે પોતાના અલ્ટો ગાડી મિલટ્રી ચોકડી બાજુથી રાણપુર તરફ રોંગ સાઈડમાં પુરઝડપે અને બેફિકરાઈથી ગફલત ભરી રીતે માણસોની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી લઘુભાઈ મોહનભાઇ કઠેકીયાની સાથે ભટકાડી લઘુભાઈને બંને પગમાં ફ્રેકચર તથા જમણા હાથમાં ફ્રેકચર કરી તથા પગની નસ કપાઈ ગયેલ તથા માથાના ભાગે ગંભીર ઈજા કરી અલ્ટો કાર લઈ નાશી છૂટયો હતો.લઘુભાઈને ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના પુત્રીએ રાણપુર પોલીસ મથકમાં કાર ચાલક ફરિયાદ નોંધાવી છે.

ચાર વર્ષથી દેશી બંદૂક બનાવતો અનસ લુહાર 4 કારતુસ, એરગનના શોટ્સ, બંદૂકના હાથા સાથે રંગેહાથ ઝડપાયો

# ભુજઃ ભીડ નાકા પાસે ઘરમાં દેશી બંદૂકનું 'મીની કારખાનું' પકડાયું



ભુજ | ભુજ શહેરના ભીડનાકા બહાર દાદુ પીર રોડ પર આવેલા એક રહેણાંક મકાનમાં પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે સવારે દરોડો પાડીને હાથ બનાવટની દેશી બંદુક બનાવવાના કારખાનનો પર્દાફાશ કર્યો છે. એક આરોપીને બંદુક બનાવવાના સાધનો સાથે ચાર જીવતા કારતુસ સાથે ઝડપી પાડી વાધુ પુછપરછ હાથ ધરી છે.

પશ્ચિમ કચ્છ એસઓજીના હેડ કોન્સ્ટેબલ મદનસિંહ બાલુભા જાડેજાને મળેલી બાતમી પરાથી એસઓજીની ટીમે દાદુપીર રોડ પર રહેતા અનસ ઉમર લુહાર (ઉ.વ.૪૧)ના ઘરોથી બંદૂકનું મીની કારખાનું પકડયું છે. મકાનમાંથી દેશી બંદુક બનાવવાની સામગ્રી તાથા બોરગનના જીવતા કારતુસ નંગ ૪, એરગન સીસાના શોર્ટસ (સ્લગ્સ), સીસાના છરા, લોખંડના ટ્રીગર, જેવાં કુલ ૩ર ઓજારો સાથે આરોપી અનીસને દબોચી લીધો હતો.

બી ડિવિઝન પોલીસ માથકે આર્મ એક્ટનો ગુનો દાખલ કરાવી આરોપી દેશી બંદુકનું કારખાનું કેટલા સમયાથી ચલાવતો હતો. કોને કોને વેચી છે. અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે સહિતની વિગતો જાણવા આરોપીને શુક્રવારે રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજુ કરાશે તેમ એસઓજીના ઈન્સ્પેક્ટર વી.વી.ભોલાએ જણાવ્યું હતું.

દેશી બંદુક બનાવવાના સાધનો સાથે પકડાયેલા અનસે પોલીસની પુછતાછમાં જણાવ્યું હતું. કે, તેમના ઘરમાં લુહારી કામ લાંબા સમયાથી થઈ રહ્યું છે. બંદુક બનાવવાનુ છેલ્લા ચાર વર્ષાથી શરૃ કર્યુ હતું. બંદુક બનાવતાં તેને તેમના દાદાએ શીખડાવ્યું હોવાનું પોલીસને જણાવ્યું હતું. હાલ આરોપીએ અત્યાર સુધી કેટલા હિથયાર બનાવ્યા છે. કોને કોને સપ્લાય કર્યા છે. તે સહિતની વિગતો જાણવા જીણવટ ભરી તપાસ શરૃ કરી છે.

પોલીસે વિદેશી દારૂની ૯૦ બોટલ મળી કુલ રૂ.18000 નો મુદ્દામાલ કબ્જે કર્યો

# બોટાદના રહેણાંકના મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



ભાવનગર | બોટાદના ખોજાવાડી વિસ્તારમા રહેણાકી મકાનમાંથી વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૯૦ કી.રૂ.૧૮૦૦૦ નો મુદ્દામાલ બોટાદ ટાઉન પોલીસે નાસી છૂટેલા શખ્સને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર બોટાદ ટાઉન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળતા તુરતજ બોટાદ ખોજાવાડીમા રહેતા અકીલભાઇ ઉર્ફે બકરી ઈબ્રાહીમભાઇ પાધરશીના મકાનમાં દરોડો કર્યો ત્યારે વિદેશી દારૂ ની બોટલો નંગ-૯૦ કુલ રૂ.૧૮૦૦૦ નો મુદ્દામાલ બોટાદ ટાઉન પોલીસ કબજે કર્યો હતો નાસી છૂટેલા અકીલ ઉર્ફે બકરી ઈબ્રાહીમભાઇ પાધરશી (રહે- બોટાદ ખોજાવાડીમા શાંતીરતીના ઘાણા તા.જી.બોટાદ પાછળ)ને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

બંને આરોપીને છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપ્યા

# પાંચ વર્ષથી ચોરીના ગુનામાં નાસતા ફરતા બે આરોપી ઝડપાયા



છોટાઉદેપુર | રાજ્ય બહાર પાંચ વર્ષથી ચોરીના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓને પેરોલ ફ્લો સ્ક્વોર્ડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા.છોટાઉદેપુર જિલ્લા પેરોલ ફ્લો સ્ક્વોડ દ્વારા ગુજરાત રાજ્ય અને બહારના પાંચ વર્ષથી ચોરીના ગુનામાં સંડાવાયેલો આરોપી પંકજ ઈન્દ્રસિંહ તોમર રહેવાસી પનાલા તડવી ફળિયા તાલુકો કઠીવાડા જિલ્લો અલીરાજપુર તથા નરેશ ભાઈ સવસીંગભાઈ તોમર રહેવાસી કુહા તાલુકો કઠીવાડા જીલ્લો અલીરાજપુર મધ્ય પ્રદેશને અલગ અલગ અલગ રીતે છોટાઉદેપુર બજારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા હતા.

છોટાઉદેપુરમાં જુદા જુદા ગુનામાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા મળેલી સૂચનાને આધારે તંત્ર હરકતમાં આવી ગયું છે.જેના ભાગરૂપે પેરોલ ફ્લો સ્ક્વોડ દ્વારા ૩૭૯ મુજબના ગુનાના કામના છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપી પંકજ તોમર અને નરેશ તોમરને ઝડપી પાડવામાં આવ્યા હતા.આરોપીઓ છોટાઉદેપુર બજાર તરફ આવનાર છે.તેવી બાતમી પોલીસને મળી હતી.જે હકીકતના આધારે અલગ અલગ ટીમો બનાવી આરોપીની તપાસ શરૂ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન બંને પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.તેઓની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# કઠલાલના ખલાલ ગામે ખેતરમાં વીજ કરંટ લાગતા બાળકનું મોત

કઠલાલ | કઠલાલના ખલાલ ગામે ખેતરમાં પાકના રક્ષણ માટે રોપેલા લાકડાની થાંભલી પર વાવણી કરતા વ્યક્તિએ કરંટનું જોડાણ કરતા નજીક રમી રહેલો ૫ વર્ષનો બાળક અડી જતાં તેનું મોત નિપજ્યું હતું. બાળકને બચાવવા જતા પિતા અને અન્યે એક ફંગોળાયા હતા.

કઠલાલ તાલુકાના ખલાલ ગામે ફુલાવત સીમ વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરી જીવન ગુજારતા ૨૫ વષય કાનજીભાઈ બાદરસિહ ઝાલાને સંતાનમાં પાંચ વર્ષનો એકનો એક દીકરો નક્ષ છે. ગત ૨૦મી જાન્યુઆરીના રોજ તેમનો દીકરો નક્ષ સાંજના ચારેક વાગ્યાના સુમારે કાનજીભાઈના કુટુંબના બીજા છોકરાઓ સાથે કૌટુંબિક કાકીના ઘર નજીક રમતો હતો. અહીંયા નજીક નટવરસિંહ ઉદેસિંહ ઝાલાનું રીંગણના પાકના વાવેતરવાળું ખેતર આવેલું છે. જે ખેતર મહેમદાવાદના બારમુવાડા ગામે રહેતા બુધાજી સબુરજી ઝાલા વાવે છે.આ ખેતરમાં નક્ષ તેના મિત્રો સાથે રમતો હતો. તે દરમ્યાન નક્ષ ખેતરના ફરતે બાંધેલા તારને અડી જતા તેને શરીરે કરંટ લાગ્યો હતો. જે વાતની જાણ કાનજીભાઈને થતાં તેઓ અને તેમના ભાભી બંને બનાવ સ્થળે દોડી આવ્યા હતા. જ્યાં નક્ષ આ ખેતરમાં શેઢાની રોપેલા લાકડાની થાંભલીઓ ઉપર લોખંડના તાર ઉપર લટકેલી હાલતમાં હતો. જે જોઈ કાનજીભાઈ અને તેમના ભાભી બચાવવા જતાં બંનેને કરંટ લાગતા ફંગોળાઈ ગયા હતા. બુમાબુમ કરતા નજીકમાંથી કૌટુંબિક સગાઓ દોડી આવ્યા હતા. અને લાકડાની થાંભલીઓ ઉપર વીટાળેલો તાર નજીકમાં આવેલ જીઈબીના થાંભલામાંથી કાપી નાખ્યો હતી. ગંભીર રીતે દાઝેલા બાળકને કઠલાલની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

6 માસથી વધારે સમયથી વેપારી રિટર્ન ફાઈલ ના કરે તો નંબર રદ્દ કરવાની જોગવાઈ

# આમાં વેપાર કેવી રીતે થાય? નિયમ વિરુદ્ધ જીએસટી નંબર સસ્પેન્ડ થતા વેપારીઓને હાલાકી




ભાવનગર | જીએસટીના કાયદાની સેક્શન ૨૯ મુજબ કોઈ વેપારી ૬ માસ કે તેનાથી વધારે સમયથી રિટર્ન ફાઈલ ના કરે તો ડિપાર્ટમેન્ટ વેપારીનો રજિસ્ટ્રેશન નંબર રદ્દ કરી શકે છે. પરંતુ જીએસટી વિભાગ દ્વારા ભાવનગરમાં નિયમથી વિપરિત એક માસ કે એક ક્વાટરનું રિટર્ન ફાઈલ કરવાનું બાકી હોય તેવા વેપારીઓને ૩૦ દિવસમાં જવાબ આપવાની કારણદર્શક નોટિસ પાઠવી રજિસ્ટ્રેશન નંબર સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. રજિસ્ટ્રેશન નંબર સસ્પેન્ડ થવાથી વેપાર-ધંધા પર માઠી અસર પડી રહી છે. એક તો ભાવનગરમાં પુરતા વેપાર ધંધા નથી એવામાં આવી રીતે જીએસટીના કાયદાના ચક્રવ્યૂ તંત્ર દ્વારા ઉભા કરવામાં આવતા વેપારીઓમાં રોષ દેખાઈ રહ્યો છે.

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સની કલમ ૨૯ની જોગવાઈ પ્રમાણે જો કોઈ વેપારી ૬ માસ કે તેનાથી વધારે સમયથી રિટર્ન ફાઈલ ના કરે તો ડિપાર્ટમેન્ટ તેનો જીએસટી નંબર રદ્દ કરી શકે છે. પરંતુ ભાવનગરમાં આ નિયમથી વિપરિત જીએસટી વિભાગે જે વેપારીએ એક માસ અથવા એક ક્વાટરનું રિટર્ન ફાઈલ ના કર્યું હોય તેમના જીએસટી નંબર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જીએસટી વિભાગ દ્વારા નિર્ધારિત સમયગાળામાં રિટર્ન ભરવામાં નિષ્ફળ રહેનારા ભાવનગરના ઘણાં વેપારીઓને જવાબ રજૂ કરવા નોટિસ પાઠવાઈ છે અને વેપારીઓ પોતાનો જવાબ રજૂ નહી કરી શકે તો એક પક્ષે નિર્ણય લઈ રજિસ્ટ્રેશન નંબર રદ્દ કરવામાં આવશે તેમ પણ નોટિસમાં જણાવાયું છે. વેપારીઓને ૩૦ દિવસમાં પોતાનો જવાબ રજૂ કરવાની કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. વિભાગ દ્વારા આ નોટિસ મળ્યા બાદ હવે વેપારીઓએ ૭ થી ૩૦ દિવસ દરમિયાન રિટર્ન ફાઈલ કરી ઓનલાઈન જવાબ રજૂ કરવાનો હોય છે અને અધિકારીઓ જો તે જવાબ ગ્રાહ્ય રાખે તો જ સસ્પેન્ડ થયેલો નંબર ફરી શરૂ થઈ શકે છે. એક તો ભાવનગરમાં પુરતા વેપાર ધંધા નથી તેવામાં જીએસટી નંબર સસ્પેન્ડ થવાના કારણે વેપારીઓ માલ કે વસ્તુના ખરીદ વેચાણ માટે ઈવેબીલ જનરેટ કરી શકતા નથી અને તેના કારણે વેપાર બંધ થાય એવી સ્થિતિ નિર્માણ પામી છે.

## પ્રમુખનગર સોસાયટીમાં અમદાવાદની જીવદયાપ્રેમી મહિલાઓ ઉપર હુમલો

ગાંધીનગર | ગાંધીનગર શહેરના સેક્ટર ૨૯માં આવેલી પ્રમુખ નગર વસાહતમાં શ્વાન સાથે ક્રુતા ભર્યું વર્તન થતું હોવાની ફરિયાદ બાદ અમદાવાદથી આવેલી જીવ દયા સંસ્થાની મહિલાઓ સાથે મારામારી અને તેમના ફોન ઝૂંટવી લેવાની ઘટના પ્રકાશમાં આવી છે. જે સંદર્ભે સેક્ટર ૨૧ પોલીસ દ્વારા પાંચ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદના ઘાટલોડીયા ખાતે કે નગરમાં રહેતા દર્શાલીબેન નિલેશભાઈ કડિયા જીવ દયાની પ્રવૃત્તિ કરે છે તેમની ફરિયાદ મળી હતી કે, ગાંધીનગરના સેક્ટર ૨૯માં આવેલી પ્રમુખનગર વસાહતમાં શ્વાન સાથે ક્રુતા ભર્યું કરવામાં આવે છે. જેના પગલે તેઓ અન્ય જીવ દયા પ્રેમી રામુબેન રાધેશ્યામ ભૌમિક, મંજુલાબેન વિનુભાઈ પટેલ તથા આશાબેન વ્યાસ સાથે આ સોસાયટીમાં આવ્યા હતા. જ્યાં એક શ્વાન ઘાયલ અવસ્થામાં મળી આવ્યું હતું. જેની સારવાર કરીને ખવડાવતા હતા તે દરમિયાન સોસાયટીમાં રહેતી કેટલીક મહિલાઓ તેમની પાસે આવી હતી અને અહીં કેમ આવ્યા છો તેમ કહી તેમની સાથે તકરાર શરૃ કરી હતી.

## સરકારી ગોડાઉનના ઘઉં અને ચોખાના 340 કટ્ટામાં એક કિલો ઘટ હોવાનું તપાસમાં ખૂલ્યું

કપડવંજ | કપડવંજ તાલુકાના વાઘજીપુર સેવા સહકારી મંડળી ખાતે મામલતદાર કચેરી દ્વારા રેગ્યુલર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સરકારી ગોડાઉનમાંથી વાઘજીપુર સેવા સહકારી મંડળીમાં મોકલવામાં આવેલા ૩૪૦ જેટલા ઘઉં- ચોખાના કટ્ટામાં તપાસ હાથ ધરાતા સરેરાશ એકથી દોઢ કિલો અનાજના જથ્થામાં ઘટ નીકળી હોવાનું બહાર આવ્યું છે. સામાન્ય રીતે કેટલાક સરકારી ગોડાઉનમાંથી લાખો રૂપિયાનો જથ્થો બારોબાર સગેવગે થતા હોવાના કિસ્સા પ્રકાશમાં આવતા હોય છે. ત્યારે કપડવંજ સરકારી ગોડાઉનમાંથી ૩૪૦ જેટલા ઘઉં અને ચોખાના કટ્ટામાંથી સરેરાશ એકથી દોઢ કિલો અનાજના જથ્થાની ઘટ આવતા અંદાજે ૩૫૦ કિલો ઉપર ઘટ બહાર આવી હતી. કપડવંજના વાઘજીપુર સેવા સહકારી મંડળી ખાતે મામલતદાર કચેરી દ્વારા આજે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે સરકારી ગોડાઉનમાંથી મંડળીમાં મોકલવામાં આવેલા ૩૪૦ જેટલા ઘઉં- ચોખાના કટ્ટાઓ તપાસવામાં આવ્યા હતા. જે તમામમાં સરેરાશ એકથી દોઢ કિલો અનાજની ઘટ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

50 વર્ષમાં 20 વખત કચ્છ આવી બહેનો પાસેથી ખરીદેલા ક્રાફ્ટ અમેરિકન દંપતિએ LLDC મ્યુઝિયમને ભેટ આપ્યાં

# કચ્છી હસ્તકળાનો બેનમૂન ખજાનો 55 વર્ષે અમેરિકાથી પરત લવાયો



ભુજ | અમેરિકાથી કચ્છી હસ્તકળાનો બેનમૂન ખજાનો ૫૫ વર્ષે પરત લવાયો છે. ૫૦ વર્ષમાં કચ્છની બે ડઝનાથી વધુ વખત મુલાકાત લઈ ચૂકેલું વિકી અને રિચર્ડ નામનું અમેરિકી દંપતિએ કચ્છી ભરતકામવાળા ડ્રેસ, તોરણ, બાળકો અને વૃધૃધોના એમ્બ્રોઈડરી વર્કવાળાં વસ્ત્રો એલ.એલ.ડી.સી. મ્યુઝિયમને ભેટ આપ્યાં છે. કચ્છી વસ્ત્ર હસ્તકલા કારીગરી ઉપર પુસ્તક લખી ચૂકેલું આ દંપતિ ૧૯૬૯થી સેવા પ્રવૃત્તિ કરતાં ચંદાબહેન શ્રોફની પ્રવૃત્તિાથી અભિભૂત હતું. સદ્ગત ચંદાબહેનના પુત્રી અમીબહેનની મુલાકાત લોસ એન્જલસ ખાતે થઈ ત્યારે કચ્છી હસ્તકળાના ૧૦૦ જેટલા વસ્ત્રો પોતાની પાસે હોવાની વાત દંપતિએ કરી હતી. ઊંમર થઈ હોવાથી અલભ્ય વારસો સાચવવો મુશ્કેલ હોવાનું દંપતિએ જણાવ્યું હતું. અમીબહેને એલ.એલ.ડી.સી. મ્યુઝિયમમાં કચ્છનો આ કલાવારસો જળવાતો હોવાની વાત કરી હતી. કચ્છનો કલાવારસો કચ્છના મ્યુઝિયમમાં સચવાઈ રહે તેવા ઉમદા હેતુ સાથે હસ્તકલાના ૧૦૦ નમૂના મ્યુઝિયમને યાદગીરીરૂપે ભેટ અપાયાં છે. આ દંપતિ હાલ કચ્છની મુલાકાતે છે. ઈ.સ. ૧૯૬૯ માં જ્યારે કચ્છમાં દુષ્કાળ પડયો ત્યારે એક તરફ શ્રુજનના સંસ્થાપક ચંદાબેન શ્રોફ (કાકી) કચ્છના ગામડાઓની ભરતકામ કરતી બહેનોને પ્રોત્સાહન આપીને તેઓ પગભર થાય અને રોજગારી મેળવે તેવો પ્રયત્ન કરી રહ્યા હતા તે જ સમયગાળામાં લોસ એન્જલ્સ, અમેરિકા થી કચ્છના પ્રવાસે આવેલા દંપતી વિકી અને રીચર્ડ એલ્સન કચ્છના બન્ની પચ્છમના ગામડાઓમાં ખુંદી રહ્યા હતા અને ત્યાંની ગ્રામીણ બહેનો દ્વારા કરાતાં કચ્છી ભરતકામના પ્રેમમાં પડયા હતા.

આ દંપતિએ ૫૫ વર્ષમાં કચ્છની ૨૦ થી પણ વાધુ મુલાકાતો દરમ્યાન ભરતકામ કરતી બહેનો પાસોથી વિવિધ નમૂનાઓ ખરીદીને સંગ્રહ કર્યો હતો. કચ્છના ગ્રામ્ય સમાજના રીત-રિવાજ મુજબ આણામાં અપાતા ભરત ભરેલા વસ્ત્રોની વિગતો મેળવીને વિકી એલસને Dowries From Kutch નામાથી પુસ્તક પણ લખ્યું છે. આ અમેરિકન દંપતીનો કચ્છી ભરતકામના કારીગર બહેનો સાથેનો એક અનોખો ઘરોબો બંધાયો હતો, જે આજ દિન સુધી તેમણે નિભાવ્યો છે. બન્ની- પચ્છમના એક પરિવારના ઘરે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા પણ તેઓ ખાસ અમેરિકાથી જે-તે વખતે આવ્યા હતા.

શ્રુજન એલ.એલ.ડી.સી. ના સી.ઈ.ઓ. અને મેનેજિંગ ટ્રસ્ટી અમીબેન શ્રોફ પોતાની વિશ્વના વિવિધ મ્યુઝિયમોની મુલાકાત સમયે વિકીને લોસ એન્જલન્સ ખાતે મળ્યા હતા અને તેમનો આ અલભ્ય સંગ્રહ જોઈ, અભિભૂત થયા હતા. મુલાકાત થઈ તે દિવસ થી જ આ ખજાનો કચ્છ પરત લાવી શકાય તે માટેના પ્રયત્નો શરૃ કર્યા હતા. લગભગ ૧૦૦ કરતાં પણ વાધારે પરંપરાગત ભરતકામના વર્ષો જૂના કલેક્શન ને એલ.એલ.ડી.સી. ની દુનિયામાં બહુ ઓછી હોય તેવી આધુનિક આર્કાઈવમાં કન્ઝર્વેશનના નોર્મ્સ મુજબ વિશેષ રીતે સાચવવા મૂકી દેવાયા છે, જે સમય સમયે એલ.એલ. ડી.સી. ક્રાફટ મ્યુઝિયમની વિવિધ ગેલેરીઓમાં પ્રદર્શિત કરવામાં આવશે.

વિકી એલસને પણ પોતાનો આ વર્ષોથી કેટકેટલીય મહેનત અને પરિશ્રમાથી ઉત્સાહભેર સંગ્રહિત કરાયેલો અમૂલ્ય ખજાનો યોગ્ય સૂથાને શ્રુજન એલ.એલ.ડી.સી. ના આ આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રાફટ સંગ્રહાલયમાં મુકાયો છે તેની ખુશી અને સંતોષ લાગણીભેર વ્યક્ત કર્યો હતો.

યુવકને રાત્રે ઘરે જતાં સમયે અકસ્માત નડયો અકસ્માત સર્જનાર ચાલક કાર મૂકી ફરાર

# મધવાસ ચોકડી પર માર્ગ ક્રોસ કરતા બાઇક ચાલકનું કારની અડફેટે મોત

કાલોલ | કાલોલ હાલોલ હાઈવે સ્થિત મધવાસ ચોકડી પર રોડ ક્રોસ કરતા આધેડ વયના મોટરસાયકલ ચાલકને કારચાલકે અડફેટે લેતાં મોટરસાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ. કાલોલ તાલુકાના મધવાસ ગામના આથમણા ફળિયાના રહીશ ગણપતસિંહ ભારતસિંહ પરમાર (ઉ.વ ૫૭, ધંધો મજુરીકામ) બુધવારે સાંજે ગામમાં રામાપીર મહારાજના પાટ પ્રકાશમાં ગયા હતા.રાત્રે પાટ પ્રકાશ પતાવીને પોતાની મોટરસાયકલ પર ઘેર જતા મધવાસ ચોકડી પાસે હાઈવે ક્રોસ કરતા સમયે હાલોલથી ગોધરા તરફ જતી એક સફેદ કલરની સિફ્ટ કારના ચાલકે પુરઝડપે હંકારી લાવી મોટરસાયકલને અડફેટે લઈ પટકી દેતા મોટરસાયકલ પર સવાર આધેડ વયના ગણપતસિંહ ભારતસિંહ પરમારને શરીરના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

બીજી તરફ અકસ્માત સર્જીને ઘટના સ્થળેથી કાર ચાલક ફરાર થઈ ગયો હતો. જે અકસ્માત ઘટના અંગે રાહદારીઓએ કાલોલ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને કાલોલ રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અકસ્માત સર્જનાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત સર્જીને ફરાર થઈ ગર્યો કારચાલકની ગાડી ખડકી ટોલનાકા પાસે ખોટકાઈ જતા કાર ચાલકે ગાડીને બિનવારસી હાલતમાં છોડી રાત્રે અન્ય વાહન મારફતે નાશી ગયો હતો. જેથી પોલીસે બિનવારસી હાલતમાં મળી આવેલી કારને કબ્જે કાર માલિકની દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.




**વૃષભ (બ,વ,ઉ)**
ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.



**કર્ક (ડ,હ)**
આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.




**સિંહ (મ,ટ)**
આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો .



**તુલા (ર,ત)**
આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.



**ધન (ભ,ધ,ફ)**
કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.



**મકર (ખ,જ)**
આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

# પેટીએમ બાદ અન્ય ફિનટેક કંપનીઓ સામે તોળાતા પગલા...




## કેવાયસી પ્રક્રિયામાં ક્ષતિઓ બહાર આવતા પેમેન્ટસ એગ્રીગેટર્સ આરબીઆઈની નજર હેઠળ

મુંબઈ | નો યોર કસ્ટમર (કેવાયસી) પ્રક્રિયામાં ક્ષતિઓ બદલ હજુ વધુ ફિનટેક કંપનીઓ સામે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) તરફથી નિયમનકારી પગલાં તોળાઈ રહ્યા છે. જે ફિનટેક કંપનીઓની રિઝર્વ બેન્કે યાદી તૈયાર કરી છે તેમાં જાણીતા પેમેન્ટસ એગ્રીગેટર અને વોલેટ સર્વિસ પ્રોવાઈડરનો પણ સમાવેશ થાય છે એમ આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું.

કેટલીક ફિનટેક કંપનીઓ જે અનસિકયોર્ડ લોન બજારમાં કામકાજ કરે છે અને ગ્રાહકો તથા ધિરાણદારો વચ્ચે ઈન્ટરમીડિયેટસની એટલે કે એગ્રીગેટરની ભૂમિકા ભજવે છે તેઓ રિઝર્વ બેન્કની નજર હેઠળ છે. મની લોન્ડરિંગ તથા ત્રાસવાદ માટે થતી ફાઈનાન્સિંગ પ્રવૃત્તિને પહોંચી વળવા ભારતની નાણાં સંસ્થાઓની એકંદર તૈયારીના ચાલી રહેલા ફાઈનાન્સિઅલ એકશન ટાસ્ક ફોર્સ ઓડિટ દરમિયાન જ આ નિયમનકારી પગલાં શરૂ થયા છે. કેવાયસી પ્રક્રિયાઓમાં ક્ષતિઓ જણાતા ૩૧મી જાન્યુઆરીના રિઝર્વ બેન્કે પેટીએમ પેમેન્ટસ બેન્ક સામે પગલાં લીધા હતા. વધુ ચાર જેટલી પેમેન્ટ કંપનીઓ છે જેમાં આવાજ પ્રકારની ક્ષતિઓ જણાઈ રહી છે અને જે આરબીઆઈની નજર હેઠળ છે, એમ પણ સુત્રોએ જણાવ્યું હતું.

દેશની બેન્કોની સરખામણીએ ફિનટેક કંપનીઓમાં કેવાયસી પદ્ધતિ એટલી મજબૂત નહીં હોવાનો દેશના વિવિધ નિયમનકારો મત ધરાવી રહ્યા છે. વૈશ્વિક એફએટીએફ ધોરણો પ્રમાણે જ ગ્રાહકોના ફન્ડોની ચકાસણી માટે મજબૂત પદ્ધતિ લાગુ કરવા પણ નિયમનકારો વિચારી રહ્યા છે.

કેવાયસી મુદ્દાઓ પર ચર્ચા કરવા અને ઓનલાઈન પેમેન્ટસમાં ગેરરીતિ અટકાવવા માટે નાણાં મંત્રાલયે ઉદ્યોગના વર્તુળો સાથે કેટલીક વખત ચર્ચા પણ કરી છે. કેવાયસી ક્ષતિઓ ઉપરાંત ભૂતિયા ખાતાની પણ તપાસ ચાલી રહી હોવાનું સુત્રોએ ઉમેર્યુ હતું.

ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ મેક્વાયરે પેટીએમ-વન૯૭ કોમ્યુનિકેશન્સના શેર માટે આવક અંદાજો ઘટાડીને મૂક્યા સાથે શેરનો ભાવ લક્ષ્યાંક ઘટાડીને રૂ.૨૭૫ મૂકતાં શેરોમાં નવેસરથી ગાબડાં પડવાનું ચાલુ થયું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પેટીએમ પેમેન્ટ્સ બેંકને ૨૯, ફેબ્રુઆરી ૨૦૨૪ બાદ પ્રમુખ સર્વિસિઝ ઓફર કરવાનું બંધ કરવા આદેશ આપતાં શેરોમાં પેનિક સેલિંગ થઈ રહ્યું છે. આ દરમિયાન પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરૂધ્ધ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ(ફેમા) હેઠળ પણ તપાસ શરૂ થયાના અહેવાલ વહેતાં થયા છે.

# ડિપોઝિટમાં ધીમો ગ્રોથ : દેશમાં ક્રેડિટ ગ્રોથ FY25માં ઘટીને 14 ટકા થઇ શકે : S&P ગ્લોબલ

નવી દિલ્હી | દેશમાં નાણાકીય વર્ષ 2025 દરમિયાન લોનની સામે ધિરાણમાં ઓછી વૃદ્ધિને કારણે ક્રેડિટ ગ્રોથ પણ અત્યારના 16%થી આંશિક ઘટીને 14% થવાની સંભાવના S&P ગ્લોબલ રેટિંગ્સ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. અમારો બેઝ કેસ લોન વૃદ્ધિ માટે થોડો મધ્યમ છે, જે ડિપોઝિટ માટે સંચાલિત કરી શકાય તે પ્રકારની સ્પર્ધા તરફ દોરે છે. ભારતીય બેન્કોએ મજબૂત લોન ગ્રોથ અને ગ્રોથના ફંડિગ માટે ડિપોઝિટ માટે વધુ ખર્ચ કરવાની તૈયારી રાખવી પડશે.

જો ડિપોઝિટ સાથેનું સંતુલન ખોરવાશે તો ભારતીય બેન્કોને ફટકો પડતા માર્જિન ઘટી શકે છે અથવા તો વૃદ્ધિ ધીમી પડે તેવી સંભાવના રહેલી છે. ક્રેડિટની માંગ મજબૂત છે. અર્થતંત્રનો દેખાવ પણ મજબૂત રહ્યો છે. સહાયક માળખાકીય અને ચક્રીય પરિબળોના સંગમથી એસેટ ગુણવત્તા પણ સુધરી રહી છે. ખાસ કરીને મોટા ભાગની બેન્કોમાં ડિપોઝિટમાં ધીમો ગ્રોથ જોવા મળી રહ્યો છે. ક્રેડિટ એનાલિસ્ટ દિપાલી છાબરિયાએ જણાવ્યું હતું કે જો ક્રેડિટ અને ડિપોઝિટમાં વૃદ્ધિનો દર સ્થિર રહે અને ડિપોઝિટમાં સ્પર્ધા વધે તો બેન્કનું માર્જિન પણ અત્યારના 3 ટકાથી ઘટીને 2.9 ટકા પર આવી શકે છે. પ્રાઈવેટ સેક્ટર બેન્કો વધુ લોન ટૂ ડિપોઝિટ ગુણોત્તર પર ઓપરેટ કરી રહી હોવાથી તેના પર વધુ પ્રતિકૂળ અસર થાય તેવી શક્યતા વર્તાઇ રહી છે. પ્રાઈવેટ સેક્ટર બેન્કો પર તણાવ વધવાની સાથે સાથે જાહેર ક્ષેત્રની બેન્કો કરતાં ધિરાણદારો વધુ ઝડપી ગતિએ વધી રહ્યાં છે.



## બેન્કોએ મૂડીકરણમાં વધારો કર્યો

જાહેર ક્ષેત્રની બેન્કોમાં ભંડોળ ઊભું કરવા અને સરકારના રોકાણના પગલે બેન્કોએ છેલ્લા કેટલાક વર્ષોમાં તેમના મૂડીકરણમાં વધારો કર્યો છે. નફાકારકતામાં સુધારાથી પણ બેન્કના મૂડીની રચનાને સપોર્ટ મળ્યો છે. S&P ગ્લોબલે ઈન્ડિયા રિસર્ચ ચેપ્ટરની પણ જાહેરાત કરી છે, જે ભારતના લગતા સંશોધન અને અહેવાલને વેગ આપશે. આ પહેલ અનેકવિધ વિભાગોમાંથી નિષ્ણાંતો, S&P ગ્લોબલની કામગીરીને એક પ્લેટફોર્મ પર લાવે છે.

# ઓનર વૈશ્વિક સ્તરે વખાણાયેલી X સિરીઝ ભારતીય બજારમાં લાવે છે, ઓનર X9b લોન્ચ કરે છે જ્યાં નવીનતા ટકાઉપણું પૂર્ણ કરે છે

મુંબઈ | ઓનર, બજારમાં તેના પોર્ટફોલિયોને વિસ્તૃત કરીને, આજે ઓનર X9b ની રજૂઆત સાથે તેની વૈશ્વિક સ્તરે વખાણાયેલી X સિરીઝ લાઈન-અપ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ લોન્ચ સાથે, ઓનરનો ઉદ્દેશ્ય તમામ સેગમેન્ટમાં ગ્રાહકોને વધારાની સુવિધાઓ પ્રદાન કરવાનો છે, જે તેમને અપ્રતિમ ડિસ્પ્લે ગુણવત્તા, બહેતર બેટરી તેમજ ઑપ્ટિમાઇઝ્ડ સોફ્ટવેર પરફોર્મન્સ આપે છે, જેથી વિવિધ વપરાશકર્તાની જરૂરિયાતો પૂરી થાય. ઓનર X9b 5G સ્માર્ટફોન ઉપરાંત, બ્રાન્ડે તેની ઓનર ચોઈસ X5 લોન્ચ કરવાની જાહેરાત પણ કરી હતી, જે શ્રેષ્ઠ ઓડિયો ઓફર કરે છે, અને ઓનર ચોઈસ સ્માર્ટવોચફિટનેસ ટ્રેકિંગ માટે ઓનર હેલ્થ એપ્લિકેશનથી સજ્જ છે, જેનો હેતુ ભારતમાં કનેક્ટેડ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાનો છે. ઓનર X9b- વધારાની ટકાઉપણું સાથે શ્રેષ્ઠતાને ફરીથી વ્યાખ્યાયિત કરવ ઓનર X9b ઓનર અલ્ટ્રા-બાઉન્સ એન્ટિ-ડ્રોપ 360 ડિસ્પ્લે સાથે આવે છે, જે ઉત્કૃષ્ટ ટકાઉપણું અને સ્થિરતા સુનિશ્ચિત કરે છે. તેની એરબેગ કુશનીંગ ટેક્નોલોજી અને ફોનની આસપાસ નવીન શોક-ઍબ્સૉર્બિંગ માળખું 1.5 મીટર સુધીના ડ્રોપ્સ માટે પ્રભાવશાળી પ્રતિકાર પ્રદાન કરે છે. ફોન આરસ જેવી સખત સપાટીઓ પર પણ, તમામ છ બાજુઓ અને ચાર ખૂણાઓ માટે 360 સુરક્ષાની ખાતરી આપે છે. પ્રીમિયમ આકર્ષક ડિઝાઈનમાં વધારાની ટકાઉ 5800mAh બેટરી હાઉસિંગ, વપરાશકર્તાઓને પાવર સમાપ્ત થવાની સતત ચિંતા કર્યા વિના તેમનો દિવસ સ્ટાઈલમાં પસાર કરવા દે છે. લાંબા સમય સુધી ઉપયોગ અને આંખના આરામ માટે, ઓનર X9b હાર્ડવેર-લેવલની ઓછી બ્લુ લાઈટ સાથે ડાયનેમિક લાઈટનો ઉપયોગ કરે છે જે વપરાશકર્તાઓ માટે આંખનો થાક ઘટાડવામાં મદદ કરે છે.



# PMS ડિસ્ટ્રિબ્યુટર્સ માટે APMI માં ફરજિયાત નોંધણીની સેબીની વિચારણા



નવી દિલ્હી | માર્કેટ નિયામક સેબી PMS ડિસ્ટ્રીબ્યુટર્સ માટે એસોસિએશન ઑફ પોર્ટફોલિયો મેનેજર્સ ઇન ઇન્ડિયા (APMI) સાથે ફરજીયાત નોંધણી કરવા પર વિચારણા કરી રહ્યું છે અને પોર્ટફોલિયો મેનેજર્સ ક્લાઇન્ટ્સ માટે ડિજિટલ ઓનબોર્ડિંગ પ્રક્રિયાને પણ વધુ સરળ બનાવવા માટેની યોજના ધરાવે છે. આ પ્રસ્તાવ પોર્ટફોલિયો મેનેજર્સ માટે ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસની પહેલને વધુ સરળ બનાવવાની દિશામાં છે. આ પ્રસ્તાવ નાણાકીય વર્ષ 2023-24 માટે બજેટની જાહેરાતમાં નાણા મંત્રી દ્વારા સલાહકારી અભિગમ દ્વારા નાણાકીય ક્ષેત્રના સહભાગીઓ માટે અનુપાલન ખર્ચને સરળ બનાવવા અને ઘટાડવાની જાહેરાત બાદ રજૂ કરવામાં આવ્યો છે. કન્સલ્ટેશન પેપરમાં, નિયામકે પોર્ટફોલિયો મેનેજર સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર્સ માટે APMI સાથે ફરજીયાત નોંધણી માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ ભલામણ મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીમાં ચાલતી પ્રેક્ટિસને સુસંગત છે, જ્યાં મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર્સને AMFI સાથે રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે તેમજ ડિસ્ટ્રીબ્યુશન સર્વિસ પૂરી પાડવા માટે ARN (AMFI રજિસ્ટ્રેશન નંબર) પ્રાપ્ત કરવો ફરજિયાત છે.


અત્યારે PMSના ડિસ્ટ્રીબ્યુટર તરીકે કામ કરવા માટે પોર્ટફોલિયો મેનેજર દ્વારા રોકાયલ વ્યક્તિએ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિક્યોરિટી માર્કેટ્સ પાસેથી પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. વધુમાં, પોર્ટફોલિયો મેનેજર્સે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે કે ડિસ્ટ્રીબ્યુટર્સ પોર્ટફોલિયો મેનેજર્સ નિયમો હેઠળ નિર્દિષ્ટ આચાર સંહિતાનું પાલન કરે છે.

PMS ડિસ્ટ્રીબ્યુટર્સ માટે APMI રજિસ્ટ્રેશનને ફરજિયાત બનાવવાના લાભ અંગે વાત કરતા સેબીએ જણાવ્યું હતું કે તે PMS ડિસ્ટ્રીબ્યુટર્સને અનુપાલન માટે એકમાત્ર ફાઈલિંગ પૂરું પાડવામાં મદદ કરશે, ઉદ્યોગના ડેટાનું એક્સેસ પ્રદાન કરશે, પોર્ટફોલિયો મેનેજરને સરળ અને ઝડપી એક્સેસ પ્રદાન કરશે અને ઝડપી ફરિયાદ નિવારણમાં પણ મદદરૂપ થશે.

# જી7 દેશોનો ડેટ ટૂ જીડીપી રેશિયો 100%થી ઉપર, ભારતનો 61.57 ટકા છતા ઈન્વેસ્ટમેન્ટનો નીચો ગ્રેડ

અમદાવાદ | વચગાળાના બજેટમાં ફિસ્કલ કોન્સોલિડેશન પર સરકારે નોંધપાત્ર ફોકસ કર્યું છે અને કડકાઈ દાખવી છે અને તેના કારણે ભારતનું ક્રેડિટ રેટિંગ સુધરવું જોઈએ તેમ ૧૫મા નાણાપંચના અધ્યક્ષ એન. ના. સિંહે જણાવ્યું છે. 'જો તમે આ રાજકોષીય માર્ગ પર આગળ વધશો, તો તમે ડેટ ટુ જીડીપી રેશિયોમાં વધારો નહિ ઘટાડો જોશો અને રેટિંગ એજન્સીઓ અને બજાર માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ સંકેત છે.' વચગાળાના બજેટમાં નાણામંત્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૫.૧ ટકા રાજકોષીય ખાધનો લક્ષ્યાંક રાખ્યો છે, જે ૫.૩ ટકાના અંદાજ કરતાં ઓછો છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે રાજકોષીય ખાધનો સુધારેલ અંદાજ ૫.૮ ટકા છે, જે મૂળ લક્ષ્યાંક કરતાં ૦.૧૦ ટકા ઓછો છે. અત્રે નોંધનીય છે કે રેટિંગને લઈને વૈશ્વિક રેટિંગ કંપનીઓ સાથે ભારતનો મતભેદ છે. સરકારનું કહેવું છે કે ભારતને ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડનો સૌથી નીચો સ્તર આપવામાં આવ્યો છે, જે તેની આર્થિક તાકાત પ્રમાણે યોગ્ય નથી. સિંહે કહ્યું, 'અમે રેટિંગ એજન્સીઓની પદ્ધતિઓ અંગે ચિંતિત છીએ. અમે લાંબા સમયથી રેટિંગ અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છીએ અને આ ચિંતા હજુ પણ યથાવત છે કારણ કે આ પદ્ધતિ તમામ દેશોમાં લાગુ કરવામાં આવી રહી નથી. જો તમે જી૭ દેશોના ડેટ ટુ જીડીપી રેશિયો પર નજર નાખો તો તે ૧૦૦ ટકાથી ઉપર છે.

ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મેનેજમેન્ટ (એફઆરબીએમ) રિવ્યુ કમિટીએ જાન્યુઆરી ૨૦૧૭ના રિપોર્ટમાં સૂચન કર્યું હતું કે કેન્દ્ર સરકારે




નાણાકીય વર્ષ ૨૦૨૩ સુધીમાં તેના જીડીપી રેશિયોમાં દેવું ઘટાડીને ૪૦ ટકા કરવું જોઈએ. હવે મોદી સરકારે તેને સુધારીને ૨૦૨૫ નક્કી કર્યું છે, ૨૦૨૦-૨૧ના અંતે કેન્દ્ર સરકારનો ડેટ ટૂ જીડીપી રેશિયો ૬૧.૫૭ ટકા હતો.

## પ્રમેરિકા લાઇફ ઇન્સ્યોરન્સ દ્વારા યંગ ચેન્જમેકર્સ અને સમૃદ્ધ સમુદાયોને સ્વીકારવા માટે ઇમર્જિંગ વિઝનરીઝ પ્રોગ્રામની 13 મી આવૃત્તિની જાહેરાત

ગુરુગ્રામ : ભારતમાં સૌથી ઝડપથી વિકસતા જીવન વીમા કંપનીઓમાંની એક, પ્રમેરિકા લાઈફ ઈન્શ્યોરન્સ, તેની અભિનવ કારણ-સંબંધિત પહેલ, ઉભરતા વિઝનરીઝ ની 13મી આવૃત્તિનું અનાવરણ કરે છે, જે શાળાના વિદ્યાર્થીઓને તેમના સમુદાયોમાં નાણાકીય અને સામાજિક પડકારોના નવીન ઉકેલો માટે પુરસ્કાર આપતો એક રાષ્ટ્રીય માન્યતા પ્રોગ્રામ છે. આ પ્રોગ્રામ પ્રુડેન્શિયલ સ્પિરિટ ઓફ કમ્યુનિટી એવોર્ડ્સના ઉત્ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે, જે વિશ્વભરમાં 27 વર્ષથી 150,000 થી વધુ યુવાન વ્યક્તિઓને માન્યતા આપનાર અને ભારતમાં 13 વર્ષથી વધુનો સમૃદ્ધ વારસો ધરાવતો એક લાંબા સમયથી ચાલતો પ્રોગ્રામ છે. પ્રુડેન્શિયલ ફાઈનાન્સિયલ ઈન્કના હેતુ આધારિત ઈતિહાસ અને પિરામલ ફાઈનાન્સની નાણાકીય કુશળતાનો લાભ લઈને, પ્રમેરિકા લાઈફ ઈન્શ્યોરન્સ નાણાકીય અને સામાજિક પડકારોના નવીન ઉકેલો વિકસિત કરીને તેમના સમુદાયોમાં સકારાત્મક યોગદાન આપનારા બાળકોના નોંધપાત્ર પ્રયત્નોને માન્યતા આપવાની અને ઉજવણી કરવાની તેની યાત્રા ચાલુ રાખે છે.

## માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે અમદાવાદમાં ' હંગર ફ્રી વર્લ્ડ' પહેલનું એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું



અમદાવાદ : દેશની ટોચની ગોલ્ડ રિટેલ બ્રાન્ડ માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે અમદાવાદના સેટેલાઈટ રોડ (શિવરંજની) ખાતે સ્થિત માલાબાર ગોલ્ડ શોરૂમ ખાતે તેની 'હંગર ફ્રી વર્લ્ડ'નું પ્રથમ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરતાં વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. આ વર્ષગાંઠની ઉજવણીના કાર્યક્રમનું ઉદ્ઘાટન અમદાવાદના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રવિણા ડી.કે. (IAS) દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ આ કાર્યક્રમના ચીફ ગેસ્ટ હતાં. ફેબ્રુઆરી, 2023માં શરૂ કરવામાં આવેલી આ પહેલ અંતર્ગત રૂ. 72 લાખના ખર્ચે 3 લાખ લોકોને ભોજનનું વિત્તરણ કરવામાં આવ્યું હતું. જેના માટે માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે એનજીઓ થાનલ સાથે જોડાણ કરી અમદાવાદના વિવિધ સ્થળોએ રોજના 1000 લોકોને ભોજન પૂરુ પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ પહેલનું સંચાલન શહેરમાં સેન્ટ્રલ કિચન મારફત થઈ રહ્યું છે. જે રિક્ષાઓ અને વાનમાં લાભાર્થીઓને ભોજન પ્રદાન કરી રહી છે. માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના ચેરમેન શ્રી એમપી અહમદે જણાવ્યું હતું કે, 'અમે અમારી 'હંગર ફ્રી વર્લ્ડ' પહેલના એક વર્ષના માઈલસ્ટોનની ઉજવણી કરીએ છીએ, અમે અમદાવાદમાં વંચિતોના જીવન પર તેની ઊંડી અસર જોઈ રહ્યા છીએ. અમારી પ્રતિબદ્ધતા ભોજન પૂરું પાડવા ઉપરાંત આ સમુદાયોના જીવનમાં ટકાઉ પરિવર્તન અને સશક્ત બનાવવાની છે. અમે નિશ્ચિતપણે માનીએ છીએ કે સામૂહિક પ્રયાસો સકારાત્મક પરિવર્તન લાવી શકે છે, અને આ વર્ષગાંઠ અમારી પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર છે.' અમદાવાદના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પ્રવિણા ડી.કે. (IAS) એ આ કાર્યક્રમ અંગે કહ્યું હતું કે, "છેલ્લા એક વર્ષથી 'માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની 'હંગર ફ્રી વર્લ્ડ' પહેલની પ્રભાવશાળી સફરના સાક્ષી બનવું ગૌરવની વાત છે.

# કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડ તેના નવા ફંડ સાથે મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર ફોકસ કરે છે

### એનએફઓ 16 ફેબ્રુઆરીના રોજ ખૂલે છે અને 1 માર્ચ, 2024ના રોજ બંધ થાય છે

મુંબઈ | ભારતના બીજા નંબરના સૌથી જૂના મ્યુચ્યુઅલ ફંડ કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડે હવે પછીના મેન્યુફેક્ચરિંગ હબ બનવા માટે ભારતની સંભાવનાઓનો લાભ લેવાના પ્રયાસરૂપે કેનેરા રોબેકો મેન્યુફેક્ચરિંગ ફંડ લોન્ચ કરવાની આજે જાહેરાત કરી હતી. આ ફંડ ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે જે ભારતની મેન્યુફેક્ચરિંગ થીમનું પ્રતિનિધિત્વ કરે છે અને એસએન્ડપી બીએસઈ ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ ટીઆરઆઈ સામે બેન્ચમાર્ક કરાશે. 16 ફેબ્રુઆરી, 2024ના રોજ એનએફઓ ખૂલશે અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને સમર્પિત ફાળવણી પૂરી પાડવાનું માધ્યમ ઓફર કરશે. એનએફઓ 1 માર્ચ, 2024 સુધી ખૂલ્લો રહેશે. કેનેરા રોબેકો મેન્યુફેક્ચરિંગ ફંડ એવા મહત્વના ક્ષણે માર્કેટમાં પ્રવેશે છે જ્યારે ભારતમાં મધ્યમ વર્ગ અને કામ કરતી વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. આ ફંડ ઊભરતી સ્થાનિક માંગ, સાનુકૂળ નીતિગત સુધારા, મજબૂત તથા ડીલિવરેજ કોર્પોરેટ બેલેન્સ શીટ અને સ્થિર રાજકીય માહોલના લીધે સ્થાપિત રોકાણકારો માટે યોગ્ય છે. ભારત આકર્ષક રોકાણ સ્થળ બનવા માટે સારી સ્થિતિમાં જણાય છે. આ ફંડ આત્મનિર્ભર ભારત, પીએલઆઈ, મેક ઈન ઈન્ડિયા, સિંગલ વિન્ડો ક્લીયરન્સ અને આયાત અવેજી જેવા નીતિગત સુધારાથી લાભ લેવાનો ઈરાદો રાખે છે એમ કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડના સીઈઓ રજનીષ નરૂલાએ જણાવ્યું હતું. "ભારત એવા પરિબળોનું સાક્ષી છે જે ઉત્પાદનમાં વધારો કરવા માટે અનુકૂળ છે. મોટા અને વધી રહેલા સ્થાનિક બજારો, સાનુકૂળ સરકારી નીતિઓ, મૂડી ખર્ચ માટે રાજકોષીય સમર્થન, ડી-લિવરેજ્ડ કોર્પોરેટ બેલેન્સશીટ્સ અને વૈશ્વિક સપ્લાય ચેઈન પરિવર્તન જેવા પરિબળો છે જેનાથી ભારતીય ઉત્પાદકો નિકાસ વેલ્યુ ચેઈનમાં ભાગ લઈ શકે છે. આયાત અવેજી અને નિકાસ ઈકોસિસ્ટમ સંભવતઃ આ મેક્રો પરિબળોનું પરિણામ છે.

# NSEએ એશિયામાં '2024 બેસ્ટ ઓફ ધ બેસ્ટ એવોર્ડ્સ' જીત્યો

મુંબઈ | ભારતનું અગ્રણી સ્ટોક એક્સચેન્જ પ્લેટફોર્મ NSEએ એશિયામાં શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ તરીકે ઓળખ સ્થાપિત કરતાં એશિયા એસેટ મેનેજમેન્ટ દ્વારા '2024 બેસ્ટ ઓફ ધ બેસ્ટ એવોર્ડ્સ' હાંસિલ કર્યો છે. એશિયા એસેટ મેનેજમેન્ટ એશિયા-પેસિફિક ટ્રેડ પબ્લિકેશન છે, જે એસેટ મેનેજર્સ, પેન્શન ફંડ્સ અને સંસ્થાકીય રોકાણકારોને સેવા પૂરી પાડે છે. 'બેસ્ટ ઓફ ધ બેસ્ટ એવોર્ડ્સ' એ એશિયા એસેટ મેનેજમેન્ટ દ્વારા આયોજિત વાર્ષિક એવોર્ડ પ્રોગ્રામ છે જે પાછલા કેલેન્ડર વર્ષમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે નાણાકીય સંસ્થાઓ અને પેન્શન ફંડ્સને બિરદાવે છે. NSEએ પ્રાદેશિક એવોર્ડ કેટેગરીમાં આ એવોર્ડ મેળવ્યો છે. NSEની માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્કેટ લિક્વિડિટીમાં સુધારો, ઓપરેશનલ કાર્યક્ષમતા, ક્રોસ-બોર્ડ કનેક્ટિવિટી, વિશાળ સર્વિસ ડિલિવરી, ઈન્સ્ટ્રુમેન્ટ્સનું કવરેજ અને જોખમમાં ઘટાડો કરવા મામલે અગ્રણી હોવાના પગલે એનએસઈએ આ એવોર્ડ હાંસિલ કર્યો છે. એનએસઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કંપનીઓ માટે USD 4 લાખ કરોડ માર્કેટ કેપિટલાઈઝેશન હાંસલ કર્યું છે.


NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રી શ્રીરામ ક્રિષ્નને જણાવ્યું હતું કે, "એનએસઈને એશિયા એસેટ મેનેજમેન્ટના 2024 બેસ્ટ ઓફ ધ બેસ્ટ એવોર્ડ્સથી બિરદાવવા બદલ અમે વાસ્તવમાં ગૌરવ અનુભવીએ છીએ. તે અમારા મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તકનીકી કૌશલ્યનો પુરાવો છે જે અમને વિશ્વમાં અગ્રણી સ્ટોક એક્સચેન્જીસમાં સામેલ કરે છે. અમે સારી રીતે સંચાલિત ભારતીય કેપિટલ ઈકોસિસ્ટમને સક્ષમ બનાવવા તેમજ વિકાસલક્ષી કામગીરી કરવામાં સતત માર્ગદર્શન અને સહકાર આપવા બદલ સરકાર, નિયમનકારો અને અન્ય સ્ટેકહોલ્ડર્સનો આભાર માનીએ છીએ. NSEને ગયા વર્ષે રેગ્યુલેશન એશિયા દ્વારા એક્સચેન્જ ઓફ ધ યર એવોર્ડનું ગૌરવ હાંસલ કર્યુ હતું." NSE સતત અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપી રહ્યું છે, જે એકીકૃત અને બજારની કામગીરીનું સાતત્ય જાળવવાની ખાતરી સાથે ઈનોવેશન અને ઝડપી અમલીકરણ માટે કાર્યરત છે.

## બીએમડબ્લ્યૂ મુંબઈમાં જોયટાઉનની બીજી આવૃત્તિ રજૂ કરે છે

મુંબઈ : અદભુત મ્યુઝિક અને ડ્રાઈવિંગ ફેસ્ટિવલ અગાઉ ક્યારેય નહીં તે રીતે ઓટોમોટિવ રોમાંચ, મંત્રમુગ્ધ કરનારું સંગીત, વાનગીઓ અને બીએમડબ્લ્યૂ, મીની તથા બીએમડબ્લ્યૂ સાથે બેજોડ મોજમસ્તી સાથે વધુ ભવ્ય બન્યો છે. શ્રી. વિક્રમ પાવાહ, પ્રેસિડેન્ટ, બીએમડબ્લ્યૂ ગ્રુપ ઈન્ડિયા કહે છે, "મુંબઈમાં નાવીન્યપૂર્ણ મહોત્સવ જોયટાઉનની બીજી આવૃત્તિ લાવવા માટે અમે ભારે રોમાંચિત છીએ, જ્યાં ડ્રાઈવિંગનો રોમાંચ સંગીતની સ્વર્ણિમ દુનિયા સાથે વિલીન થાય છે. જોયટાઉન ઉજવણી બીએમડબ્લ્યૂ, MINI અને બીએમડબ્લ્યૂ મોટરેડની ખૂબીઓનું પ્રતિબિંબ પાડે છે, જે નામાંકિત સંગીતકારોના મંત્રમુગ્ધ કરનરા લય સાથે અવ્વલ ઓટોમોટિવ પ્રગતિઓને જોડે છે. અમે જોયટાઉન ખાતે અવિસ્મરણીય પ્રવાસનું વચન આપીએ છીએ, જ્યાં સૂઝબૂઝપૂર્વકનું એન્જિનિયરિંગ નિર્ભેળ જોશ સાથે ભળી જાય છે અને દરેક ગલી ઉત્તમ અને અવિસ્મરણીય અનુભવ માટેની ક્ષિતિજમાં ફેરવાઈ જાય છે.

# સવારે ખાલી પેટ મેથીનું પાણી પીવાથી આ બીમારીઓ થાય છે દૂર

**મેથી ભલે ગમે તે સ્વરૂપમાં લેવામાં આવે, તેમાં વિટામિન, મિનરલ્સ અને એન્ટીઑકિસડન્ટ જેવા પોષક તત્વો મળી આવે છે. જે બ્લડમાં સુગર લેવલને નિયંત્રિત કરે છે. મેથીમાં ફાઈબર અને મેગ્નેશિયમ જેવા પોષક તત્વો બ્લડ શુગર લેવલ ઘટાડવામાં મદદ કરે છે. મેથી દાણાથી બ્લડ સુગરને કંટ્રોલ કરી શકાય છે. આટલું જ નહીં, ખાલી પેટ મેથીનું પાણી પીવાથી વજન અને સુગર બંને ઝડપથી ઘટવા લાગે છે. ખાલી પેટ મેથીનું પાણી શરીરને ઘણુ ફાયદાકારક છે.**



**પાચન તંત્ર |** ઘરમાં વડીલો પણ કહેતા હોય છે કે, મેથીનું પાણી શરીરમાં રહેલી ઘણી સમસ્યાનું સમાધાન બને છે. જો તમને પાચન સંબંધિત સમસ્યાઓ હોય તો મેથીને આખી રાત પાણીમાં પલાળી રાખો અને સવારે પીવાથી પાચન સંબંધી અનેક સમસ્યાઓમાં રાહત મળશે. આ સિવાય આ પાણી પીવાથી ગેસ, અપચો અને કબજિયાતથી રાહત અપાવવામાં મદદ કરે છે. મેથીમાં હાજર ફાઈબર મળને નરમ બનાવે છે. પાણીમાં રહેલા પાચન ઉત્સેચકો ખોરાકને સરળતાથી પચાવવામાં મદદ કરે છે. મેથી મેથીમાં સોડિયમ, પોટેશિયમ, ફાઈબર, આયર્ન, કેલ્શિયમ, વિટામિન ડી અને વિટામિન સી જેવા ઘણા પોષક તત્વો હોય છે,

**સ્કિન |** ઉમર વધતાની સાથે ફેસ પર ખીલ અને સ્કિન સંબંધીત સમસ્યાઓ આવવા લાગે છે, પરંતૂ તમે તમારા રસોડામાં રહેલી મેથીનો ઉપયોગ કરીને આ પ્રોબલમને પણ હલ કરી શકો છો. મેથીનું પાણી ત્વચાને પોષણ આપે છે. મેથીનું પાણી ત્વચાની એલર્જીને ઓછી કરે છે. તે સરળતાથી ખીલ, ડાઘ દૂર કરે છે અને ત્વચાને નરમ અને ચમકદાર બનાવે છે.

**શરદી અને ઉધરસ |** દાણામાં મ્યુસિલેજ નામનું તત્વ હોય છે. તેનાથી શરદી અને ઉધરસમાં રાહત મળે છે. આ માટે એક કપ પાણીમાં એક ચમચી મેથીના દાણા ઉકાળો અને જ્યારે પાણી અડધુ રહી જાય ત્યારે તેને ગાળીને પી લેવુ. તમને તેનાથી ફરક દેખાશે.

**વજન ઘટાડવા |** આજના ભાગદોડ ભર્યા જીવનમાં ઘણા લોકોને વજન વધી જવાનો ડર હોય છે. પરંતૂ મેથીમાં ફાઈબર વધુ હોય છે જે ભૂખને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. જે વજન ઘટાડવામાં મદદ કરે છે. સાંધાના દુખાવાથી પણ મેથીના પાણીથી રાહત મળે છે.

**પીરિયડ્સ |** મેથીના પાણીથી માસિક ધર્મમાં થતી ઘણી સમસ્યાઓથી પણ રાહત મળે છે. મેથીનું પાણી સ્પર્મ કાઉન્ટ વધારે છે. મેથી ભૂખ વધારવામાં મદદ કરે છે.



**શુગર કંટ્રોલ |** મેથીનું પાણી પીવાથી ડાયાબિટીસ કંટ્રોલ કરવામાં મદદ મળે છે. મેથી બ્લડ સુગરનું પ્રમાણ ઘટાડીને ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**મેથીનું પાણી કેવી રીતે બનાવવું |** મેથીનું પાણી બનાવવા માટે સૌથી પહેલા 1 ચમચી મેથીના દાણાને 1 ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખો. આ પછી, સવારે ઉઠ્યા પછી, આ પાણીને ગાળીને ખાલી પેટે તેનું સેવન કરો. થોડા દિવસોમાં તમને ઘણી બધી સમસ્યાઓમાંથી રાહત મળી જશે.

# જોખમી ગર્ભાવસ્થા માગે વિશેષ કાળજી જાણો રિસ્કી પ્રેગનેન્સી એટલે શું?



કોઈપણ સ્ત્રી માટે ગર્ભાવસ્થા તેના જીવનનો સૌથી મહત્ત્વનો અને રોમાંચક તબક્કો હોય છે. દરેક મહિલાની પ્રેગેનેન્સી પણ વેગવેગળા પ્રકારની હોય છે. ઘણી વખત જોવામાં આવ્યું છે કે ગર્ભવતી મહિલાને પ્રારંભિક તબક્કે ખાસ કોઈ સમસ્યા નથી હોતી. પણ વખત જતાં સમસ્યાઓ સર્જાતી હોય છે. જ્યારે કેટલીક સ્ત્રીઓની ગર્ભાવસ્થા પ્રારંભિક તબક્કાથી જ જોખમી હોય છે. આવી ગર્ભાવસ્થા જે તે મહિલા અને તેના ગર્ભસ્થ શિશુ માટે પણ જોખમી હોવાથી ગર્ભવતી સ્ત્રી અને તેની કૂખમાં ઉછરતાં શિશુની વિશેષ કાળજી માગી લે છે. અહીં એ જાણવું જરૂરી બની રહે છે કે તેમને કયા અને કેવા જોખમોનો સામનો કરવો પડે છે.

સૌથી પહેલા તો એ સમજી લેવું જરૂરી બની રહે છે કે જોખમી ગર્ભાવસ્થામાં ગર્ભવતી સ્ત્રીની વય વિશેષ મહત્ત્વ ધરાવે છે. જો સંબંધિત મહિલા સાવ નાની વયની, એટલે કે તરૂણી હોય તો પ્રેગનન્સીમાં સમસ્યાઓ સર્જાય છે. તેવી જ રીતે મોટી વયની, એટલે કે ચાળીસીમાં હોય કે ચાળીસી વટાવી ચૂકી હોય એવી સ્ત્રીઓની પ્રેગનન્સી જોખમી- પડકારજનક હોય છે.

જ્યારે કોઈ મહિલાની ગર્ભાવસ્થા જોખમી જણાય ત્યારે તેની વ્યવસ્થિત તબીબી તપાસ અત્યાવશ્યક બની જાય છે. તેની મેડિકલ હિસ્ટ્રીમાં જો કોઈ જટિલતાઓ હોય, તેની કોઈ શસ્ત્રક્રિયાઓ થઈ હોય અથવા કોઈ પુરાણી વ્યાધિ હોય તો ગર્ભાવસ્થા વધુ જોખમી બની જાય છે.

જો ગર્ભવતી સ્ત્રીની કૂખમાં બે કે તેથી વધુ શિશુ ઉછરતાં હોય તો માતા અને ગર્ભસ્થ શિશુઓની વિશેષ કાળજી અત્યંત જરૂર ગણાય છે. ગર્ભાવસ્થાના પ્રારંભિક તબક્કે બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ) ને ધ્યાનમાં લેવા સાથે પ્રવૃત્તિમય રહેવું જરૂરી છે. આ સમય દરમિયાન આવતી સ્થૂળતાને પગલે ઘણી સમસ્યાઓ સર્જાઈ શકે. આવી સમસ્યાઓમાં ગર્ભપાત, ગર્ભસ્થ શિશુમાં આવતી વિકલાંગતા, રક્તનું ગંઠાઈ જવું, ઉચ્ચ રક્ત ચાપ, ગર્ભસ્થ શિશુનો વધારે પડતો વિકાસ, ગર્ભાવસ્થામાં થતો મધુપ્રમેહ, અવિકસિત ગર્ભ ઈત્યાદિનો સમાવેશ થાય છે. જો કે બીએમઆઈ ઓછું હોય તોય બાળકનો અપૂરતો વિકાસ, અધુરા મહિને થતી પ્રસૂતિ, લોહ તત્ત્વની ઊણપને પગલે રક્તાલ્પતા જેવી સમસ્યાઓ પણ સર્જાઈ શકે.

આવી સ્થિતિમાં પોષક આહાર માતા અને ગર્ભસ્થ શિશુના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ગર્ભવતી સ્ત્રીએ સમયસર પોષક આહાર લેવો જોઈએ અને તમાકુ, આલ્કોહોલ જેવા માદક પદાર્થોના સેવનથી દૂર રહેવું જોઈએ. આ પ્રકારના પદાર્થો ગર્ભવતી સ્ત્રી તેમ જ ગર્ભસ્થ શિશુ માટે મોટું જોખમ નોતરે છે.

ગર્ભાવસ્થામાં વધારે પડતી ચિંતા પણ માતા અને ગર્ભસ્થ શિશુ માટે જોખમી બને છે. જો સગર્ભા ચિંતાભર્યા તબક્કામાંથી પસાર થઈ રહી હોય તો સ્ટ્રેસ મેનેજમેન્ટ ટેક્નિક અપનાવવી અત્યંત જરૂર બની જાય છે. આવું જ કંઈક હાઈપરટેન્શન બાબતે, પણ કહી શકાય. ગર્ભવતી સ્ત્રીએ જીવનશૈલીમાં બદલાવ લાવીને તેમ જ જરૂરી ઔષધિઓનું સેવન કરીને હાઈપરટેન્શનને નિયંત્રિત કરવું રહ્યું. તેવી જ રીતે જો ગર્ભાવસ્થામાં મધુપ્રમેહ આવે તો તેને નિયંત્રિત રાખવું એટલું જ જરૂરી છે.

સગર્ભા સ્ત્રીને પ્રસૂતિમાં કોઈ પ્રકારની સમસ્યા ન સર્જાય અને સર્જાય તોય તે હિંમતપૂર્વક તેનો સામનો કરી શકે તેને માટે ગર્ભાવસ્થા દરમિયાન જ સંબંધિત તબીબ સાથે નિખાલસ વાતચીતનો દોર જારી રહેવો જોઈએ.

**જો સગર્ભા ચિંતાભર્યા તબક્કામાંથી પસાર થઇ રહી હોય તો સ્ટ્રેસ મેનેજમેન્ટ ટેક્નિક અપનાવવી અત્યંત જરૂર બની જાય છે. આવું જ કંઇક હાઇપરટેન્શન બાબતે, પણ કહી શકાય**

# પુરુષો માટે સ્ટેમિના બુસ્ટર સાબિત થાય છે ડાર્ક ચોકલેટ



## મૂડની સાથે સુધારશે લવ લાઈફ

નાના મોટા સૌ કોઈને ચોકલેટ ખૂબ જ ભાવે છે. જોકે જે લોકોને દાંતની તકલીફ હોય અથવા તો ડાયાબિટીસ કે વધારે વજનની સમસ્યા હોય તેઓ ચોકલેટ ખાવાનું ટાળે છે. પરંતુ જો ચોકલેટને તમે મર્યાદિત માત્રામાં ખાવાનું રાખો છો તો તે ફાયદો પણ કરે છે. ખાસ કરીને ચોકલેટથી સૌથી વધુ ફાયદો પુરુષોને થાય છે. એક સર્વે અનુસાર ચોકલેટ ખાવાથી રોમેન્ટિક લાઈફ સુધરે છે. ચોકલેટ એક નેચરલ એન્ટિઓક્સિડન્ટ છે. ચોકલેટમાં કોકોઆ હોય છે જે બ્લડ સર્ક્યુલેશન ને વધારે છે અને મૂડને સુધારે છે. રિસર્ચ અનુસાર ચોકલેટ ખાવાથી સેક્સ લાઈફ સુધરે છે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે ચોકલેટ ખાવાથી સેક્સ લાઈફ બુસ્ટ થાય છે. ચોકલેટ ખાવાથી મગજમાં એન્ડોર્ફીન રિલીઝ થાય છે. આ હોર્મોન શરીર અને મનને રિલેક્સ કરે છે. તેને હેપ્પી હોર્મોન પણ કહેવાય છે. ચોકલેટ ખાવાથી આ હોર્મોન શરીરમાં વધે છે. જેનાથી મેન્ટલ હેલ્થ સુધરે છે. ચોકલેટ ખાવાથી મૂડ પણ સારો રહે છે. રિસર્ચ અનુસાર ચોકલેટમાં કેટલાક એવા તત્વ હોય છે જેને લવ કેમિકલ પણ કહેવાય છે. ખાસ કરીને પુરુષો જો ચોકલેટ ખાય છે તો તેમને વધારે ફાયદો થાય છે. ચોકલેટમાં રહેલા કેટલાક તત્વો વ્યક્તિને કામુક કરવા માટે સક્ષમ હોય છે. બેલ્જિયમના વૈજ્ઞાનિકોનો દાવો છે કે ડાર્ક ચોકલેટ ખાવાથી પુરુષોમાં સેક્સ પર્ફોર્મન્સ સુધરે છે. સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે ચોકલેટમાં જે કોકોઆ હોય છે તે શરીરમાં બ્લડ સર્ક્યુલેશન સુધારે છે અને પુરુષોનો સ્ટેમિના અને પર્ફોર્મન્સ બંને વધે છે. આ ઉપરાંત ચોકલેટમાં પીઈએ નામનું યોગિક હોય છે જે સેક્સ માટેનો મૂડ બનાવે છે. વૈજ્ઞાનિકોનું એવું પણ કહેવું છે કે ડાર્ક ચોકલેટ ડોપામાઈન નામનું હોર્મોન શરીરમાં ઉત્પન્ન કરે છે જેના કારણે જો પુરુષો શારીરિક સંબંધ બનાવતા પહેલા ડાર્ક ચોકલેટ ખાય છે તો તેમનો સ્ટેમિના વધે છે.

# શિયાળામાં આવતા અનાજ, કઠોળ, શાકભાજીનો ઉપયોગ ઉનાળામાં નહતો થતો

એવું નથી લાગતું વિદેશી ખાનપાન એ ભારત માં પ્રવેશ કર્યો ત્યાંથી લોકો ની હેલ્થ અંગે ની સમસ્યા માં વધારી થયો છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર યુગો થી "અન્ન બ્રહ્મ" આપણા વેદિક સંસ્કૃતિ અનુસાર ભોજન ની રીતભાત ઋતુ અનુસાર મરી મસાલા થી લઈને શાક ભાજી ને ખોરાક માં લેવાનો રિવાજ હતો. શિયાળા ની સીઝન માં આવતા આંનજ થી લઈને કઠોળ ,શાકભાજી થી લઈને ફ્રુટ નો ઉપયોગ ઉનાળા માં નહતો થતો એજ રીતે ઉનાળા અને શિયાળા ઋતુ માં થતી પેદાશ એ ચોમાસા માં વાપરવાનો નિષેધ હતો.વર્તમાન યુગમાં બાળકો ને બાળપણ થી જ અનેક સમસ્યાઓ હોય છે જેવી કે પાચન ને લાગતી કબજિયાત,કૃમિ નબળું સ્વાસ્થ્ય વગેરે. માતાના આચાર વિચાર અને ખોરાક એ ગર્ભ માં પાલતુ બાળક માં માટે અગત્ય નું છે. ફૂડ એ માત્ર ફૂડ નથી એ શરીર માં વહેતા પ્રત્યેક બુંદ લોહી થી જ માણસ જીવી શકે છે. પ્રાચીન સમય માં ગર્ભવતી સ્ત્રીઓ ની બેઠક થી લઈને સૂવાની વ્યવસ્થા નું પણ વિશેષ ધ્યાન રાખતા હતા. ગર્ભવતી સ્ત્રીઓના ભોજન માં આયર્ન,પ્રોટીન,વિટામિન્સ સાથે ઋતુ અનુસાર ભાજીઓ પણ ભોજન આવે એના પર ભાર મુકતા હતા.



પ્રાચીન સમય માં મોટાભાગના ગરીબ થી લઈને રાજા બાળકો ને સમજણ આવતા જ ગુરુકુળ માં વિદ્યા અભ્યાસ માટે મોકલી દેવામાં આવતા હતા.એ સમય માં વારંવાર યુદ્ધ વગેરે ના લીધે બાળકો નું પ્રશિક્ષણ એ યુદ્ધ વિદ્યા નું પણ વિદ્યા અભ્યાસ માં સ્થાન હતું. બાળકો બાળપણ થી જ ચુસ્ત તંદુરસ્ત બને એ માટે ભોજન માં દૂધ, ઘી સાથે અન્ય પૌષ્ટિક આહાર નું મહત્વ હતું. ગુરુકુળ નું ભોજન તામસી પ્રકૃતિ વગર નું શુધ્ધ ઘી માં બાળકો ના સ્વાદ અનુસાર બનતું હતું. પ્રાચીન સંસ્કૃતિ માં ભોજન ની પવિત્રતા નું વિશેષ ધ્યાન રાખતા હતા. ઋતુ માં આવતા અનાજ ને પાણી થી ધોઈ ને તડકા માં સુકવ્યા બાદ જ માટી ની કોઠી માં ભરતા હતા.ઘી,દૂધ ને પણ પચીસ વખત ગાળી ને વપરાશ માં લેવાતા હતા. નહાયા વગર નું ભોજન એ મૃત્યુ બાદ ની અંતિમ ક્રિયા માનવા મા આવતી હતી. જમ્યા પહેલાં અને જમ્યા બાદ ચૂલા ની રાખ થી પંદર વાર હાથ ધોવા ફરજિયાત હતા..ભોજન માંથી થોડું અન્ન જમીન પર મૂકી ને પાણી હાથ માં લઈને થાળી ની ગોળ ફેરવી ને સાઈડ મા મુકી ને ઈષ્ટ દેવ ને યાદ કરીને ભોજન નો પહેલો કોળિયો મુખ માં મુકવા નો રિવાજ ફરજિયાત હતો.. કહેવાય છે કે માટી એ પૃથ્વી તત્વ છે ને માટી ના વાસણ મા પકવેલું અન્ન એ શુધ્ધ હોય છે.એ સમય માં માટી કે કોપર ના વાસણ મા ભોજન પકવતું ને પીતળ કે કાસા,ચાંદી ના પાત્ર માં ભોજન પીરસતું હતું. કોપરમાં બનેલું ભોજન એ તંદુરસ્તી માટે અત્યંત ફાયદાકારક છે.

પ્રાચીન સમયમાં અનાજ માં જવ,રાગી,જુવાર,બાજરો મોરયો એ ભોજન માં નિયમિત લેવાતો હતો.કંદ મૂળ, દાળ,કઠોળ,શાકભાજી,નોન વેજ, ફળ વગેરે.આ પ્રત્યેક પદાર્થો એ પોષક તત્વો થી ભરપુર હતા ને પાચન તંત્ર માટે પ્રાચીન વિજ્ઞાન અનુસાર ઉતમ માન્યા છે. આજ કારણો સર પ્રાચીન ભારત તન,મન ને હદય થી સમૃદ્ધ હતું.એનું મુખ્ય કારણ પ્રાચીન ભારત એ એની સભ્યતા,સંસ્કૃતિ, ધર્મ અને ખોરાક ને અધિક મહત્વ આપતું હતું. એ સમયે ભારત સોનાની ચિડિયા આમ જ નહતી કહેવાતી.. અર્વાચીન યુગનો પ્રારંભ થયો ને રાજા રજવાડા એ મૂળ સંસ્કૃતિ પરથી પક્કડ ગુમાવતા ભારત માં એનેક વિદેશી આક્રમણો ભારત પર થયા. ફ્રેન્ચ,પોર્ટુગીઝ,અંગ્રેજ વગેરે વિદેશી પ્રજા એ ભારત માં કાયમી દેરા તંબુ તાણીને વસી ગયા.એ લોકો એનો ખોરાક ભારત માં સાથે લાવ્યા ને એ સાથે મૂળ શુધ્ધ પોષ્ટિક ખોરાક ધીમે ધીમે ભૂલતો ગયો. જવ, રાગી, જુવાર, દાળ, કઠોળ, બાજરા, કંદમૂળ લસણ શાકભાજીની જગ્યા એ બટેટા, ટમેટા, ડુંગળી, ઘઉં, ચોખાએ ભારતીય ની થાળી માં કાયમી સ્થાન મેળવી લીધું. ઓછા લોકો જાણતા હશે કે એ સમય માં નાડી નિષ્ણાંત વૈદ્યરાજ બટેટા, ડુંગળી,ટમેટા, ઘઉં,ચોખા ને વાયુ પ્રમાદ અને અપાચ્ય એટલે પાચનતંત્ર અને લિવર ના દુશ્મન માન્યા હતા.પરંતુ માણસ ના મનને એના ખુદ કરતા યુગ પરિવર્તન વધારે અસર કરતું હોય છે.યુગો થી અંગ્રેજો અને મુઘલો નું શાસન ભારત માં સ્થાયી થતાં ભારતીય સંસ્કૃતિ,સભ્યતા,ખોરાક એ સમય અનુસાર લુપ્ત થવા લાગ્યું. આપણું ખાનપાન એ સંપૂર્ણ વિદેશી થઈ ગયું..

વર્તમાન સમયમાં તો ઘઉં અને ચોખા વગર નું ભોજન અધૂરું છે રીંગણ ને શાકભાજી ના પદ પરથી હટાવી ને બટેટા રાજા કહેવાય છે..ટમેટા ડુંગળી વગરનું ના બાબા ના ચાલે જોઈએ મતલબ જોઈએ..ઘઉં નો લોટ કરકરો વપરાય તો એ વધારે નુકશાન કારક નથી પરંતુ ઘઉ નો મેંદો બને ને એ નિયમિત વપરાશ માં લેવાય તો અવશ્ય નુકશાન દે છે. પ્રશ્ન એ થાય કે અંગ્રેજો ને વધારે પડતો મેંદો,બટેટા,ટમેટા,ડુંગળી વગેરે કેમ નડતા નથી? તો એનો જવાબ એ છે કે ત્યાં ઠંડી નું પ્રમાણ હદ થી વધારે છે એટલે ઠંડી થી બચવા નિયમિત મદિરા સેવન કરવું પડે છે. ભારત માં આમટી એટલે છાશ સાથે ભોજન લેવાનો રિવાજ છે ને ત્યાં ભોજન ની સાથે ડ્રીંક માં વ્હસ્કી, બ્રાંડી વગેરે લેવાની પરંપરા છે એટલે તો વાયુ નું પ્રમાણ શરીર માં વધારતા નથી.



**દેશી ખોરાક અપનાવીએ**

**- રુપાલી દવે**


મોર્ડન યુગ એ વર્તમાન યુગ કરતા ફૂડ ના મામલે બેત્રણ પગલાં આગળ છે.. થાય કે વર્તમાન અને મોર્ડન માં ફર્ક શું છે? ઘણો એટલે વધારે પડતો છે હાલ ના સમય માં મોટાભાગ લોકોના ઘરના નાસ્તા ના ડબ્બા માંથી બિસ્કીટ, ખારી,ટોસ્ટ વગેરે મેંદા માંથી બનતી ફૂડ આઈટમ મોટા પ્રમાણ માં મળશે..બાળકો ને ભૂખ લાગી તો દો મિનિટ મેગી, પાસ્તા.. મીઠાઈ ખાવાનું મન થયું તો કે, ડો નટ, ચોકલેટ્સ વગેરે..વૃદ્ધ થી લઈને યુવાન પૂછો કે ફેવરિટ ફૂડ ડીશ કઈ તો મોટાભાગ ના બોલશે ચાઈનીઝ,પંજાબી.. બાળકો ને પૂછશો તો બોલશે કે પીઝા,સેન્ડવીચ વગેરે..ચાઈનીઝ માં હજી ના મોટો નો ઉપયોગ ભરપુર માત્રા માં થાય છે ને એ લિવર ને વધારે નુકશાન કરે છે..જ્યારે પંજાબી, પીઝા, પાસ્તા, સેન્ડવીચમાં ભરપુર મેંદાનો યુઝ થતો હોય..

વિચારો પચવા મા અતિભારે ફુડ નો ઉપયોગ વધારે થવા ના કારણે લોકો વધારે ને વધારે બીમારીઓ થી પીડાય રહિયા છે. આજ થી ૩૦ થી ૪૦ વર્ષ પહેલાં માંડ માંડ ગણ્યા ગાંઠ્યા ડાયાબિટીસ,બી.પી વગેરે રોગ ના દર્દીઓ હતા એના બદલે આજ ગલી નાખે હોસ્પિટલો સાથે દર્દીઓ ના રાફડા ફાટ્યા છે.. દર ઘર દીઠ એક દ બે દર્દી તો ડાયાબિટીસ કે બી.પી નીકળવાના જ એ નક્કી. ભારતીય ફૂડ બજાર કરતા લોકો એ વિચારવું પડશે કે લાઈફ ને ઉમર પહેલા ડોક્ટર ની પ્રયોગશાળા બનાવી છે કે જીવ્યા સુધી તંદુરસ્ત ચુસ્ત જીવન જીવવું છે. આ માટે સ્વદેશી ફૂડ નો બને ત્યાં સુધી ભરપુર ઉપયોગ કરો ને એ પણ પ્રાચીન સંસ્કૃતિ અનુસાર ફૂડ ની પવિત્રતા સાથે અપનાવો..ફૂડ અને પાણી નક્કી કરે છે માણસ ની આયુ અને સ્વાસ્થ્ય..પાણી મતલબ નો મિનરલ, ભગવાન એ પાણી માં મનુષ્ય ના શરીર ને અનુકૂળ બધાજ મિનરલ પાણી માં મૂક્યા છે એટલે પાણી જરૂરી છે એ કંઈ કંપની નુ છે એ મહત્વનું નથી..


## નોરા ફતેહીએ બોડીકોન ગાઉનમાં આપ્યા કિલર પોઝ, ફેન્સે કહ્યું- સો બ્યૂટીફુલ



બોલિવૂડમાં પોતાના કિલર ડાન્સ મૂવ્સ અને હોટ ફિગર માટે અવારનવાર હેડલાઈન્સમાં રહેતી નોરા ફતેહીએ હાલમાં ઈન્સ્ટાગ્રામ પર પોતાની તસવીરો શેર કરી છે. અભિનેત્રીએ સ્વેગ બતાવીને કિલર અદાઓ બતાવી છે. આ તસવીરોમાં નોરા ફતેહી એક હોટ પોઝ આપતી જોવા મળે છે અને તેની સ્ટાઈલ પણ બેજોડ છે. જો નોરા ફતેહીના લુકની વાત કરીએ તો તે બ્રાઉન કલરના ટર્ટલનેક ફુલ સ્લીવ બોડીકોન ગાઉનમાં ખૂબ જ બોલ્ડ અંદાજમાં જોવા મળી રહી છે. નોરા ફતેહીએ આ તસવીરો ખૂબ જ રસપ્રદ કેપ્શન સાથે શેર કરી છે. નોરા ફતેહીની આ તસવીરો પર લાખો ચાહકો વાહ, ખૂબસૂરત, રાણી, ચંદ્ર, અદભૂત, ખૂબ જ સુંદર અને કેવી સુંદરતા જેવી ટિપ્પણી કરતા જોવા મળે છે. આ પહેલા નોરા ફતેહી આ રીતે ફેન્સના દિલના ધબકારા વધારતી જોવા મળી.



## મલાઈકા અરોરાએ બોલ્ડ અંદાજમાં કરાવ્યું ફોટોશૂટ, લોકોએ કરી જોરદાર ટ્રોલ



મુંબઈ | બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની પોપ્યુલર એક્ટ્રેસ મલાઈકા અરોરા ભલે ફિલ્મોમાં ઓછી જોવા મળે પરંતુ સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. મલાઈકા અરોરા અવારનવાર પોતાના ફોટા અને વીડિયો શેર કરતી રહે છે. મલાઈકા અરોરાએ હવે બોલ્ડ અંદાજમાં ફોટોશૂટ કરાવ્યું છે અને તેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. મલાઈકા અરોરાની બોલ્ડ તસવીરો ઝડપથી વાયરલ થઈ રહી છે જેને ચાહકો પસંદ કરી રહ્યા છે. તે જ સમયે, મલાઈકા અરોરા પણ તેના લેટેસ્ટ ફોટોશૂટને લઈને ટ્રોલ થઈ રહી છે. મલાઈકા અરોરાએ ફોટોશૂટ કરાવ્યું છે. મલાઈકા અરોરાએ અલગ-અલગ એંગલથી ક્લિક કરેલા ફોટોઝ મળ્યા છે. મલાઈકા અરોરાએ પણ ક્યારેક ઉભા રહીને અને ક્યારેક બેસીને પોઝ આપ્યા છે.મલાઈકા અરોરાએ તેના લેટેસ્ટ ફોટોશૂટ દરમિયાન તેના ટોન્ડ લેગ્સ ફ્લોન્ટ કર્યા હતા. મલાઈકા અરોરાના ડ્રેસે પણ લોકોનું ધ્યાન ખેંચ્યું છે. જ્યાં મલાઈકા અરોરાના ચાહકો તેના વખાણ કરી રહ્યા છે તો તે ટ્રોલ પણ થઈ રહી છે. મલાઈકા અરોરા અવારનવાર ફોટોશૂટ કરાવે છે. મલાઈકા અરોરાના ફોટોશૂટની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતી રહે છે.



## 'ઉડાન' ફેમ અભિનેત્રી કવિતા ચૌધરીનું 67 વર્ષની વયે હ્રદયરોગના હુમલાથી નિધન

મુંબઈ | કવિતા ચૌધરીનું 67 વર્ષની વયે હ્રદયરોગના હુમલાથી નિધન થયું છે.છેલ્લા ત્રણ-ચાર દિવસથી કવિતા ચૌધરીને અમૃતસરની પાર્વતી દેવી હોસ્પિટલમાં દાખલ હતા. ગત રાત્રે 8.30 વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. કવિતાએ દૂરદર્શનની ખૂબ જ લોકપ્રિય સિરિયલ 'ઉડાન'માં IPS ઓફિસર કલ્યાણી સિંહની ભૂમિકા ભજવીને લોકપ્રિયતા મેળવી હતી. અહેવાલો અનુસાર, અભિનેત્રીના અંતિમ સંસ્કાર 16મી ફેબ્રુઆરીએ શિવપુરી અમૃતસરમાં કરવામાં આવ્યા હતા. કવિતા ચૌધરી સિરિયલ 'ઉડાન', 'યોર ઓનર' અને IPS ડાયરીઝ જેવા શો પણ કર્યા હતા.

## બીચ પર કૂલ લૂકમાં જોવા મળી હિના ખાન, બ્લૂ આઉટફિટ્સમાં આપ્યા પોઝ

મુંબઈ | હાલમાં હિના ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ પોસ્ટ શેયર કરી છે. તેમા તે કોઈ બીચ પર આરામદાયક મૂડમાં જોવા મળી રહી છે. આ સમયે તેણીએ શોર્ટ્સ અને ફૂલ સ્લીવની બ્લૂ ટીશર્ટ પહેરી છે. આ સાથે માથામાં સિમ્પલ અંબોડો વાળીને હાથમાં એક કપ લઈને દરિયાકિનારે એક્ટ્રેસ આરામ કરી રહી છે. એક્ટ્રેસનો કૂલ લૂક ફેન્સને પસંદ આવ્યો.





## સફળતા પાછળ દોડતા માનવીની કથા ગુજરાતી ફિલ્મ નાસૂર

મુંબઇ | સફળતા પાછળ દોડા દોડી કરતા માનવીની વાત કહેતી મનોજ આહીર પ્રોડકશન સ્ટોરી ટેલ ફિલ્મ પ્રસ્તુત ગુજરાતી ફિલ્મ નાસૂર

ધંધાકીય હરીફાઈમાં સફળતા મેળવવા દોડતા માણસ છેવટે લાગણીને સંબધો માટે તરસતો જોવા મળે છે. પૈસા પાવર ને નામના પાછળ દોડતો માણસ જ્યારે એકલતા અનુભવે છે ત્યારે એકલતાનો ઘા નાસૂર બની જાય છે. એ નાસૂર ને રૂઝાવવા લાગણી પ્રેમના સંબધોની જરૂર પડે શું આ લાગણી પ્રેમ એને મળશે? એનો નાસૂર બની ગયેલો ઘા રુજાશે? આવી અદ્દ્ભૂત કથાનક વાળી ફિલ્મ નાસૂર કાજલ મહેતાએ લખી છે તો રીષીલ જોષી એ ડિરેક્ટર કરી છે. જ્યારે હિતુ કનોડિયા, નિલમ પંચાલ ની જોડીએ અદભૂત અભિનવ કર્યો છે. સાથે ડેનીશા ઘુમરા, હિના વર્ડે, હેમિન ત્રિવેદી, વૈશાખ રતનબેન રાઠોડ ને વિશાલ ઠક્કર જોવા મળશે. હિતુ કનોડિયા ને નિલમ પંચાલ નો અભિનય પળે પળે હવે શું થશે ? નો અનુભવ કરાવે છે ટૂંકમાં રૂપિયા પાછળ દોડતા માણસને નાસૂર બની ગયેલા ઘા રૂઝાવવા માટે લાગણી પ્રેમ રૂપી મલમ મળશે ખરો? એ જોવા નાસૂર ફિલ્મ જોવી જ રહી.

## જૉની લિવરે બોલીવૂડના બંને ખાનના દિલ ખોલીને કર્યા વખાણ





નવી મુંબઇ | ફેમસ કોમેડી સ્ટાર જોની લીવરે ઘણી ફિલ્મોમાં પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતી લીધા છે. તેમણે લગભગ 350 ફિલ્મોમાં કામ કર્યું હતું. એક્ટરે શાહરૂખ ખાન, સલમાન ખાન અને અક્ષય કુમાર, આમિર, અમિતાભ, અનિલ કપૂર જેવા સુપરસ્ટાર્સ સાથે સ્ક્રીન શેર કરી છે. આટલું જ નહીં તેમણે ઘણા કલાકારોને સુપરસ્ટાર બનતા પણ જોયા છે. એક ઈન્ટવ્યુહ દરમિયાન, જોની લીવરે ફિલ્મ સ્ટાર્સ વિશેના પોતાના વિચારો શેર કર્યા.

આ સિવાય જોની લીવરે તેમના બાળપણ, સંઘર્ષ, ખ્યાતિ અને ફિલ્મ જગતમાં કો-સ્ટાર્સ સાથેના તેના સંબંધો વિશે વાત કરી. શાહરૂખ ખાન સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કરતા જોની લિવરે કહ્યું કે, 'અમે બંનેએ 'બાઝીગર'માં સાથે કામ કર્યું છે, આ પહેલા તે 'રાજુ બન ગયા જેન્ટલમેન'માં નજર આવ્યા હતા. પરંતુ, તે સમયે તે એટલા પ્રખ્યાત નહોતા. શૂટિંગ દરમિયાન મને શાહરૂખ કરતાં વધુ લોકો ઓળખતા હતા. તે સમયે હું સ્ટાર હતો અને શાહરૂખ ઉભરતા સ્ટાર હતા.આ સિવાય કિંગ ખાન ઘણી મહેનત કરે છે તેમના જેવા મહેનતી એક્ટર તેમણે જોયા નથી. જોની લીવરે વધુમાં કહ્યું કે, આજ સુધી તેમણે શાહરૂખ ખાન જેવો કોઈ મહેનતુ વ્યક્તિ જોયો નથી. 'અક્ષય કુમાર અને તે બંને ખૂબ જ મહેનતુ છે, પરંતુ તેમની વચ્ચે તફાવત છે. શાહરૂખ ખાન ફાઈટીંગ અને ડાન્સમાં નબળા હતા. મેં 'કરણ અર્જુન'માં સલમાન ખાન અને શાહરૂખ ખાન સાથે કામ કર્યું છે. તેમાં સલમાન શૂટિંગ દરમિયાન પરફેક્ટ ટેક આપી રહ્યો હતો. શાહરૂખના કારણે રિટેક કરવામાં આવ્યા હતા. શાહરૂખ ખાને પોતાના પર ઘણું કામ કર્યું અને પોતાને સુપરસ્ટાર બનાવ્યો. હવે તે ડાન્સિંગમાં એક્સપર્ટ છે અને ફાઈટ પણ કરી શકે છે.અભિનેતાએ કહ્યું કે, સલમાન ખાન વિશે વાત કરતા જોની લીવરે કહ્યું કે, તે ખૂબ જ મૂડી છે. સલમાનને ફ્રી રહેવું ગમે છે અને તે વધારે ટેન્શન લેતો નથી. તે ખૂબ જ સરસ વ્યક્તિ છે અને પોતાની દુનિયામાં મગ્ન રહે છે. જોનીએ આગળ કહ્યું, 'શાહરુખ ખાન તેના કામને લઈને ખૂબ જ ગંભીર છે અને તે જે પાત્ર ભજવી રહ્યો છે તેની સંપૂર્ણ માહિતી લે છે.

જ્યારે સલમાન બેફિકર રહે છે. સમયની સાથે શાહરૂખે જે પણ કર્યું તે લોકોને પસંદ આવવા લાગ્યું. તે પોતાના કામમાં મગ્ન રહ્યો.શાહરૂખ અને જોની લીવર વચ્ચે સંબંધો ઘણા સારા છે. બંને એક્ટરે 'કુછ કુછ હોતા હૈ', 'કભી ખુશી કભી ગમ', 'બાઝીગર', 'કરણ અર્જુન', 'કોયલા', 'યસ બોસ', 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની', 'ચમત્કાર', 'ચલતે ચલતે' ફિલ્મોમાં કામ કર્યુ છે. બંનેનું ઓન-સ્ક્રીન ટાઈમિંગ પણ અદ્દ્ભુત માનવામાં આવે છે. આ સિવાય જોનીએ સલમાન સાથે 'ચોરી ચોરી ચૂપકે ચુપકે', 'હેલો બ્રધર', 'દુલ્હન હમ લે જાયેંગે', 'જબ પ્યાર કિસી સે હોતા હૈ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.


## Yodha poster: રીલિઝ પહેલા જ રેકોર્ડ: હવામાં લોન્ચ થયું 'યોદ્ધા'નું પોસ્ટર



નવી દિલ્હી | બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાની આગામી ફિલ્મ 'યોદ્ધા'ની ઘણા સમયથી ચાહકો રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મથી સિદ્ધાર્થ મલ્હોત્રા બોક્સ ઓફિસ પર જોરદાર કમબેક કરવાની તૈયારી કરી રહ્યો છે. ફિલ્મ 'યોદ્ધા'ને લઈને અત્યાર સુધીમાં ઘણા અપડેટ્સ સામે આવ્યા છે. હવે ફિલ્મને લઈનેવધુ એક અપડેટ્સ સામે આવી છે. એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોદ્ધા'નું નવું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. આ સાથે જ ફિલ્મની રિલીઝ ડેટ અને ટીઝરને લઈને અપડેટ્સ પણ સામે આવ્યા છે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ જ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોદ્ધા'નું પોસ્ટર સોશિયલ મીડિયા પર બધાનું ધ્યાન ખેંચી રહ્યું છે. તેની પાછળનું કારણ એકદમ ખાસ છે, તો ચાલો જાણીએ શું છે. મહત્વની વાત એ છેકે, ફિલ્મનું પોસ્ટર દુબઈમાં 13 હજાર ફૂટની ઊંચાઈથી લોન્ચ કરવામાં આવ્યું છે.

આ વીડિયોમાં જોઇ શકાય છે કે, લોકો પોસ્ટર લઈને પ્લેનની અંદર જાય છે અને પછી પોસ્ટર લઈને પ્લેનમાંથી કૂદી પડે છે. આ પછી પોસ્ટર આકાશમાં ખુલે છે અને ફિલ્મના હીરોનો લુક સામે આવે છે. સિદ્ધાર્થની આ પોસ્ટ ખૂબ જ વાયરલ થઈ રહી છે. પોસ્ટ પર કોમેન્ટ્સનું પૂર આવ્યું છે. આ ફિલ્મને લઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. મહત્વનું છેકે, હિન્દી સિનેમામાં આ પહેલીવાર છે જ્યારે કોઈ ફિલ્મનું પોસ્ટર આટલી ઊંચાઈથી લોન્ચ કરવામાં આવ્યું હોય.આ ફિલ્મમાં એક યોદ્ધાની સ્ટોરી દર્શાવવામાં આવી છે જે આતંકવાદીઓ સામે લડે છે જે વિમાનને હાઈજેક કરે છે અને પ્લેનમાં હાજર તમામ મુસાફરોને સુરક્ષિત રીતે પરત લાવશે. આ યોદ્ધાની ભૂમિકામાં સિદ્ધાર્થ મલ્હોત્રા જોવા મળશે, જે એક સોલ્જરની ભૂમિકા ભજવશે. આ ફિલ્મ પહેલા સિદ્ધાર્થે 'શેરશાહ'માં સૈનિકની ભૂમિકા ભજવી હતી. દિશા પટણી અને રાશિ ખન્ના આ ફિલ્મમાં પહેલીવાર સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે સ્ક્રીન સ્પેસ શેર કરતી જોવા મળશે. આ નવા પોસ્ટરની સાથે અભિનેતાએ ફિલ્મના ટીઝરની ડેટ પણ જાહેર કરી છે. ફિલ્મનું ટીઝર 19 ફેબ્રુઆરીએ રિલીઝ થવા જઇ રહ્યુ છે. આ ફિલ્મ 13 માર્ચે થિયેટરમાં રિલીઝ કરવામાં આવશે.

## અમિતાભ બચ્ચન પાસે છે કેટલી સંપત્તિ...? જયા બચ્ચનના સોગંદનામાથી થયો ખુલાસો



નવી દિલ્હી | બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનના પત્ની અને જાણીતી અભિનેત્રી જયા બચ્ચનને પાંચમી વખત રાજ્યસભા માટે ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ તેમણે તેના માટે ઉમેદવારી પત્ર પણ ભર્યું છે. જયા બચ્ચનના સોગંદનામાથી ખુલાસો થયો છે કે, અમિતાભ બચ્ચન સાથે તેમની સંપત્તિ 1500 કરોડ રૂપિયાના આંકડાથી ખૂબ વધુ છે. સમાજવાદી પાર્ટીએ જયા બચ્ચનને ફરી એક વખત રાજ્યસભા માટે ઉમેદવાર બનાવ્યા છે. જયા બચ્ચન ઉપરાંત સમાજવાદી પાર્ટીએ પૂર્વ સાંસદ રામજીલાલ સુમન અને પૂર્વ IAS અધિકારી આલોક રંજનને પણ ઉમેદવાર બનાવ્યા છે. મીડિયા અહેવાલ પ્રમાણે જયા બચ્ચન તરફથી દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ 2022-23માં તેમની નેટવર્થ 1 કરોડ 63 લાખ 56 હજાર 190 રૂપિયા છે. જ્યારે અમિતાભ બચ્ચનના મામલે આ આંકડો 273 કરોડ 74 લાખ 96 હજાર 590 રૂપિયા છે. બંનેની ચલ સંપત્તિ 849.11 કરોડ રૂપિયા છે અને અચલ સંપત્તિ 729.77 કરોડ રૂપિયા છે.જયા બચ્ચનનું બેંક બેલેન્સ 10 કરોડ 11 લાખ 33 હજાર 172 રૂપિયા છે અને અમિતાભ બચ્ચનનું બેંક બેલેન્સ 120 કરોડ 45 લાખ 62 હજાર 83 રૂપિયા છે. જયા બચ્ચન પાસે જે જ્વેલરી છે તેની કિંમત 40.97 કરોડ છે અને તેમની પાસે 9.82 લાખ રૂપિયાની એક કાર છે. બીજી તરફ અમિતાભ બચ્ચન પાસે 54.77 કરોડ રૂપિયાની જ્વેલરી છે અને 16 વાહનો છે. તેની કુલ કિંમત 17.66 કરોડ રૂપિયા છે. 15 રાજ્યોની 56 રાજ્યસભા બેઠકો માટે 27 ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાવાની છે. સપાએ ઉત્તર પ્રદેશમાં ઉમેદવારો જાહેર કર્યા છે. 403 બેઠકો વાળા રાજ્યમાં પાર્ટી પાસે 108 બેઠકો છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટી પાસે 252 અને કોંગ્રેસ પાસે બે બેઠકો છે.

**અમિતાભ બચ્ચનનું બેંક બેલેન્સ 120 કરોડ 45 લાખ 62 હજાર 83 રૂપિયા, જયા બચ્ચનનું બેંક બેલેન્સ 10 કરોડ 11 લાખ 33 હજાર 172 રૂપિયા**

## પરિવારની મહિલાઓની એક આદતથી નફરત કરે છે બિગ બી, દીકરી શ્વેતાએ કર્યો ખુલાસો

મુંબઇ | અમિતાભ બચ્ચનની પૌત્રી અને શ્વેતા બચ્ચનની પુત્રી નવ્યા નવેલી નંદા તેના પોડકાસ્ટ વ્હાઈટ ધ હેલ નવ્યા સાથે ફરી એકવાર સમાચારમાં છે. આ પોડકાસ્ટમાં નવ્યા તેની માતા શ્વેતા અને દાદી જયા બચ્ચન સાથે ઘણા મુદ્દાઓ વિશે વાત કરે છે. આ સમય દરમિયાન બચ્ચન પરિવાર વિશે ઘણા અજાણ્યા ખુલાસાઓ કરવામાં આવે છે. નવ્યાના પોડકાસ્ટના તાજેતરના એપિસોડમાં, તેની માતા શ્વેતા બચ્ચન નંદાએ તેના બાળપણની કેટલીક જૂની વાર્તાઓ શેર કરી અને એ પણ જાહેર કર્યું કે તેના પિતા અમિતાભ બચ્ચન પરિવારની મહિલાઓ સાથે શું કરવાનું પસંદ નથી કરતા.નવ્યા નવેલી નંદાના પોડકાસ્ટ વોટ ધ હેલ નવ્યા સીઝન 2 માં શ્વેતા બચ્ચને તેના પરિવાર સાથે સંબંધિત ઘણા અજાણી વાતો શેયર કરી. આ દરમિયાન તેણે એ પણ જણાવ્યું કે અમિતાભ બચ્ચનને સૌથી વધુ શું નાપસંદ છે. તેમણે જાહેર કર્યું કે જ્યારે પરિવારની મહિલાઓ તેમના વાળ ટૂંકા કરે છે ત્યારે તે તેમનાથી તેઓ નફરત કરે છે. નવ્યાએ પણ ચેટ દરમિયાન તેની માતાના આ ઘટસ્ફોટની પુષ્ટિ કરી હતી.શ્વેતાએ ખુલાસો કર્યો કે જ્યારે તે મોટી થઈ રહી હતી, ત્યારે તે ઘણીવાર તેના વાળ કાપતી હતી અને તેના વાળની લંબાઈ ઓછી રાખતી હતી. અમિતાભને આ આદત ગમતી ન હતી.. નવ્યાએ શ્વેતાની વાતની પુષ્ટિ કરતા કહ્યું, "નાનાને આ ગમ્યું ન હતું." શ્વેતાએ ઉમેર્યું, "જ્યારે પણ હું મારા વાળ કાપું છું, ત્યારે પણ તે હંમેશા કહે છે, 'તેં આવું કેમ કર્યું?' તે નાના વાળથી નફરત કરે છે. તેમને લાંબા વાળ ગમે છે. જ્યારે અમારામાંથી કોઈ પણ વાળ કાપે ત્યારે તેઓ નાખુશ જોવા મળે છે. શ્વેતાએ વધુમાં જણાવ્યું કે કેવી રીતે તેની માતા જયા તેને સારા વાળ જાળવવામાં મદદ કરતી હતી. તેણીએ ખુલાસો કર્યો કે તેણીની હેયરકેર રૂટીનમાં ડુંગળીનો રસ લગાવવાનો પણ સમાવેશ થાય છે. શ્વેતા કહે છે, "મમ્મી, જ્યારે તમે ડુંગળીના રસનો ઉપયોગ કર્યો હતો ત્યારે સૌથી ખરાબ બાબત હતી."પોડકાસ્ટ દરમિયાન નવ્યાએ તેની માતાને તે સમય વિશે પણ પૂછ્યું જ્યારે અભિષેકે તેના વાળનો એક ભાગ 'ટ્રીમ' કર્યો. આ પછી શ્વેતાએ સ્પષ્ટતા કરી કે તે 'ટ્રીમ' કરતાં વધુ 'કટ' છે. અભિષેક અને શ્વેતાની માતા જયા બચ્ચને હસીને ખુલાસો કર્યો કે અભિષેકે શ્વેતાના વાળ માથાની બરોબર વચ્ચેથી કાપી નાખ્યા હતા. અભિષેકે તેના વાળ કેમ કાપ્યા તે સમજાવતા શ્વેતાએ નવ્યાને કહ્યું, "અમારી વચ્ચે ઝઘડો થયો હતો. મમ્મી-પપ્પા રાત્રે બહાર હતા અને અમારી વચ્ચે કોઈ પ્રકારની દલીલ થઈ. મને ખબર નથી કે તેને કાતર કેવી રીતે મળી, અને તેણે મારા વાળ પકડ્યા અને બસ... મારે તે જ રીતે શાળાએ જવું પડ્યું. મારી દાદી મારા વાળમાં પિન નાખતી હતી.નવ્યા નંદાએ 'વોટ ધ હેલ નવ્યા' સાથે યુટ્યુબ પર પોડકાસ્ટની જર્ની શરૂ કરી હતી. તેના પોડકાસ્ટમાં તેની દાદી જયા બચ્ચન અને માતા શ્વેતા સાથે સમાજમાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓ વિશે વાત કરે છે. તે બચ્ચન પરિવાર સાથે જોડાયેલી અજાણી વાતો પણ જણાવે છે.

# રવીન્દ્ર જાડેજાએ પ્રથમ વખત ટેસ્ટ મેચમાં કર્યું આવું કામ




રાજકોટ | તા.16

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ રાજકોટમાં સદી ફટકારી છે. જાડેજાએ પહેલા રોહિત શર્મા સાથે મોટી ભાગીદારી કરી અને બાદમાં પોતાની સ્ટાઈલમાં શાનદાર સદી ફટકારી. આ શ્રેણીમાં રવીન્દ્ર જાડેજાની આ પ્રથમ સદી છે. સાથે જ તેને પહેલીવાર પાંચમાં ક્રમે બેટિંગ કરતાં સદી ફટકારી હતી. રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતીય બેટ્સમેનોએ ધમાલ મચાવી છે. કેપ્ટન રોહિત શર્મા બાદ હવે રવીન્દ્ર જાડેજાએ પણ સદી ફટકારી છે, જાડેજાની કારકિર્દીની આ ચોથી સદી છે અને આશ્ચર્યજનક વાત એ છે કે તે તેના ઘરે જ આવી છે. રવીન્દ્ર જાડેજાએ 198 બોલમાં 100 રન બનાવ્યા, આ દરમિયાન તેણે 7 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. આવું પહેલીવાર જોવા મળ્યું કે રવીન્દ્ર જાડેજા ટેસ્ટ મેચમાં માત્ર પાંચમા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. તેણે પહેલા ટીમ ઈન્ડિયાને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું, કેપ્ટન રોહિત શર્મા સાથે 200 રનની મોટી ભાગીદારી કરી અને ભારતીય ટીમને મોટા સ્કોર તરફ લઈ ગઈ. સરફરાઝ ખાન થયો રનઆઉટ પરંતુ સદી પહેલા રવીન્દ્ર જાડેજા સાથે એક ભૂલ થઈ, તેના એક કોલને કારણે ડેબ્યૂ ટેસ્ટમાં ફિફ્ટી ફટકારનાર સરફરાઝ ખાન દોડ્યો અને રનઆઉટ થયો. સરફરાઝ ખાન પોતાના ડેબ્યૂમાં વધુ સારું રમી રહ્યો હતો અને 62 રન બનાવીને આઉટ થયો હતો. જાડેજાએ ટીમ માટે જોખમ ઉઠાવ્યું રવીન્દ્ર જાડેજાએ ટીમ ઈન્ડિયા માટે આ ઈનિંગમાં મોટું જોખમ લીધું, કારણ કે તે સામાન્ય રીતે છ કે સાતમાં નંબર પર બેટિંગ કરવા આવે છે પરંતુ આ વખતે તેને પાંચમા નંબર પર મોકલવામાં આવ્યો હતો. ભારતીય ટીમને શરૂઆતમાં 3 ઝટકા લાગ્યા હતા ત્યારે રવીન્દ્ર જાડેજાને 9મી ઓવરમાં જ બેટિંગ કરવા આવવું પડ્યું હતું. અહીં તેણે રોહિત શર્મા સાથે મળીને પ્રથમ દાવ સંભાળ્યો, પછી 329 બોલમાં 204 રનની ભાગીદારી કરી. જાડેજાએ ફરી એકવાર સાબિત કર્યું કે તે ટેસ્ટ ફોર્મેટમાં માત્ર ભારતમાં જ નહીં.

## જાડેજા અંગ્રેજોની કુટાઈ કરી રહ્યો હતો ત્યારે ક્યાં હતા પત્ની રીવાબા જાડેજા?

રવીન્દ્ર જાડેજાએ રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે ત્રીજી ટેસ્ટમાં શાનદાર સદી ફટકારી હતી. આ સદીના સાક્ષી મેદાનમાં હાજર દર્શકો બન્યા હતા. જોકે રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં એક વ્યક્તિની ગેરહાજરી જોવા મળી હતી અને એ હતા રવીન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજા. જ્યારે રવીન્દ્ર જાડેજા ઈંગ્લેન્ડના બોલરોની ધુલાઈ કરી રહ્યો હતો ત્યારે રીવાબા જાડેજા ક્યાં હતા? એ પ્રશ્ન ફેન્સના મનમાં ચોક્કસથી આવ્યો છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રાજકોટમાં રમાઈ રહેલ ટેસ્ટ મેચના પહેલા દિવસે ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ દમદાર સદી ફટકારી હતી. આ જાડેજાની કારકિર્દીની ચોથી ટેસ્ટ સદી હતી. જાડેજાએ 2018 બાદ ટેસ્ટમાં સદી ફટકારી હતી. જાડેજાએ પાંચમાં ક્રમે બેટિંગમાં ઉતરી મુશ્કેલ પરિસ્થિતિમાં કેપ્ટન રોહિત શર્મા સાથે મળી ટીમને સાંભળી હતી અને બંને સેન્ચુરી ફટકારી ટીમને મોટા સ્કોર તરફ લઈ ગયા હતા. આ સદી બાદ જાડેજાની ઈનિંગની ખૂબ જ પ્રશંસા થઈ રહી છે. રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાએ પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી પતિની યાદગાર ઈનિંગની પ્રશંસા કરી હતી.

આ મેચ ગુજરાતના રાજકોટમાં રમાઈ રહી છે, છતાં આજે પહેલા દિવસે જ્યારે જાડેજાએ સદી ફટકારી ત્યારે તેમના પત્ની રીવાબા જાડેજા મેદાનમાં કે સ્ટેડિયમમાં



ક્યાંય જોવા મળ્યા ન હતા. એવામાં ફેન્સના મનમાં સવાલો ઉઠયા છે કે જ્યારે જાડેજાએ સદી ફટકારી ત્યારે રીવાબા ક્યાં હતા. આ મેચ ગુજરાતના રાજકોટમાં રમાઈ રહી છે, છતાં આજે પહેલા દિવસે જ્યારે જાડેજાએ સદી ફટકારી ત્યારે તેમના પત્ની રીવાબા જાડેજા મેદાનમાં કે સ્ટેડિયમમાં ક્યાંય જોવા મળ્યા ન હતા. એવામાં ફેન્સના મનમાં સવાલો ઉઠયા છે કે જ્યારે જાડેજાએ સદી ફટકારી ત્યારે રીવાબા ક્યાં હતા.જ્યારે રવીન્દ્ર જાડેજા અંગ્રેજોની કુટાઈ કરી રહ્યા હતા ત્યારે રીવાબા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હતા. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા રાજ્યસભા ચૂંટણી માટે નામાંકન ભરવા ગાંધીનગરમાં હાજર રહ્યા હતા, એવામાં રીવાબા જાડેજા તેમની સાથે ત્યાં ગાંધીનગરમાં રાષ્ટ્રીય અધ્યક્ષની સાથે ચૂંટણી માટે નામાંકન ભરતી વખતે તેમની સાથે હાજર રહ્યા હતા.

## રનઆઉટ રવીન્દ્ર જાડેજાના વખાણ કેમ કરવા લાગ્યો સરફરાઝ ખાન?

સરફરાઝ ખાને 26 વર્ષની ઉંમરે ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. સરફરાઝે રાજકોટ ટેસ્ટના પહેલા દિવસે વર્ચસ્વ જમાવ્યું હતું અને 62 રનની ઈનિંગથી બધાના દિલ જીતી લીધા હતા. મેચ બાદ તેણે રવીન્દ્ર જાડેજાનો વિશેષ આભાર માન્યો હતો. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની રાજકોટ ટેસ્ટ મેચમાં ભલે રોહિત શર્મા અને રવીન્દ્ર જાડેજાએ સદી ફટકારી હોય પરંતુ પ્રથમ દિવસનો હીરો ડેબ્યૂ કરનાર સરફરાઝ ખાન રહ્યો હતો. જેની શાનદાર બેટિંગ અને પછી તે જે રીતે રન આઉટ થયો તેણે ઘણી હેડલાઈન્સ બનાવી. રવીન્દ્ર જાડેજાની ભૂલને કારણે સરફરાઝ ખાન આઉટ થઈ ગયો અને બધા તેના પર ગુસ્સો કાઢી રહ્યા છે, પરંતુ સરફરાઝ ખાને આવું કર્યું નહીં.

## સરફરાઝ ખાનના જર્સી નંબર પાછળ છુપાયેલું છે રહસ્ય, પિતા નૌશાદ સાથે ખાસ કનેક્શન

રાજકોટ | તા.16

રાજકોટમાં ભારતીય ટીમ અને ઈંગ્લેન્ડ વચ્ચે સીરિઝની ત્રીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ મેચમાં 2 ખેલાડીઓનું ટેસ્ટ ડેબ્યું થયું છે ધ્રુવ જુરેલ અને સરફરાઝ ખાન, સરફરાઝ ખાનના ડેબ્યુ સમયે મેદાન પર તેનો પરિવાર હાજર હતો. સરફરાઝને ડેબ્યુ કેપ ભારતીય સ્પિનર અનિલ કુંબલે આપી છે. તે સમયે તેના પિતા ખુબ જ ઈમોશનલ થયા હતા. પહેલી ઈનિંગ્સમાં આઉટ થતાં પહેલા સરફરાઝ ખાને 62 રન બનાવ્યા હતા. સરફરાઝે પોતાની જર્સી નંબર 97 પસંદ કરી છે જેની પાછળ એક રાઝ છે. સરફરાઝ ખાનની જર્સી નંબર પાછળ તેના પિતા નૌશાદ ખાનનું ખાસ કનેક્શન છે. 97 નંબરમાં 9 (નૌ) અને 7 એટલે (સાત) છે. આ તેના પિતા સાથે જોડાયેલું છે. તમને જણાવી દઈએ કે, તેના પિતા મુંબઈના એક પ્રસિદ્ધ કોચ છે. જેમણે ખુદ સરફરાઝને કોચિંગ આપ્યું છે. આ સિવાય તેનો ભાઈ પણ હાલમાં અંડર 19 વર્લ્ડકપમાં 97 નંબરની જર્સી પહેરી હતી. સરફરાઝ ખાને સતત ડોમેસ્ટિક ક્રિકેટમાં રન બનાવ્યા બાદ ભારતીય ટીમમાં સ્થાન પાક્કું કર્યું છે. કહી શકાય સરફરાઝનો આખો પરિવાર ક્રિકેટર છે. સરફરાઝે તેની પ્રથમ ટેસ્ટ ઈનિંગમાં ઝડપી 62 રન બનાવ્યા હતા. તેની ઈનિંગ માત્ર 66 બોલમાં આવી હતી. સરફરાઝ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યો હતો.




## 8300 કરોડની લીગ! લલિત મોદીએ IPLને હરાવવાનો પ્લાન તૈયાર કર્યો?




લંડન | તા.16

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને ધ હન્ડ્રેડને રિવાઈવ કરવાનો પ્રસ્તાવ મળ્યો છે, જે લલિત મોદીએ મોકલ્યો છે. લલિત મોદીનો દાવો છે કે આ યોજનાથી ધ હન્ડ્રેડ IPL કરતાં પણ મોટી લીગ બની શકે છે. BCCIએ લલિત મોદી પર આજીવન પ્રતિબંધ લગાવ્યો છે એવામાં ભારત અને ઈંગ્લેન્ડ બોર્ડ વચ્ચે અણબનાવ થઈ શકે છે. લલિત મોદી ફરી એકવાર પરત ફર્યો છે. IPL જેવી મેગા લીગ શરૂ કરનાર લલિત મોદીએ હવે ઈંગ્લેન્ડની બહુચર્ચિત પરંતુ નિષ્ફળ લીગ ધ હન્ડ્રેડને સુધારવાની યોજના રજૂ કરી છે. લલિત મોદીએ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને એક પ્લાન મોકલ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો કેટલાક મોટા ફેરફારો કરવામાં આવે તો આગામી દસ વર્ષમાં ધ હન્ડ્રેડ એવી લીગ બની શકે છે જે લગભગ 8300 કરોડ રૂપિયાનો બિઝનેસ કરશે.

### લલિત મોદીએ ધ હન્ડ્રેડ

ક્રિકબઝના અહેવાલ મુજબ, લલિત મોદીએ ધ હન્ડ્રેડ સાથે સંબંધિત એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને મોકલ્યો છે. આ પ્રસ્તાવનો મુખ્ય ફોકસ આ લીગ દ્વારા ECBની આવક વધારવાનો છે અને IPL સાથે સ્પર્ધા કરવા માટે લીગ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. લલિત મોદીએ પ્રસ્તાવ મૂક્યો છે કે ખેલાડીઓ માટે 10 વર્ષ માટે એક મોટું પર્સ બનાવવામાં આવે અને તેને 10 ટીમો સાથેની લીગ પણ બનાવવી જોઈએ.

### શું BCCI વાંધો ઉઠાવશે?

લલિત મોદીનો દાવો છે કે આ મુદ્દાઓ સાથે કેટલાક અન્ય ફેરફારો કરીને આ લીગને 1 બિલિયન યુએસ ડોલરની આવકમાં લઈ જઈ શકાય છે. એટલું જ નહીં, લલિત મોદીએ એમ પણ કહ્યું છે કે જો BCCI તેની સાથે સંમત થાય તો તેમાં બે IPL ટીમો પણ ઉમેરી શકાય છે. જો કે, આ માટે ECBએ તેની લીગમાં ખાનગી રોકાણકારો માટે દરવાજા ખોલવા પડશે.

### BCCI ECBથી નારાજ થઈ શકે છે

રિપોર્ટ અનુસાર, BCCI પણ આ મુદ્દે ECBથી નારાજ થઈ શકે છે. કારણ કે BCCIએ લલિત મોદી પર આજીવન પ્રતિબંધ લગાવી દીધો છે, તેથી જો કોઈ બોર્ડને તેમની સાથે કોઈ સંબંધ હોય તો BCCI નારાજ થઈ શકે છે. સ્થિતિ એવી છે કે IPL દરમિયાન કોઈ કોમેન્ટેટર લલિત મોદીનું નામ પણ લેતું નથી. તમને જણાવી દઈએ કે ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે આઈપીએલ જેવી હન્ડ્રેડ લીગ શરૂ કરી હતી, જેમાં માત્ર 100 બોલ જ રમાય છે.

## એવોર્ડ્સ 2023 ડેબ્યુ ઓફ ધે યર નોમિનીઝ



નવી દિલ્હી | આ વર્ષે ડેબ્યુ કરનાર ખેલાડીઓએ તમામ ફોર્મેટમાં ધૂમ મચાવી છે, તો ESPNcricinfo એવોર્ડ્સ 2023 ડેબ્યુટન્ટ ઓફ ધ યર નોમિનીઝની વાત કરવામાં આવે તો 4 ખેલાડીઓ સામેલ છે. જેમાં 2 ખેલાડીઓ ભારતીય ક્રિકેટ ટીમના છે. ગેરાલ્ડ કોએત્ઝી ( સાઉથ આફ્રિકા),યશસ્વી જયસ્વાલ (ભારત), તૌહીદ (બાંગ્લાદેશ),રિંકુ સિંહ (ભારત) ટોડ મર્ફી (ઓસ્ટ્રેલિયા) સામેલ છે. ESPNcricinfo Awards એ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને T20 લીગ માટે એવોર્ડ આપવામાં આવે છે, જેમને પાછલા કેલેન્ડર વર્ષમાં ક્રિકેટમાં શ્રેષ્ઠ વ્યક્તિગત બેટિંગ અને બોલિંગ પ્રદર્શન કર્યું છે તેને સન્માનિત કરે છે. ESPNcricinfo એવોર્ડ્સ 2023 ડેબ્યુ ઓફ ધ યર એવોર્ડ એવા ખેલાડીઓને આપવામાં આવે છે, જેમણે ડેબ્યુ કરતાની સાથે સારું પ્રદર્શન કર્યું હોય. મેન્સ ડેબ્યુ ઓફ ધ યર એવોર્ડ અત્યાર સુધી કોને કોને મળી ચૂક્યો છે.

2013 ભારત મોહમ્મદ શમી,2014 નો, 2015 બાંગ્લાદેશ મુસ્તાફિઝુર રેહમાન,2016 બાંગ્લાદેશ મેહેદી હસન,2017 ભારત કુલદીપ યાદવ,2018 ઈંગ્લેન્ડ સેમ કુરન,2019 ઈંગ્લેન્ડ જોફ્રા આર્ચર,2020 ન્યુઝીલેન્ડ કાયલ જેમીસન,2021 ઈંગ્લેન્ડ ઓલી રોબિન્સન,2022 ઈંગ્લેન્ડ હેરી બ્રુક.

## 40 મિનિટની ઈનિંગમાં કરોડો ચાહકોને પોતાના દિવાના બનાવી ગયો આ યુવા સ્ટાર

રાજકોટ | તા.16

સરફરાઝ ખાને ટેસ્ટની પહેલી જ ઈનિંગ્સમાં ચાહકોનું દિલ જીતી લીધું હતું. આ જમણા હાથના બેટ્સમેને રાજકોટમાં શાનદાર અડધી સદીની ઈનિંગ રમી હતી. જો કે જાડેજાના ખોટા કોલના કારણે તે રન આઉટ થયો હતો. પરંતુ આમ છતાં સરફરાઝે પોતાની બેટિંગથી ચાહકોના દિલ જીતી લીધા છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે રોહિત શર્માએ સદી ફટકારી, રવિન્દ્ર જાડેજાના બેટમાંથી પણ સદી આવી. પરંતુ ભારતીય ક્રિકેટ ચાહકો એક એવા ખેલાડીને સલામ કરતા જોવા રમવા આવ્યો હતો. અમે વાત કરી રહ્યા છીએ સરફરાઝ ખાનની જેણે પોતાની ડેબ્યૂ મેચમાં જ એવું કામ કર્યું કે દુનિયા જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે રોહિત શર્માએ સદી ફટકારી, રવિન્દ્ર જાડેજાના બેટમાંથી પણ સદી આવી. પરંતુ ખેલાડીને સલામ કરતા જોવા મળ્યા જે પહેલીવાર દેશ માટે રમવા આવ્યો હતો. અમે વાત કરી રહ્યા છીએ સરફરાઝ ખાનની જેણે પોતાની ડેબ્યૂ મેચમાં જ એવું કામ કર્યું કે દુનિયા જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ. સરફરાઝે તેની પ્રથમ ટેસ્ટ ઈનિંગમાં વનડે સ્ટાઈલમાં 62 રન બનાવ્યા હતા. તેની ઈનિંગ સરફરાઝ માત્ર 66 બોલ રમ્યો હતો. સરફરાઝ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યો હતો પરંતુ તેનું ખરાબ નસીબ કે તે રનઆઉટ થઈ ગયો.રોહિત શર્માની વિકેટ પડ્યા બાદ સરફરાઝ ખાન ક્રિઝ પર આવ્યો હતો. સરફરાઝનું બાઉન્સરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું પરંતુ આ તેનો સારી રીતે સામનો કર્યો અને કારકિર્દીના ત્રીજા બોલ પર સરફરાઝે મિડ-વિકેટ પર શાનદાર શોટ રમ્યો અને ત્રણ રન લઈને પોતાનો પ્રથમ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યો. સરફરાઝનું ખાતું ખૂલતાં તેણે ઈંગ્લેન્ડના બોલરોને ખુલ્લા પાડી સ્ટોક્સે સરફરાઝની સામે સ્પિનરોને બોલિંગ આપીને મોટી ભૂલ કરી.




## સાનિયા મિર્ઝાને સચિન તેંડુલકરે ગિફ્ટ કરી હતી આ શાનદાર કાર

નવી દિલ્હી | તા.16

સાનિયા મિર્ઝાના મનમાં તે યાદો હજુ પણ તાજી છે જ્યારે તેને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર તરફથી પ્રથમ ભેટ મળી હતી. સચિન તેંડુલકરે ટેનિસ સ્ટારને ગિફ્ટમાં કાર આપી હતી, આ કઈ કાર છે અને આ કારની કિંમત કેટલી છે? આવો અમે તમને આ સાથે જોડાયેલી માહિતી આપીએ. ભારતમાં ક્રિકેટ પ્રત્યે લોકોનો જુસ્સો જબરદસ્ત છે. એવા ઘણા લોકો હશે જે જાણતા હશે અને ઘણા એવા હશે જેઓ જાણતા નહિ હોય કે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાને એક લક્ઝુરિયસ કાર ગિફ્ટ કરી હતી. સચિન તેંડુલકર તરફથી મળેલી આ ખાસ ગિફ્ટ સાનિયા મિર્ઝાના મગજમાં આજ સુધી એક સુંદર સ્મૃતિ બની રહી છે.ઘણા વર્ષો પહેલા સાનિયા મિર્ઝાએ કહ્યું હતું કે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર તરફથી મળેલી આ ભેટની પ્રથમ યાદ મારા મગજમાં તે સમયથી છે જ્યારે મેં જુનિયર વિમ્બલ્ડન ટાઈટલ જીત્યું હતું. જુનિયર વિમ્બલ્ડન જીત્યા પછી, તેણે મને ઓટોગ્રાફ કરેલ પીળો ફિયાટ પાલિયો આપ્યો. સાનિયા મિર્ઝાએ જણાવ્યું કે જ્યારે તેને માસ્ટર



બ્લાસ્ટર સચિન તેંડુલકર તરફથી આ કાર ભેટમાં મળી ત્યારે તે માત્ર 15 વર્ષની હતી અને સચિન તેંડુલકર તેને ઓળખતો પણ નહોતો. Fiat Palio 2001માં ગ્રાહકો માટે ભારતીય બજારમાં લોન્ચ કરવામાં આવી હતી. 2001માં કંપનીએ આ કારને બે પેટ્રોલ એન્જિન ઓપ્શનમાં લોન્ચ કરી હતી. એક મૉડલ 1200 cc એન્જિન સાથે આવ્યું હતું જ્યારે બીજું મૉડલ 1600 ccના પાવરફુલ એન્જિન સાથે આવ્યું હતું. આ કાર તેના પાવરફુલ એન્જીન અને પ્રીમિયમ ફીચર્સને કારણે ઘણી ચર્ચામાં રહી હતી.Fiat Indiaએ રૂ. 3 લાખ 73 હજાર (એક્સ-શોરૂમ), 1.2 ELX વેરિઅન્ટની કિંમત રૂ. 3 લાખ 99 હજાર (એક્સ-શોરૂમ) અને 1.6 લિટર જીટીએક્સ વેરિઅન્ટની કિંમત 4 લાખ 99 હજાર રૂપિયા (એક્સ-શોરૂમ) હતી.

## ભાવનગર અને સૌરાષ્ટ્રના પૂર્વ ક્રિકેટરની સિદ્ધિ: ICC દ્વારા મેચ રેફરી તરીકે પ્રકાશ ભટ્ટની નિમણૂક

નવી દિલ્હી | તા.16

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા ભાવનગરના પૂર્વ ક્રિકેટર પ્રકાશ ભટ્ટની ઈન્ટરનેશનલ મેચ રેફરીની પેનલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિશ્વમાં ટેસ્ટ મેચ રમી રહેલા 12 દેશોમાંથી ઈન્ટરનેશનલ મેચ રેફરીની નિમણૂંક કરવામાં આવે છે અને તેમાં ભારતના 4 રેફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્ટેજ ઉપર ભારતીય ક્રિકેટ ટીમના કોચ રાહુલ દ્રવિડના હસ્તે તેમને સન્માનિત કરાયા. સૌરાષ્ટ્ર રણજી ટ્રોફી ટીમના કેપ્ટન રહ્યા પ્રકાશ ભટ્ટ સૌરાષ્ટ્ર રણજી ટ્રોફી ટીમના સુકાની રહી ચૂક્યા છે, 12 વર્ષની ખેલાડી તરીકેની કારકીર્દિ દરમિયાન તેઓ 51 રણજી, 38 લિસ્ટ-એ મેચ રમી ચૂક્યા છે. બીસીસીઆઈ દ્વારા પ્રકાશ ભટ્ટની મેચ રેફરી તરીકે નિમણૂંક વર્ષ 2008માં કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં તેઓએ 59 પ્રથમ શ્રેણી, 69 લિસ્ટ-એ, 128 ટી-20માં મેચ રેફરી તરીકે ફરજ



બજાવી ચૂક્યા છે. ઉપરાંત વર્ષ 2018થી તેઓ આઈપીએલમાં પણ મેચ રેફરી તરીકે કાર્યરત છે અને અત્યારસુધીમાં 46 આઈપીએલ મેચોમાં ફરજ બજાવી છે. તાજેતરમાં ચીનમાં રમાઈ ગયેલા એશિયન ગેમ્સમાં વિમેન્સ ક્રિકેટમાં પણ મેચ રેફરી તરીકે સામેલ થયા હતા. ઈન્ટરનેશનલ મેચ રેફરી તરીકે ભટ્ટ એસોસિએટ્સ દેશોની ક્રિકેટ મેચો, અંડર-19 સહિતની આંતરરાષ્ટ્રીય મેચોમાં ફરજ બજાવશે. ભટ્ટે જણાવ્યુ હતું કે ક્રિકેટ બાળપણથી પ્રિય વિષય હતો.

## સચિન તેંડુલકર પત્ની અંજલિ સાથે તાજમહેલ પહોંચ્યો, ચાહકોએ સેલ્ફી લેવા કરી પડા પડી

નવી દિલ્હી | તા.16

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પોતાની પત્ની અંજલિ સાથે તાજમહેલ પહોંચ્યો હતો. સચિન તેંડુલકરની આંતરરાષ્ટ્રીય કારકિર્દી 24 વર્ષની હતી. આ દરમિયાન તેણે 664 મેચ રમી અને 100 સદીની મદદથી 34,357 રન બનાવ્યા છે. પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરે વેલેન્ટાઈન ડેના એક દિવસ બાદ પત્ની અંજલિ સાથે તાજમહેલ પહોંચ્યા હતા. ભારતીય દિગ્ગજના લાખો ચાહકો છો. માસ્ટર બ્લાસ્ટરની એક ઝલક જોવા માટે ચાહકો ઉત્સાહિત હોય છે. પૂર્વ



ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરે વેલેન્ટાઈન ડેના એક દિવસ બાદ પત્ની અંજલિ સાથે તાજમહેલ પહોંચ્યા હતા. ભારતીય દિગ્ગજના લાખો ચાહકો છો. માસ્ટર બ્લાસ્ટરની એક ઝલક જોવા માટે ચાહકો ઉત્સાહિત હોય છે. તેંડુલકર અને તેની પત્ની અંજલિ સુરક્ષા વચ્ચે પ્રેમનું પ્રતિક એવા તાજમહેલની મુલાકાત લેવા પહોંચ્યા હતા.આ દરમિયાન સચિન તેંડુલકરે તેની પત્ની સાથે ફોટોશૂટ પણ કરાવ્યું હતું. સચિન તેંડુલકર આગ્રા ટૂર પર એકલો નથી ગયો પણ તેની સાથે તેની પત્ની અંજલી તેંડુલકર પણ જોવા મળી રહી છે. સચિનને જોતા જ ચાહકો સચિન સચિનની બુમો પાડવા લાગ્યા હતા. માસ્ટર બ્લાસ્ટરે 2013માં મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમ્યા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સેફ્ટી વર્લ્ડ સિરીઝમાં ચાહકોને આશ્ચર્યચકિત કરે છે.

## ઈંગ્લિશ ક્રિકેટરે કર્યું મેચ ફિક્સિંગ, ICCએ 17 વર્ષનો લગાવ્યો પ્રતિબંધ

નવી દિલ્હી | મેચ ફિક્સિંગના કારણે ઘણા ખેલાડીઓની કારકિર્દી બરબાદ થઈ ગઈ છે અને કંઈક આવું જ એક બ્રિટિશ ક્રિકેટર સાથે થયું છે. બ્રિટિશ ક્લબના ક્રિકેટર રિઝવાન જાવેદ પર સાડા 17 વર્ષનો પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ICCએ આટલી મોટી કાર્યવાહી કેમ કરી અને કેવી રીતે રિઝવાન જાવેદે અબુ ધાબી T10 લીગને બરબાદ કરવાનો પ્રયાસ કર્યો, જાણો અહીં.મેચ ફિક્સિંગના પ્રયાસોને કારણે બ્રિટિશ ક્રિકેટર મોટી મુશ્કેલીમાં મૂકયો છે. આ ખેલાડીનું નામ છે રિઝવાન જાવેદ જે બ્રિટનમાં ક્લબ ક્રિકેટ રમે છે.

રિઝવાન જાવેદે અબુ ધાબી T10 લીગમાં ઘણી મેચ ફિક્સ કરવાનો પ્રયાસ કર્યો હતો અને ICCએ આ મામલે ગંભીર કાર્યવાહી કરી છે. ICCએ આ ખેલાડી પર સાડા 17 વર્ષનો પ્રતિબંધ લગાવ્યો છે.ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના ઈન્ટિગ્રિટી જનરલ મેનેજર એલેક્સ માર્શલે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે રિઝવાન સતત જાવેદને ભ્રષ્ટાચારમાં પ્રોફેશનલ ક્રિકેટરોને સંડોવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

# ઈમરાનખાનની પાર્ટીએ ઓમર અયુબને PM પદના ઉમેદવાર તરીકે કર્યા પસંદ



ઈસ્લામાબાદ | ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફે પાર્ટીના મહાસચિવ ઓમર અયુબને પોતાના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, ઓમર અયુબ પીટીઆઈના ઉમેદવાર છે, પરંતુ તેમણે સરકાર બનાવવા માટે કોઈ પાર્ટી સાથે ગઠબંધન કરવું પડશે.પાકિસ્તાનમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોને સૌથી વધુ 101 બેઠકો મળી છે, પરંતુ સરકાર બનાવવા માટે તેમના માટે કોઈપણ પક્ષ સાથે ગઠબંધન કરવું જરૂરી છે. નિયમો અનુસાર, માત્ર એક પક્ષ જ સરકાર બનાવી શકે છે, અપક્ષ ધારાસભ્યો સાથે મળીને સરકાર બનાવી શકતા નથી. એકથી વધુ પાર્ટીઓ સાથે મળીને સરકાર પણ બનાવી શકે છે. આવી સ્થિતિમાં અપક્ષ ધારાસભ્યોએ સરકાર બનાવવા માટે કોઈને કોઈ પક્ષનો ભાગ બનવું પડશે.

## ન્યૂઝ ટ્રેક

### રોકાણ, ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રે કતાર અને ભારત સાથે કામ કરશે

કતાર | વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ ગુરુવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના અમીર તમીમ બિન હમાદ અલ થાનીને ભારત આવવાનું આમંત્રણ આપ્યું છે. આ સાથે વધુમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે કતારના અમીર તમીમ બિન હમાદ અલ થાની સાથેની તેમની મુલાકાત દરમિયાન બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં સહયોગને ગાઢ બનાવવાની વાત પર ચર્ચા કરી.રોકાણ, ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રે કતાર અને ભારત સાથે કામ કરશે, PM કહી મહત્વની વાત કતારની બે દિવસીય મુલાકાતના બીજા ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. PM મોદીની ઊર્જા ભાગીદારી, પ્રાદેશિક સુરક્ષા મુદ્દાઓ, સાંસ્કૃતિક ક્ષેત્રો સહિત વ્યાપક દ્વિપક્ષીય સહયોગ વગેરે મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી.

### ભારતને જલદી મળી શકે છે મોટી ખુશખબરી

નવી દિલ્હી | વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓની યાદીમાં ભારત પાંચમા સ્થાને છે. IMFના અનુમાન મુજબ, ભારત 2027 સુધીમાં ટોપ ત્રણમાં પહોંચી શકે છે. પરંતુ જાપાન અને જર્મનીની સ્થિતિ જોતા લાગે છે કે ભારતે આટલી લાંબી રાહ જોવી પડશે નહીં. આર્થિક મોરચે ભારત માટે સારા સમાચાર છે. હાલમાં, ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓની યાદીમાં પાંચમા સ્થાને છે પરંતુ તે ટૂંક સમયમાં ત્રીજા સ્થાને પહોંચવાની આશા છે. તેનું કારણ એ છે કે જાપાન અને જર્મની આર્થિક મોરચે સંઘર્ષ કરી રહ્યા છે જ્યારે ભારતની અર્થવ્યવસ્થા રોકેટ ગતિએ વધી રહી છે. જાપાનના તાજેતરના ડેટા અનુસાર, દેશ ત્રીજાથી ચોથા સ્થાને આવી શકે છે જ્યારે જર્મની ત્રીજા સ્થાને આવી શકે છે.

### રાતા સમુદ્રમાં સંઘર્ષ બાદ અમેરિકાનું મોટું પગલું, ઈરાન સમર્થિત હુથીઓને ફરી

વોશિંગ્ટન | ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે ગાઝા અને પેલેસ્ટાઈનના મુદ્દાઓને સમર્થન આપનારા યમનના હુથી બળવાખોરોએ અમેરિકા અને તેના સહયોગી દેશોને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. રાતા સમુદ્રમાં એક પછી એક હુમલાઓને કારણે વેપારી જહાજોની અવર-જવર પર માઠી અસર થઈ અને તેના પગલે રાતા સમુદ્રના જળમાર્ગથી વેપાર કરતાં દેશોને મોટું નુકસાન સહન કરવું પડ્યું. આ સૌની વચ્ચે અમેરિકા અને તેના સહયોગી દેશોએ હુથીઓને કાબૂમાં લેવા માટે તેમના પર હવાઈ હુમલા પણ શરૂ કરી દીધા છે. હવે આ જ દિશામાં અમેરિકાએ એક મોટું પગલું ભર્યું છે. અમેરિકાએ હવે સત્તાવાર રીતે યમનના હુથી સંગઠનોને ફરી વૈશ્વિક આતંકી સમૂહ જાહેર કરી દીધું છે. હુથીઓ દ્વારા રાતા સમુદ્રમાં કરવામાં આવી રહ્યા હતા પગલું ભર્યું હોવાના અહેવાલ છે.

## આ વેક્સીન કરોડો લોકોની જીંદગી બચાવશે

# કેન્સરની વેક્સિન તૈયાર થવાની અણીએ:રાષ્ટ્રપતિ પુતિનનો મોટો દાવો

મોસ્કો | તા.16

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે તેમના દેશના વૈજ્ઞાનિકો ટૂંક સમયમાં કેન્સરની રસી તૈયાર કરવા જઈ રહ્યા છે. પુતિને આ માહિતી મોસ્કો ફોરમ ઓન ફ્યુચર ટેકનોલોજી કાર્યક્રમ દરમિયાન આપી હતી. પુતિને દાવો કર્યો છે કે કેન્સરની રસી ટૂંક સમયમાં દર્દીઓ માટે ઉપલબ્ધ થશે. જોકે, પુતિને વેક્સીન ક્યારે ઉપલબ્ધ થશે અને તેઓ કયા પ્રકારનાં કેન્સરને અટકાવશે તે જાહેર કર્યું ન હતું. તેમણે આ રસી લોકોને કેવી રીતે પહોંચાડવામાં આવશે તે અંગે પણ કંઈ જણાવ્યું નથી. કેન્સરની દવાનું હ્યુમન ટ્રાયલ સપ્ટેમ્બર 2023માં, અમેરિકામાં AOH1996 નામની કેન્સરની દવાનું માનવીય પરીક્ષણ શરૂ થયું. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ દવા શરીરના સ્વસ્થ કોષોને નુકસાન પહોંચાડ્યા વિના કેન્સરની ગાંઠોને સંપૂર્ણપણે ખતમ કરી શકે છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે દવાનું નામ 1996માં જન્મેલી એના ઓલિવિયા હીલીથી પ્રેરિત છે. તેમને ન્યુરોબ્લાસ્ટોમા નામનું કેન્સર હતું. એના 2005 માં અવસાન થયું. તે 9 વર્ષની હતી. ન્યુરોબ્લાસ્ટોમા એ કેન્સર છે જે બાળકોમાં થાય છે.




**કંપની-સરકાર ભેગા થયા :** બ્રિટિશ સરકારે કેન્સરની રસી માટે જર્મનીની બાયોએનટેક કંપની સાથે કરાર કર્યો છે. 2030 સુધીમાં કેન્સરના 10 હજાર દર્દીઓની સારવાર કરવાનો ટાર્ગેટ છે. મોડર્ના અને મર્ક કંપનીઓ સ્કીન કેન્સરની રસી બનાવી રહી છે. ગ્લોબલ કેન્સર ઓબ્ઝર્વેટરીના ડેટા અનુસાર, સ્તન, પ્રોસ્ટેટ અને થાઈરોઈડ કેન્સર 50 વર્ષની ઉંમર પહેલા સૌથી સામાન્ય છે. ભારતમાં સ્તન કેન્સર, મોઢાના કેન્સર, ગર્ભાશય અને ફેફસાના કેન્સરના સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

### ભારતમાં પુરુષો કરતાં મહિલાઓ કેન્સરથી પીડાય છે

ભારતમાં 2022માં કેન્સરના 14.13 લાખ નવા કેસ નોંધાયા હતા. જેમાંથી 7.22 લાખ મહિલાઓમાં જ્યારે 6.91 લાખ પુરુષોમાં કેન્સર જોવા મળ્યું હતું. 2022માં કેન્સરથી 9.16 લાખ દર્દીઓનાં મોત થયા હતા. આ એડ્રેનલ ગ્રંથીઓનું કેન્સર છે, જે પેટ, છાતી અને ગરદનના હાડકાંમાં વિકસે છે. એક વૈજ્ઞાનિકે કહ્યું- અમે નવ વર્ષની અના ઓલિવિયા હીલીને શ્રદ્ધાંજલિ આપવા માટે નવી કેન્સરને મારનારી દવાનું નામ AOH1996 રાખ્યું છે.

### મૂલ્યાંકન- ભારતમાં 5 વર્ષમાં કેન્સરના દર્દીઓ 12%ના દરે વધશે

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) નો અંદાજ છે કે દેશમાં 5 વર્ષમાં કેન્સરના દર્દીઓમાં 12%ના દરે વધારો થશે, પરંતુ સૌથી મોટો પડકાર નાની ઉંમરે કેન્સરનો ભોગ બનવું છે. નેચર જર્નલમાં પ્રકાશિત એક રિસર્ચ અનુસાર નાની ઉંમરમાં કેન્સર થવાનું સૌથી મોટું કારણ આપણી જીવનશૈલી છે.વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે દવાનું નામ 1996માં જન્મેલી એના ઓલિવિયા હીલીથી પ્રેરિત છે.



# ઈટાલીમાં ખેડૂતોનું આંદોલન નિયંત્રણ બહાર, વિરોધીઓ ટ્રેક્ટર સાથે રાજધાની રોમમાં પ્રવેશ્યા

રોમ | તા.16

ભારતીય ખેડૂતોને રાજધાની તરફ કૂચ કરતા રોકવા માટે પોલીસે રસ્તાઓ બંધ કરી દીધા છે. પરંતુ ખેડૂતો ટ્રેક્ટર લઈને ઈટાલીની રાજધાની રોમની સડકો પર પહોંચી ગયા હતા. આ ખેડૂતો ગુરુવારે રાજધાનીમાં પ્રવેશ્યા હતા. માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ખેડૂત આંદોલનોનો પોતાનો ઈતિહાસ છે. ભારતીય ખેડૂતોનું આંદોલન આ દિવસોમાં સમાચારોમાં છે, પરંતુ યુરોપના ઘણા દેશોમાં પણ ખેડૂતો સરકારની નીતિઓ સામે રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. યુરોપના લગભગ 10 દેશોમાં જાન્યુઆરીથી ખેડૂતોનો વિરોધ ચાલી રહ્યો છે. આ દેશોમાં ફ્રાન્સ, પોલેન્ડ, સ્પેન, જર્મની, ઈટાલી, ગ્રીસ, રોમાનિયા, બેલ્જિયમ, પોર્ટુગલ, લિથુઆનિયાનો સમાવેશ થાય છે. ગુરુવારે, વિરોધ



કરી રહેલા ખેડૂતોએ ઈટાલીના રોમમાં પ્રાચીન સર્કસ મેક્સિમસ પર હુમલો કર્યો. સર્કસ મેક્સિમસની આસપાસ ખેડૂતોએ તેમના ટ્રેક્ટર ચલાવવાનું શરૂ કર્યું, આ પ્રદર્શન દરમિયાન પોલીસ અને ખેડૂતો વચ્ચે ઝપાઝપી થઈ. આ સિવાય ખેડૂતોનું એક જૂથ પણ વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની ઓફિસ પાસે એકત્ર થયું હતું. આ ઉપરાંત ખેડૂતો તેમની માંગણીઓ સાથે યુરોપિયન યુનિયનની ઓફિસે પણ પહોંચ્યા હતા જ્યાં તેઓએ અધિકારીઓને તેમની ફરિયાદ પત્ર સોંપ્યો હતો.

ઈટાલીની રાજધાનીનું આ દ્રશ્ય 26 જાન્યુઆરી 2021ના રોજ દિલ્હીની સડકો પર જોવા મળ્યું હતું તેવું હતું. આંદોલનકારી ખેડૂતો ITO મારફતે ટ્રેક્ટરમાં દિલ્હીમાં પ્રવેશ્યા હતા. ખેડૂતો અહીં ટ્રેક્ટર ચલાવતા હતા. ત્યારબાદ ખેડૂતો લાલ કિલ્લા તરફ આગળ વધ્યા. ખેડૂતોના ટ્રેક્ટર આંદોલનની કેટલીક આવી જ તસવીરો રોમમાં જોવા મળી હતી. યુરોપમાં ઝડપથી બદલાઈ રહેલા ક્લાઈમેટ ચેન્જને જોતા યુરોપિયન યુનિયને કાયદાઓમાં ઘણા ફેરફારો કર્યા છે. આ સિવાય યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ સમગ્ર યુરોપમાં મોંઘવારી વધી છે. ખેડૂતો તેમની આવકમાં ઘટાડો અને વધતી મોંઘવારીથી ચિંતિત છે. તેમની ફરિયાદો ઈંધણની કિંમતોથી લઈને યુરોપિયન યુનિયનના પર્યાવરણીય કાયદાઓ સુધીની છે જે આબોહવા પરિવર્તનને ઘટાડવા માટે રચાયેલ છે. ખેડૂતો માને છે કે સરકારની આ તમામ નીતિઓ તેમની આજીવિકાને નુકસાન પહોંચાડી રહી છે. ેડૂતોની બાજુ ખેડૂતોના પ્રતિનિધિઓમાંના એક પીનો કોન્વર્ટિનીએ જણાવ્યું હતું કે, "ખેડૂતો પાસે કિંમતો પર સોદાબાજી કરવાની શક્તિ નથી, અમારી પાસે ઉપરથી કરવામાં આવેલી રાજકીય પસંદગીઓ પર સોદાબાજી કરવાની શક્તિ નથી. તો આપણે શું કરવું જોઈએ?" ખેડૂતોનું કહેવું છે કે તેમને આબોહવા પરિવર્તનના નિયમોથી દૂર રાખવા જોઈએ અને ખેતીમાં જંતુનાશકોના ઉપયોગ પર પ્રતિબંધ ન મૂકવો જોઈએ. આ વર્ષે યુરોપના ઘણા દેશોમાં ચૂંટણી યોજાવાની છે, જેના કારણે આ વિરોધ પ્રદર્શનોને કારણે સરકાર પર ઘણું દબાણ છે.

# પુતિનના સૌથી મોટા દુશ્મન એલેક્સી નવલ્ની મૃત્યુ પામ્યા

મોસ્કો તા 16

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના કટ્ટર વિરોધી એલેક્સી નવલ્નીનું અવસાન થયું છે. નવલ્નીએ હંમેશા પુતિનની નીતિઓનો સખત વિરોધ કર્યો હતો. એલેક્સી નવલ્ની એક અગ્રણી રશિયન વિપક્ષી નેતા અને વકીલ રહી ચૂક્યા છે. તેમણે રશિયામાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઘણી ઝુંબેશ ચલાવી હતી. 2011માં તેણે પહેલીવાર પુતિનની પાર્ટી પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. નવલ્નીએ સંસદીય ચૂંટણીમાં ગોટાળાનો પણ આરોપ લગાવ્યો હતો. રશિયાની અંદર તેમને પુતિનના સૌથી મોટા ટીકાકાર માનવામાં આવે છે. જાન્યુઆરી 2021 માં, તેમણે પુતિનના ભ્રષ્ટાચાર વિરુદ્ધ દેશવ્યાપી આંદોલનનું આયોજન કર્યું.

રશિયામાં, 2021 માં, નેવલનીમાં રાષ્ટ્રપતિ પુતિન વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં 3,000 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. નવલ્ની અને તેની પત્ની યુલિયાની પણ ધરપકડ કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે પુતિને પોતાના દુશ્મનને મારવા માટે ફ્લાઈટમાં ઝેર આપ્યું હતું, પરંતુ તે પછી પણ તેઓ બચી ગયા હતા. નાવલની 2011 થી રશિયામાં ઘણી વખત ધરપકડ કરવામાં આવી હતી. તેણે પુતિન પર તેની હત્યા કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. રશિયામાં પુતિનના વિરોધીઓની રહસ્યમય સંજોગોમાં હત્યાનો આ પહેલો કિસ્સો નથી.

# ઓસ્ટ્રેલિયામાં પૂરની ચપેટમાં એક ભારતીયનું મોત ભારે વરસાદથી અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ

સિડની | તા.16

ઓસ્ટ્રેલિયાનાં ક્વીંસલેન્ડમાં વાતાવરણ ખૂબ જ ખરાબ છે. અહીં પૂરની સ્થિતિ બનેલી છે. આ દરમિયાન, માઉન્ટ ઈસા પાસે આવેલાં પુરમાં એક ભારતીય નાગરિકનું મોત થયું છે. કૈનબરામાં ભારતીય હાઈ કમિશને શુક્રવારે આ જાણકારી આપી. ભારતીય હાઈ કમિશને પીડિતનાં પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્તિ કરી. સાથે જ, વિશ્વાસ અપાવ્યો કે તેઓ કોઈપણ મદદ માટે તેમનાં સંપર્કમાં છે. તેમણે સોશિયલ મીડિયા એક્સ પર કહ્યું, ઓસ્ટ્રેલિયાથી ખૂબ જ દુઃખદ સમાચાર આવ્યા છે. અહીં એક ભારતીય વ્યક્તિનું મોત થઈ ગયું છે. મૃતકોનાં પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ઉચ્ચાયોગની ટીમ બધી જ જરૂરી સેવા માટે તેમનાં સંપર્કમાં છે. જોકે, હાઈ કમિશનાં અધિકારીઓએ



મૃત્યુ પામનાર વ્યક્તિની ઓળખ ઉજાગર કરી નથી. આ દરમિયાન, વરસાદ અને વાવાઝોડાનાં એલર્ટ વચ્ચે ક્વીંસલેન્ડમાં સ્થિતિ તણાવપૂર્ણ છે. ક્વીંસલેન્ડની પોલીસે જણાવ્યું, સનશાઈન કોસ્ટ કાઉન્સિલ ક્ષેત્રનાં લોકો માટે ગંભીર વાવાઝોડા-તોફાનની ચેતાવણી છે. બીઓમે ચેતાવણી જાહેર કરી છે કે મારૂચ્યડોર અને અહીંની આસપાસનાં ક્ષેત્રમાં ભારે વરસાદ થવાની શક્યતા છે અને વાવાઝોડું આવે તેવી શક્યતા છે,

જેનાથી અચાનક જ પૂરની સ્થિતિ સર્જાઈ શકાય છે.એક અન્ય ઘટનામાં, પોલીસે જણાવ્યું કે માઉન્ટ ઈસા પાસે પૂરનાં પાણીમાં ડૂબેલી કારમાં એક મહિલા મૃત મળી આવી છે. મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને લોકોને આગ્રહ કરવામાં આવ્યો છે કે તપાસમાં મદદ કરવા માટે આગળ આવે.

# 7 ભારતીયોનાં મોત બાદ જગત જમાદાર અમેરિકા જાગ્યું : જોન કિર્બીએ ભારતીયો પર થયેલા હુમલાની નિંદા કરી

વોશિંગ્ટન | તા.16

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જોન કિર્બીએ ભારતીયો પર થયેલા હુમલાની નિંદા કરી છે. અમેરિકામાં ભારતીયોના મોતની ઘટનાઓ વધી છે. આ હુમલાઓ પર વ્હાઈટ હાઉસે કહ્યું કે અમેરિકામાં જાતિ, લિંગ અથવા અન્ય કોઈ આધાર પર હિંસા સ્વીકાર્ય નથી. વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જ્હોન કિર્બીએ કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન અને તેમનું વહીવટીતંત્ર આ હુમલાઓને રોકવા માટે પુરા પ્રયાસો કરી રહ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા પર સવાલ ખરેખરમાં, જોન કિર્બીને ભારતીય વિદ્યાર્થીઓ પરના હુમલાઓ અને તેમના બાળકોને અમેરિકા મોકલવા અંગે માતા-પિતાની ચિંતા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આના જવાબમાં તેણે કહ્યું - ચોક્કસપણે જાતિ, લિંગ, ધર્મ અથવા હિંસા માટે કોઈપણ પ્રકારનું બહાનું અમેરિકામાં





બિલકુલ સ્વીકાર્ય નથી. ભારતીયોના મૃત્યુ અને તેમના પરના હુમલાઓ પર એક નજર... છેલ્લા એક મહિનામાં 4 ભારતીય વિદ્યાર્થીઓ અને 3 ભારતીય મૂળના લોકોના મોત થયા છે. અન્ય એક ભારતીય વિદ્યાર્થી પર પણ હુમલો થયો હતો. શેફિલ્ડ પોલીસ ચીફ રિકી ટેરીએ જણાવ્યું હતું કે હત્યાના આરોપમાં 34 વર્ષના વિલિયમ જેરેમી મૂરની ધરપકડ કરવામાં આવી છે. મૂર હોટલમાં રૂમ ભાડે લેવા આવ્યો હતો અને તે દરમિયાન તેનો પટેલ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ મૂરે પટેલને ગોળી મારી દીધી હતી. 2. 4 ફેબ્રુઆરી 2024: શિકાગોમાં એક ભારતીય વિદ્યાર્થી પર હુમલો થયો. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં 3 હુમલાખોરો વિદ્યાર્થીનો પીછો કરતા જોવા મળ્યા હતા. આ પછી ત્રણેય તેને માર માર્યો અને ફોન છીનવીને ભાગી ગયા. વિદ્યાર્થી લોહીથી લથબથ થઈ ગયો હતો. ઘટના બાદ કેટલાક લોકો સૈયદ મઝાહિર અલી (વિદ્યાર્થી)ની મદદ માટે આવ્યા હતા. મઝાહિરે તેમને કહ્યું- 'હું ખાવાનું લેવા ઘરેથી નીકળ્યો હતો. મેં ખાવાનું ખરીદ્યું અને ઘરે પાછો જઆ રહ્યો હતો. ત્યારબાદ ત્રણ લોકો આવ્યા અને મારો પીછો કરવા લાગ્યા. તેમણે મારા પર હુમલો કર્યો. જ્યારે લોકો એકઠા થવા લાગ્યા ત્યારે તેઓ મારો ફોન છીનવીને ભાગી ગયા.

# આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની એકંદર સંખ્યા ઘટી

લંડન | તા.16

અભ્યાસ બાદ વર્ક વિઝા તથા આશ્રિતને લાવવા પરના નિયંત્રણ સહિતના પરિબળોને કારણે બ્રિટનની યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી અરજીઓમાં 4 ટકાનો ઘટાડો થયો છે. જ્યારે યુનિવર્સિટી અને કોલેજ એડમિશન સર્વિસ (યુસીએએસ) ના આંકડા દર્શાવે છે કે અંડરગ્રેજ્યુએટ જગ્યાઓ માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની એકંદર સંખ્યામાં 0.7 ટકાનો વધારો થયો છે. ગયા વર્ષની સરખામણીમાં ભારતમાંથી અરજીઓ 4 ટકા ઘટીને 8,770 અને નાઈજીરિયામાંથી 46 ટકા ઘટીને 1,590 થઈ છે. આંતરરાષ્ટ્રીય અરજદારોમાં 0.7 ટકાના વધારા સાથે બ્રિટિશ કોલેજોમાં શિક્ષણ હજુપણ વિદેશી વિદ્યાર્થીઓ પસંદ કરતા આવ્યા છે. અરજદારોમાં સૌથી વધુ ચીન (3 ટકા, 910 અરજદારો), તુર્કી (37 ટકા, 710 અરજદારો) અને કેનેડા (14 ટકા, 340 અરજદારો) છે.



નાઈજીરીયા (માઈનસ 46 ટકા) અને ભારત (માઈનસ 4 ટકા) ના અરજદારોમાં ઘટાડો થયો છે. અભ્યાસ પછી વર્ક વિઝાના નિર્ણયની સમીક્ષાની અસર હાલમાં જ બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે વિદેશી વિદ્યાર્થીઓને અભ્યાસ પછી વર્ક વિઝાની મંજૂરી આપવાના નિર્ણયની સમીક્ષા કરવાની જાહેરાત કરી હતી. જેના કારણે વિદેશી વિદ્યાર્થીઓ અવઢવમાં મુકાયા હતા. સ્ટુડન્ટ વિઝા કેટેગરીમાં, ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હોય છે. સાથે જ સરકારી શિષ્યવૃત્તિ મેળવતા વિદ્યાર્થીઓ પર આશ્રિતને લાવવા પર નિયંત્રણો મુકવામાં આવ્યા છે. જેની પણ અસર જોવા મળી રહી છે.

# ઓનલાઇન ગેમિંગમાં બાળકો બુલિંગનો ભોગ બની શકે છે, ગુમસુમ રહે તો માતા-પિતા વાતચીત કરવાનો પ્રયાસ કરે



સિંગાપોર | તા.16

તમારું બાળક ઓનલાઈન ગેમિંગ દરમિયાન સાઈબર બુલિંગનો ભોગ તો નથી બની રહ્યું ને? આ અંગે નિષ્ણાતોનું કહેવું છે કે સંતાનોની સામાન્ય લાગતી ફરિયાદ પ્રત્યે પણ માતા-પિતાએ ધ્યાન આપવું જોઈએ. સિંગાપોરની ટચ કોમ્યુનિટી સર્વિસીઝના મુખ્ય અધિકારી અનીતા લો-લિમ કહે છે કે ઓનલાઈન ગેમમાં હાનિકારક વ્યવહાર વિવિધ સ્વરૂપે સામે આવી શકે છે. તેમાં બાળકોને બહિષ્કૃત કરવાનું પણ સામેલ હોય છે કારણ કે તેઓ અન્ય ગેમર્સની જેમ સારા નથી. તેમને ગાળો અપાતી હોય છે અથવા તો વારંવાર ધમકાવવામાં આવતા હોય છે. લિમ જણાવે છે કે જ્યારે તમને ટીમના ખેલાડી તરીકે પસંદ કરવામાં ન આવે ત્યારે બાળમાનસમાં અસ્વીકૃતિની ભાવના જન્મે છે, જે તેમાં માટે માનસિક મૂંઝવણનું કારણ બને છે. લિમના મતે, જો શરૂઆતમાં જ તેની જાણ ન થાય તો આગળ જતાં ભવિષ્યમાં એ બાળકો માટે મોટી માનસિક સહિતની અન્ય મુશ્કેલીઓનું કારણ બની શકે છે. સૂચન આપતાં લિમ કહે છે કે પોતાનાં સંતાનો એકાએક એકાકી રહેવા લાગે ત્યારે માતા-પિતાએ ધ્યાન આપવું જોઈએ.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ પૉલિસી સ્ટડીઝના પ્રિન્સિપલ રિસર્ચ ફેલો કેરોલ સૂને કહ્યું હતું કે તેમને ચિંતા છે કે પ્રતિક્રિયા આપવા વિશે જો યુવા ગેમર્સ અને તેનાં માતા-પિતા જાણતાં ન હોય તો ઓનલાઈન ગેમિંગથી મોટું નુકસાન થઈ શકે છે. ડૉ. સૂને કહ્યું, આપણે બદમાશીને જેને સ્વીકાર્ય ગણતા હોઈએ તેની દૃષ્ટિએ નહીં પરંતુ પીડિતના દૃષ્ટિકોણથી જોવી જોઈએ. બાળકોના ગેમિંગ પર માતા-પિતાએ નજર રાખવી જોઈએ નિષ્ણાતોનું કહેવું છે કે માતા-પિતાએ પોતાનાં સંતાનોની ગેમિંગ પ્રવૃત્તિઓ પર પરિચિત થાય તે માટે એક ડગલું આગળ વધીને પોતે પણ ગેમ રમી શકે છે.

### સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મૃત્યુઆંક વધી શકે છે, ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવાયો

# દિલ્હીના અલીપુરમાં ફેક્ટરીમાં ભીષણ આગ, 11 શ્રમિકો જીવતા હોમાયા, ચારની હાલત ગંભીર

નવી દિલ્હી | રાજધાની દિલ્હીમાં ફરી એકવાર આગ લાગવાની ઘટના બની છે. શહેરના અલીપુરની એક પેઈન્ટ ફેક્ટરીમાં ભીષણ આગમાં 11 શ્રમિકોના મોત થયા છે જ્યારે ચાર શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયાના અહેવાલ છે. ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવાયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મૃત્યુઆંક વધવાની સંભાવના છે.

આ ઘટનાની વધુ વિગતો મુજબ ઉત્તર દિલ્હીના અલીપુર વિસ્તારના દયાલ માર્કેટમાં એક પેઈન્ટ ફેક્ટરીમાં ગુરુવારે મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગ લાગ્યા બાદ ફેક્ટરીમાંથી ઘણા શ્રમિકો બહાર આવી શક્યા ન હતા અને 11 શ્રમિકો જીવતા હોમાયા હતા, જ્યારે ચાર શ્રમિકોની હાલત ગંભીર જણાવા મળી છે જેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે મૃત્યુઆંક વધી શકે છે. મૃતક શ્રમિકોની ઓળખ હજુ સુધી થઈ નથી. ફાયર વિભાગની 22 ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. સ્થાનિક તંત્ર અને પોલીસની ટીમે પણ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



આગના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો. નોંધનીય છે કે દિલ્હીનો આલીપુર વિસ્તાર ખુબ જ ભીડભાડવાળો છે. આ ગીચ વિસ્તારમાં આવેલી પેઈન્ટ ફેક્ટરી આગ ફાટી નીકળી હતી અને કેમિકલના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. જેના કારણે ફેક્ટરીમાં કામ કરતા શ્રમિકો દાઝી ગયા હતા. અગાઉ ત્રણ શ્રમિકોના મોતના સમાચાર હતા, પરંતુ મોડી રાત્રે બહાર પાડેલા અપડેટમાં સામે આવ્યું છે કે દાઝી જવાથી 11 શ્રમિકોના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે આગના કારણે આ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### ચૂંટણી બોન્ડથી ભાજપને સૌથી વધુ 6,525 કરોડ, કોંગ્રેસને રૂ. 1123 કરોડ મળ્યા

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ચૂંટણી બોન્ડને ગેરકાયદે ગણાવીને તેના પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દીધો છે. જોકે, વર્ષ ૨૦૧૮માં ચૂંટણી બોન્ડ યોજના શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં દેશના કુલ ૩૧ રાજકીય પક્ષોએ ચૂંટણી બોન્ડ મારફત રૂ. ૧૬,૦૦૦ કરોડથી વધુનું દાન મેળવ્યું હતું, જેમાં અડધાથી વધુ એટલે કે રૂ. ૬,૫૬૫ કરોડ (૫૫ ટકા) એકલા ભાજપને મળ્યું હતું. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૩ વચ્ચે કોંગ્રેસ રૂ. ૧,૧૨૩ કરોડના દાન સાથે બીજાક્રમે છે. પ્રાદેશિક પક્ષોમાં સત્તામાં ના હોવા છતાં એનસીપીને સૌથી વધુ ભંડોળ મળ્યું છે. રસપ્રદ બાબત એ છે કે કેન્દ્ર કે રાજ્યમાં સત્તા પર હોય તે પક્ષને વધુ દાન મળ્યું છે.

ચૂંટણી પંચે હજુ સુધી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજકીય પક્ષોનો વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો નથી. પરંતુ એડીઆરના અહેવાલ મુજબ માર્ચ ૨૦૧૮ અને જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે ચૂંટણી બોન્ડના વેચાણ મારફત રાજકીય પક્ષોએ સંયુક્તરૂપે કુલ રૂ. ૧૬,૫૧૮ કરોડના મેળવ્યા છે. વધુમાં રાજ્યોમાં સત્તા ધરાવતા પ્રાદેશિક પક્ષોને દાનમાં મળેલી કુલ રકમમાં ૯૦ ટકાથી વધુ દાન ચૂંટણી બોન્ડ મારફત મળ્યું છે. કેન્દ્ર સરકારે બે જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ચૂંટણી બોન્ડ યોજના લોન્ચ કરી હતી. ચૂંટણી પંચ સમક્ષ રાજકીય પક્ષો દ્વારા રજૂ કરાયેલા વાર્ષિક ઓડિટેડ સ્ટેટમેન્ટ્સના વિશ્લેષણ પરથી ખ્યાલ આવે છે કે વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૨-૨૩ સુધીમાં ચૂંટણી બોન્ડ મારફત સૌથી વધુ દાન ભાજપે મેળવ્યું છે, જેનું મૂલ્ય રૂ. ૬૫૬૫ કરોડ છે. આ યાદીમાં બીજા ક્રમે કોંગ્રેસ છે, પરંતુ તેને માત્ર રૂ. ૧૧૨૩ કરોડનું દાન ચૂંટણી બોન્ડ મારફત મળ્યું છે.

## ન્યૂઝ કોર્નર

### પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર EDની કાર્યવાહી,પાર્થ ચેટર્જીના સંબંધીઓ પર ગાળીયો કસાયો

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર EDની કાર્યવાહી જોવા મળી છે. ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન અને જેલમાં બંધ TMC નેતા પાર્થ ચેટર્જીના સંબંધીઓ પર કોલકાતામાં દરોડા પાડ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે શિક્ષક ભરતી કૌભાંડ મામલે કોલકાતામાં ઘણી જગ્યાએ EDના દરોડા ચાલી રહ્યા છે. EDની ટીમ સાથે સુરક્ષા દળોના જવાનો પણ હાજર છે.

પશ્ચિમ બંગાળમાં પ્રાથમિક શાળાઓમાં ભરતીમાં કથિત ગેરરીતિઓની તપાસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શુક્રવારે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ પ્રધાન પાર્થ ચેટરજીની નજીક ગણાતા બિલ્ડરના નિવાસસ્થાન અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય દળો સાથે મળીને EDની ટીમોએ બિઝનેસમેનની ઓફિસ અને ત્રણ ફ્લેટ પર દરોડા પાડ્યા હતા.

### Akasa એર ફ્લાઇટમાં BJP સાંસદ સાધ્વી પ્રજ્ઞા વિરુદ્ધ ષડયંત્ર!

નવી દિલ્હી | ભોપાલના સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે દિલ્હીમાં Akasa એરલાઈન્સના ડ્યુટી મેનેજર અને તેના સાથીદારો પર તેમને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. આ અંગે પ્રજ્ઞા સિંહ ઠાકુરે મોડી રાત્રે પોતાના 'X' હેન્ડલ પર પોસ્ટ કર્યું છે, જેમાં તેમણે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને ટેગ કરીને કાર્યવાહીની માંગ કરી છે. બીજેપી સાંસદ પ્રજ્ઞા ઠાકુરે કહ્યું, "માનનીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, જ્યારે હું Akasa એરલાઈન્સની ફ્લાઈટ નંબર QP1120 દ્વારા મુંબઈથી દિલ્હી આવતી હતી, ત્યારે ડ્યુટી મેનેજર ઈમરાન અને તેના સહયોગીઓએ કાવતરું ઘડ્યું અને મને ભારે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો. મને આશા છે કે તમે ચોક્કસ પણે પગલાં લઈ યોગ્ય કાર્યવાહી કરશો જી. જોકે, આ મામલે Akasa એરલાઈન્સે પ્રજ્ઞા ઠાકુરની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે કાર્યવાહી કરવામાં આવશે. એરલાઈન્સે કહ્યું કે અમે તમારા અનુભવ વિશે ખૂબ ચિંતિત છીએ. તમારો પ્રતિસાદ સમીક્ષા માટે ટીમ સાથે શેર કરવામાં આવશે અને જરૂરી પગલાં લેવામાં આવશે.

### રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ એક જ ગાડીમાં બેઠા હતા

# ભારત જોડો ન્યાય યાત્રામાં જોડાયા તેજસ્વી યાદવ, રાહુલ ગાંધી સાથેની તસવીર ચર્ચાનો વિષય બની

નવી દિલ્હી | ભારત જોડો ન્યાય યાત્રામાં બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ પણ જોડાયા હતા. તેમણે શુક્રવારે સાસારામમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને જોઈન કર્યા હતા. આ દરમિયાન બંને વચ્ચેની મિત્રતા સ્પષ્ટ દેખાઈ રહી હતી. સૌથી રસપ્રદ નજારો એ હતો કે રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ એક જ ગાડીમાં બેઠા હતા. જેમાં તેજસ્વી યાદવ ડ્રાઈવ કરી રહ્યા હતા અને રાહુલ ગાંધી બાજુની સીટ પર બેઠા હતા. બંને નેતાઓની આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહી છે જેની ભારે પ્રશંસા થઇ રહી છે. જોકે અમુક યુઝર્સ તેમને ટ્રોલ પણ કરી રહ્યા છે. પરંતુ રાજકીય જગતમાં આ આ તસવીર ચર્ચાનો વિષય બની ચૂકી છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી આજે કૈમૂરના દુર્ગાવતીના ધનેછામાં એક સભાને સંબોધશે. બંને નેતાઓ એકસાથે મોદી સરકાર સામે હુંકાર ભરશે અને નીતીશ કુમાર સામે પણ નિશાન તાકે તેવી શક્યતા છે.




### ટોળામાં સામેલ હિંસક લોકોએ સરકારી વાહનોને આગ ચાંપી

# મણિપુરમાં પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટની ઓફિસ પર 400થી વધુ લોકોના ટોળાનો હિંસક હુમલો

ઈમ્ફાલ | :મણિપુરમાં ફરી એકવાર હિંસા વધવા લાગી છે. 400થી વધુ લોકોના શસ્ત્રધારી ટોળાએ ચુરાચંદપુરના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ તથા ડીસીના કાર્યાલયને ઘેરી લેતાં જોરદાર તોડફોડ મચાવી હતી. દરમિયાન ટોળામાં સામેલ હિંસક લોકોએ સરકારી વાહનોને આગ ચાંપી દીધી હતી. ખરેખર તો આખી હિંસા એક પોલીસ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાને કારણે થઈ હતી. પોલીસનું કહેવું છે કે આ દરમિયાન અથડામણમાં એક વ્યક્તિ મૃત્યુ પામ્યો અને 30 થી વધુ લોકો ઘવાયા હતા. જો કે પોલીસ અને સુરક્ષા દળો દ્વારા પરિસ્થિતિને કાબૂ કરી લેવાઈ હતી.



પોલીસે જણાવ્યું કે 300-400 લોકોના ટોળાએ એસપી ઓફિસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. જે બાદ આરએએફ સહિત અન્ય સુરક્ષા દળો તરત જ એક્ટિવ થઈ ગયા હતા અને સ્થિતિને કાબુમાં લીધી હતી. ભીડને વેરવિખેર કરવા ટીયર ગેસના શેલ પણ છોડાયા હતા.

સમગ્ર વિવાદ એક પોલીસ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાના કારણે શરૂ થયો હતો. પોલીસનું કહેવું છે કે એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં એક પોલીસ હેડ કોન્સ્ટેબલ સિયામલાલપોલ ગામના હથિયારધારી લોકો અને સ્વયંસેવકો સાથે બેઠેલા જોવા મળ્યો હતો. જેના કારણે ચુરાચંદપુરના એસપી શિવાનંદ સુર્વેએ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કર્યો હતો. આદેશમાં કહેવામાં આવ્યું હતું કે શિસ્તબદ્ધ પોલીસ દળના સભ્ય હોવાને લીધે આ એક ગંભીર ગુનો હતો.

### ખરાબ સેવા બદલ ડૉક્ટર સામે કેસ થાય તો વકીલ સામે કેમ નહીં?

| નવી દિલ્હી : મેડિકલ ટ્રીટમેન્ટમાં બેદરકારી બદલ જો ડૉક્ટર્સ સામે કેસ થઇ શકે તો ખરાબ સર્વિસ બદલ વકીલો સામે કેમ નહીં? તેવો સવાલ સુપ્રીમ કોર્ટે ગુરુવારે આ મામલે કેટલીક અરજીઓ મામલે સુનાવણી શરૂ કરતી વેળાએ કર્યો હતો. કાનૂની પ્રતિનિધિત્વ સંબંધિત બાબતો ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986 હેઠળ આવરી લેવાઇ છે કે કેમ તેને લગતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઇ. આ દરમિયાન કોર્ટે કહ્યું કે જો નબળી સેવા બદલ ડૉક્ટર્સ સામે ગ્રાહક અદાલતમાં કાર્યવાહી થઇ શકતી હોય તો વકીલો સામે કાર્યવાહી કેમ ના થઇ શકે? જસ્ટિસ બેલા એમ. ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. 2007માં નેશનલ કન્ઝ્યુમર કમિશન દ્વારા આપવામાં આવેલા મંતવ્યો સામે સવાલ ઉઠાવતી અરજીઓ પર વિચારણા કરતી વખતે કોર્ટે આ વાત કહી. નેશનલ કન્ઝ્યુમર કમિશને 2007ના તેના ચુકાદામાં ઠેરવ્યું હતું કે વકીલો ગ્રાહક સુરક્ષા કાયદાના દાયરામાં આવે છે. સેવામાં ઉણપ માટે તેમને ગ્રાહક વતી ગ્રાહક અદાલતમાં પણ ખેંચી શકાય છે.

### કોંગ્રેસ અને યુથ કોંગ્રેસના તમામ એકાઉન્ટ ફ્રીઝ, અજય માકનનો કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપ

નવી દિલ્હી | કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે મોટો આરોપ મૂક્યો હતો. પાર્ટીએ કહ્યું કે કોંગ્રેસ અને યુથ કોંગ્રેસના તમામ એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. અજય માકને એક પત્રકાર પરિષદને સંબોધતા આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસના તમામ એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. અજય માકને કહ્યું કે આપણા દેશમાં તાળાબંધી કરી દેવામાં આવી છે. લોકશાહીને પણ કબજે કરી લેવામાં આવી છે. હવે લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થવાને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપના નેતૃત્વ હેઠળની મોદી સરકાર આવું પગલું ભરીને શું સાબિત કરવા માગે છે? દેશની મુખ્ય પાર્ટીના એકાઉન્ટ્સ ફ્રીઝ કરાયા છે. આવકવેરા વિભાગે 210 કરોડ રૂપિયાની રિકવરીની માગ કરી છે. કોંગ્રેસ નેતાએ આગળ કહ્યું કે 2018ના આવકવેરા રિટર્નને આધાર બનાવી કરોડો રૂપિયાની માગણી કરવામાં આવી રહી છે. આ ખૂબ જ શરમજનક વાત છે. લોકતંત્રની હત્યા થઇ રહી છે.

### સુબ્રમણ્યમ સ્વામીનો દિલ્હી હાઇકોર્ટમાં દાવો

# એક્સિસ બેંકે મેક્સ લાઇફના શેરોના લે-વેચથી રૂ. 4000 કરોડનો અયોગ્ય લાભ મેળવ્યો

નવી દિલ્હી | ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના સુબ્રમણ્યમ સ્વામીએ આજે દિલ્હી હાઇકોર્ટમાં મેક્સ લાઇફ ઇન્સ્યુરન્સના શેરોના ખરીદ અને વેચાણથી અયોગ્ય લાભ મેળવવા માટે એક્સિસ બેંક દ્વારા કરવામાં આવેલ કથિત છેતરપિંડીની તપાસનો આદેશ જારી કરવાની માગ કરી છે.

એક્સિસ બેંક તરફથી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે તેમની અરજીની નકલ મળી નથી. ત્યારબાદ કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ મનમોહન અને ન્યાયમૂર્તિ મનમિત પી એસ અરોરાની બનેલી ખંડપીઠે જાહેર હિતની અરજીની આગામી સુનાવણી ૧૩ માર્ચે રાખી છે.

ભાજપના પૂર્વ સાંસદ સ્વામીએ કોર્ટને કેસની તપાસ માટે નિષ્ણાતોની એક સમિતિની રચના કરવાની અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે ખાનગી બેંકોની અનિયમિતતાઓને સપાટી પર લાવવી જોઈએ.




સ્વામીએ પોતાની અરજીમાં આરોપ મૂક્યો છે કે એક્સિસ બેંકે બિન પારદર્શક રીતે અને નિયમોનો ભંગ કરીને મેક્સ લાઇફ ઇન્સ્યુરન્સના શેરોના ખરીદ અને વેચાણથી ૪૦૦૦ કરોડ રૂપિયાની અયોગ્ય કમાણી કરી હતી. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે માર્ચ ૨૦૨૧માં એક્સિસ બેંકે મેક્સ લાઈફના ૦.૯૯૮ ટકા શેરો ૧૬૬ રૂપિયાના ભાવે મેક્સ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ (એમએફએસએલ) અને મિત્સુઇ સુમિટોમો ઈન્ટરનેશનલને વેચ્યા હતાં.

ત્યારબાદ થોડાક જ સમય પછી માર્ચ-એપ્રિલ, ૨૦૨૧માં એક્સિસ બેંક લિમિટેડ અને તેના ગુરૂપ એકમોએ ૩૧.૫૧ રૂપિયાથી ૩૨.૧૨ રૂપિયાના ભાવમાં એમએફએસએલ પાસેથી ૧૨.૦૦૨ ટકા શેરો ખરીદ્યા હતાં.

### મંત્રી રાઘવજીભાઈના સ્વાસ્થ્ય માટે ઠેર ઠેર પ્રાર્થના તથા યજ્ઞ જાપના આયોજનો કરવામાં આવ્યા .

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને તાજેતરમાં આવેલ બ્રેન સ્ટોકના કારણે વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા છે.જેથી સમગ્ર હાલાર પંથકમાં રાઘવજીભાઈના શુભ ચિંતકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. રાઘવજીભાઈ પુનઃસ્વસ્થ થાય અને હેમખેમ તેઓની બીમારીમાંથી બહાર આવે તે માટે જામનગર સહિત સમગ્ર હાલાર પંથકમાં લોકો દ્વારા હોમ હવન તથા પ્રાર્થનાનો દૌર શરૂ થયો છે. લોકો ઈશ્વર પાસે મંત્રીના સ્વાસ્થ્ય અંગે તેમજ તેઓ સ્વસ્થ થઈ ફરી લોકસેવામાં જોડાય તે અંગે પ્રાર્થના કરી રહ્યા છે.

રાઘવજીભાઈ પટેલના આવા જ એક શુભ ચિંતક રસિકભાઈ વસોયા દ્વારા રાઘવજીભાઈના સ્વાસ્થ્યમાં સુધારો આવે એ હેતુથી પસાયાના મહાકાળી મંદિર ખાતે શ્રીયજ્ઞ તથા જાપ તા.૧૩/૨/૨૪ બુધવાર થી શરૂ કરી મંત્રી રાઘવજીભાઈના પુનઃસ્વાસ્થય અંગેની મનોકામના વ્યક્ત કરી છે.

### દેશના તમામ ખેડૂત સંગઠનો ભારત બંધમાં પંજાબના ખેડૂતો સાથે જોડાશે

# કેન્દ્ર સરકાર અને ખેડૂતો વચ્ચેની બેઠક નિષ્ફળ, 'ભારત બંધ', અન્નદાતાઓએ કમર કસી!

નવી દિલ્હી | એક તરફ પંજાબના ખેડૂતો છે, જેઓ દિલ્હી તરફ કૂચ કરવા પંજાબ-હરિયાણા બોર્ડર પર પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો સાથે બાથ ભીડી રહ્યા છે. બીજી તરફ સંયુક્ત કિસાન મોરચા 16 ફેબ્રુઆરી એટલે કે શુક્રવારે ભારત બંધ પાળવા જઈ રહ્યો છે.

દેશના તમામ ખેડૂત સંગઠનો ભારત બંધમાં પંજાબના ખેડૂતો સાથે જોડાશે. આવી સ્થિતિમાં પંજાબથી લઈને હરિયાણા, દિલ્હીથી લઈને યુપી સુધી હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ગુરુવારે સાંજે કેન્દ્ર સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે ત્રીજા રાઉન્ડની વાતચીત પણ નિષ્ફળ ગઈ હતી. દિલ્હીની તમામ સરહદો પર પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

ખેડૂત સંગઠનોને પણ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માટે કહેવામાં આવી રહ્યું છે.13 ફેબ્રુઆરીએ પંજાબના ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરવાની જાહેરાત કરી હતી અને 3 દિવસ સુધી પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનોએ ખેડૂતોને પંજાબ અને હરિયાણા બોર્ડર પર એક મીટર પણ આગળ વધવા દીધા નથી, પરંતુ હવે 16 ફેબ્રુઆરી એટલે કે તે તારીખ છે.



જેમાં માત્ર પંજાબના ખેડૂતો જ નહીં પરંતુ દેશભરના ખેડૂત સંગઠનો પોતાની માંગણીઓ સાથે સરકાર સામે એક સાથે ઉભા રહેશે. ખેડૂતોની એમએસપીની ગેરંટી સહિત કુલ 13 માંગણીઓ છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર પોતાનું વચન પૂરું કરી રહી નથી અને તેના માટે હવે દેશભરના ખેડૂતો સંયુક્ત કિસાન મોરચાના નેતૃત્વમાં ભારત બંધ પાળી રહ્યા છે. પંજાબ અને હરિયાણા બોર્ડર પર તંગ વાતાવરણને જોતા 16 ફેબ્રુઆરીએ ભારત બંધ માટે મોટું એલર્ટ આપવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં અર્ધલશ્કરી દળ અને દિલ્હી પોલીસના જવાનોએ દિલ્હીની સિંઘુ બોર્ડર પર રિહર્સલ શરૂ કરી દીધું છે.

### હવે...રામ મંદિરની જાખી ચાંદીના સિક્કામાં..!,અયોધ્યામાં રામ મંદિરની થીમ પર આધારિત સિક્કા બહાર પાડ્યા

# નાણામંત્રી નિર્મલા સીતારમણે બહાર પાડયા રામમંદિર-બુદ્ધ સહિત ત્રણ સ્મારક સિક્કા

**સિક્કાની એક તરફ રામલાલાની અને બીજી બાજુ રામ મંદિરની તસવીર**

નવી દિલ્હી | કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે એક કાર્યક્રમ દરમિયાન 3 સ્મારક સિક્કા બહાર પાડ્યા. તેમાં અયોધ્યામાં રામ મંદિરની થીમ પર આધારિત સિક્કા તેમજ ભગવાન બુદ્ધ પર આધારિત સિક્કા અને એક શિંગડાવાળા ગેંડાનો સમાવેશ થાય છે. રામ મંદિરની થીમ પર આધારિત આ સિક્કાની એક તરફ રામલાલાની અને બીજી બાજુ રામ મંદિરની તસવીર છે.આ દરમિયાન તેમણે સિક્યુરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SPMCIL)ના કાર્યક્રમમાં ઉપસ્થિત કર્મચારીઓને પણ સંબોધિત કર્યા હતા. તેમણે SPMCIL ના કર્મચારીઓને એક વિકસિત દેશ તરીકે ભારતની સફરમાં સુસંગત રહેવાની રીતો પર આત્મનિરીક્ષણ કરવા કહ્યું.ડિજિટલ યુગમાં આત્મનિરીક્ષણ જરૂરીઃ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, તમે ડિજિટલ યુગમાં કામ કરી રહ્યા છો. તેથી તમારે આત્મનિરીક્ષણ કરવું પડશે કે તમારું ભવિષ્ય કેવું હશે. તમે તેને કેવી રીતે બદલશો તે હું તમારા પર છોડી દઉં છું. દરેક ક્ષેત્રમાં ટેક્નોલોજીની મદદથી વિકસી રહેલા વિકસિત ભારત અને નવા ડિજિટલ ઈન્ડિયા વચ્ચે તમે કેવી રીતે મેળાપ કરશો. તેમણે કહ્યું કે SPMCILની ઈ-પાસપોર્ટ ટ્રેક અને ટ્રેસ સિસ્ટમ જીવનને સરળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.



**પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**
Piramal Capital & Housing Finance
CIN:- L65910MH1984PLC032639
રજિસ્ટર્ડ ઓફિસ :- યુનિટ નં 601, 6ઠો માળ, પીરામલ અમિતી બિલ્ડીંગ, પીરામલ અગત્સ્ય કોર્પોરેટ પાર્ક, કમાણી જંકશન, ફાયર સ્ટેશન સામે, LBS માર્ગ, કુર્લા(પશ્ચિમ), મુંબઈ - 400070 ફોન નં:- +91 22 3802 4000
બ્રાંચ ઓફિસ :- 208-212, 2 જો માળ, ટોર્કોઈઝ, પંચવટી ચાર રસ્તા, સીજી રોડ, અમદાવાદ 380009
કોન્ટેક્ટ નં:- (1) જવલ બેલાની - 9825263665 (2) દિપ્નેશ રાઠોડ - 9687619755 (3) વિશાલ કેટેલે - 9584966653

**ઈ-ઓક્શન સેલ નોટિસ- અનુગામી વેચાણ**

પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીઓ દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોનો કબજો લેવાના અનુસંધાનમાં જે અગાઉ દિવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાય છે તે **નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઈઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, 2002**ના અમલ હેઠળ ઋણ લેનાર/ઓ પાસેથી લેણી રકમ, સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં નીચે દર્શાવેલ ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે અહીં નીચે વર્ણવેલ છે, જે ભૌતિક કબજામાં છે, **'જેમ કે હું જ્યાં છે તેના આધારે'** અને **'જે છે ત્યાં આધાર છે'**, જેની વિગતો નીચે આપેલ છેઃ

| લોન કોડ / શાખા / ઉધાર લેનાર (ઓ)/ સહ-ઉધાર લેનારા (ઓ) / જામીનદાર (ઓ) | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ | મિલકતનું સરનામું _ફાઈનલ | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) | બાકી રકમ (15-02-2024) |
|---|---|---|---|---|---|
| લોન કોડ નંબરઃ 03100011712, અમદાવાદ (શાખા), ઓમ ટેકનો સિરામિક્સ (ઉધારલેનાર), પ્રદીપ અમૃતભૂષણ ડેમ (સહ ઉધાર લેનાર 1) શિબાની પ્રદીપ ડેમ (સહ ઉધાર લેનાર 2) બીથિકા અમૃતભૂષણ ડેમ (જામીનદાર 1) | તા. 19-11-2019, રૂ. 29342294/- (રૂ. બે કરોર ત્રાણુ લાખ બેતાળીસ હજાર બસો ચોરાણુ | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ હદ ધરાવે છે :- આર એસ નં. 864/p 865/p, 867/p, 868/p, NA ઓમ ટેકનો સિરામીક, પ્લોટ નં. 704/3 જીઆઈડીસી ઓમ ટેકનો સિરામીક, પ્લોટ નં. 704/3 જીઆઈડીસી વી વી નગર ડિફોલ્ટ ગુજરાત 388001 | રૂ. 48366000/- (રૂ. ચાર કરોડ ત્યાસી લાખ છાસઠ હજાર માત્ર) | રૂ. 4836600/- (રૂ. અડતાલીસ લાખ ત્યાસી છત્રીસ હજાર છસો માત્ર) | રૂ. 52253332/- (રૂ. પાંચ કરોડ બાવીસ લાખ ત્રેપન હજાર ત્રણસો બત્રીસ માત્ર) |

**ઈ-ઓક્શન ની તારીખ :- 06-03-2024, સવારે 11:00 વાગ્યા થી બપોરે 02:00 વાગ્યા સુધી ( અનિશ્ચિત 5 મિનિટના અંતરાળ સાથે), બિડ સબમિશનની છેલ્લી તારીખ :- 05-03-2024, સાંજે 04:00 વાગ્યા પહેલાં**
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.piramalfinance.com/e-Auction.html માં આપેલી લિંકનો સંદર્ભ લો અથવા https://piramal.auction@piramal.comપર ઈમેઈલ કરો.

**ઉધાર લેનારા/જામીનદારો/ગીરોને SARFAESI અધિનિયમ હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ.**
ઉપરોક્ત ઉધાર લેનારાઓ/બાંયધરી આપનારને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ 13(2) નોટિસમાં ઉલ્લેખિત રકમની તારીખ પહેલાંની તારીખ સુધી સંપૂર્ણ ઉપાર્જિત વ્યાજ સાથે ચૂકવવામાં આવે. હરાજી, નિષ્ફળ જવાથી કઈ મિલકતની હરાજી/વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો તે વ્યાજ અને ખર્ચ સાથે ઉધાર લેનારા/જામીનદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

**તારીખ :- 17 - 02 - 2024**
**સ્થાન :- ગુજરાત**

Sd/-
(અધિકૃત અધિકારી)
પિરામલ કેપિટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

## શહેરના વિવિધ ત્રણ વિસ્તારમાંથી જુગાર રમતા 12 ખેલી ઝડપાયાં

વડોદરા | વડોદરા શહેરના ત્રણ વિસ્તારમાં પોલીસે દરોડા પાડીને 12 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જુગારીઓની અંગજડી તથા પાંચ મોબાઈલ મળી 42 હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે રેલવે સ્ટેશન પાછળ શીલાલેખ કોમ્પલેક્ષ કબતરખાના સામે ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો કુકરી વડે જુગાર રમે છે. જેથી પોલીસે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 17 FEBRUARY-2024

AHMEDABAD


## માણસા-વિજાપુર હાઇવે પર ટ્રેલર-બાઇકના અકસ્માતમાં યુવતીનું મોત

ગાંધીનગર | માણસા શહેરમાં વિજાપુર હાઈવે પર આવેલા પેટ્રોલ પંપ નજીક આજે ગુરૂવારે સવારે રીદ્રોલ ગામના ભાઈ-બહેન બાઈક લઈને માણસા તરફ આવી રહ્યા હતા. ત્યારે અહીંથી પસાર થઈ રહેલ ટ્રેલર સાથે બાઈકને અકસ્માત થતા બાઈકની પાછળ બેઠેલ 22 વર્ષીય યુવતીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને પ્રથમ માણસા અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવી હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. જે બાબતે માણસા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.



### નવા બે ફ્લાય ઓવર બ્રિજને મંજૂરી મળી... રૂ.185.12 કરોડના ખર્ચે થશે નિર્માણ

# અમદાવાદીઓને ટ્રાફિકમાં મળશે રાહત



અમદાવાદ | તા.16

હવે અમદાવાદમાં બે નવા ફ્લાય ઓવર બ્રિજ માટેની મહાનગરપાલિકાએ કરેલી દરખાસ્ત શહેરી વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરવામાં આવતા તેમણે 2023-24ના વર્ષમાં થયેલી જોગવાઈઓ માંથી રૂ.185.12 કરોડ ફાળવવા સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે.

રાજ્ય સરકારે શહેરોને આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવા લાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ સસ્ટેઇનેબલ અને કેપેબલ બનાવવા 'ઈઝ ઓફ લિવિંગ' પર ધ્યાન આપવાની નેમ રાખી છે. આ હેતુસર શહેરોમાં માર્ગો, પુલો, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડો સુદ્રઢ કરવા સહિતના શહેરી આયોજન અને વહીવટમાં ક્વોલિટેટીવ ચેન્જ માટે આ વર્ષના બજેટમાં શહેરી વિકાસ વિભાગ માટે કુલ રૂ.21,696 કરોડનું બજેટ ફાળવાયું છે.

## પાંજરાપોળ જંક્શન ફ્લાય ઓવર નિર્માણ પામશે

### ક્યા વિસ્તારમાં બનશે ફ્લાય ઓવર

652 મીટર લંબાઈ સાથે 17 મીટર પહોળો પાંજરાપોળ જંક્શન ફ્લાય ઓવર બ્રિજ નિર્માણ પામશે. આ માટે અંદાજે રૂ. 86.94 કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે. પંચવટી જંક્શન પરનો ફ્લાય ઓવર રૂ.98.18 કરોડના ખર્ચે નિર્માણ કરાશે. તે 779.19 મીટર લંબાઈ ધરાવતો અને 17 મીટર પહોળો બ્રિજ હશે.

### 20 ફ્લાયઓવરની મંજૂરી

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાય ઓવરબ્રિજ ઘટક અન્વયે સમગ્ર રાજ્યમાં 75 ફ્લાય ઓવર બનાવવાની સામે અમદાવાદ મહાનગરમાં 20 ફ્લાય ઓવર બનાવવાનો નિર્ણય કરવામાં આવેલો છે. રાજ્ય સરકારે અમદાવાદમાં આ પૈકીના 7 ફ્લાય ઓવર બ્રિજ માટે રૂ.612.86 કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક અનુમતિ આપેલી છે.

# 19મી નેશનલ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટનો અમદાવાદમાં પ્રારંભ

### સાડા પાંચ હજારથી વધુ જુનિયર એથ્લિટ્સ પોતાનું કૌવત ઝળકાવશે





### દેશના વિવિધ રાજ્યોના 616 જિલ્લાના ખેલાડીઓ હાજર

અમદાવાદ | તા.16

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતેથી 19 મી નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ(NIDJAM)નો પ્રારંભ કરાવ્યો હતો. રમતગમત અને યુવક સેવા રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. 19મી નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ(NIDJAM)ના પ્રારંભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે સ્પોર્ટ્સથી લઈને સ્પેસ સુધીનાં ક્ષેત્રોમાં થયેલા વિકાસમાં યુવાઓના કૌશલ્યને નીખરવાનો મોકો મળ્યો છે. દેશના આ અમૃતકાળમાં યુવા શક્તિને સજ્જ અને સશક્ત બનાવીને રાષ્ટ્રના વિકાસનો વડાપ્રધાનનો ધ્યેય સ્પોર્ટ્સ સેકટરમાં પણ સાકાર થઈ રહ્યો છે. આ માટે દેશનાં રાજ્યોના 616 જિલ્લાઓમાંથી આવેલા પાંચ હજારથી વધુ એથ્લિટ્સનું ગુજરાતની ધરતી પર સ્વાગત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વિશ્વનો સૌથી મોટો ગ્રાસ રૂટ ટેલેન્ટ સર્ચ પ્રોગ્રામ ગુજરાતમાં થઈ રહ્યો છે એ ગર્વની વાત છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમતવીરોને 'ખેલે તે ખીલે'નું સૂત્ર આપ્યું છે. વડાપ્રધાનએ દેશમાં સંપૂર્ણ સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ વિકસી છે અને ખેલ-કૂદ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી નિર્માણ માટે રમત-ગમતના કેન્દ્રીય બજેટમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ છે. આ પ્રસંગે રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, કાશ્મીરથી કન્યાકુમારી સુધી અનેક જિલ્લાઓમાંથી ગુજરાત પધારેલા યુવાનો 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ને સાચા અર્થમાં સાર્થક કરે છે. અમદાવાદમાં આ રમતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તે ગુજરાત માટે એક ઐતિહાસિક ક્ષણ છે. ગુજરાતની સિદ્ધિ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, ગુજરાત એકમાત્ર એવું રાજ્ય કે જેણે માત્ર 100 દિવસ જેટલા ટૂંકા ગાળામાં નેશનલ ગેમ્સનું ભવ્ય આયોજન કર્યું હતું. ખેલકૂદ ક્ષેત્રે યુવાનોને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પ્રયાસ કર્યા છે.

### ભારતમાં "સમુદ્રી સીમાદર્શન"નો કચ્છથી પ્રારંભ



લાંબા સમયથી "કચ્છ નહીં દેખા તો કુછ નહી દેખા"ના મંત્રને સાકાર કરવા પ્રવાસનના હેતુથી કચ્છમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે. ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતના કચ્છ જિલ્લામાં કોટેશ્વર તીર્થધામ નજીક લક્કી નાલા વિસ્તારમાં આજથી "સમુદ્રી સીમાદર્શન"નો પ્રવાસન મંત્રી મૂળુભાઇ બેરાએ આજે ગાંધીનગરથી વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને કચ્છ કલેકટર સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપી લક્કી નાલા વિસ્તારમાં પ્રથમ બોટ રાઇડની ફિઝિકલી શુભારંભ કરાવ્યો હતો.

# ગુજરાત પોલીસના બે IPS, ત્રણ DYSP અને એક સબ ઈન્સ્પેક્ટર સામે ફરિયાદ

### ■ 6 પોલીસ અધિકારીઓ સહિત 19 લોકો સામે ફરિયાદ

### ક્યા ક્યા અધિકારીઓ સામે ફરિયાદ

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તત્કાલિન એસપી જી.વી.બારોટ, ભાવના પટેલ સામે, જ્યારે તત્કાલિન PSI એન.કે.ચૌહાણ સામે જેના સાથે જ તત્કાલિન DySP વી.જે.ગઢવી, ડી.એસ.વાઘેલા સામે ફરિયાદ નોંધાવા માટેનો સુપ્રિમ કોર્ટ તરફથી આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ 6 પોલીસ અધિકારીઓ સહિત 19 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

### ■ અપહરણનો કેસ ન નોંધતા પોલીસ સામે ફરિયાદ

અમદાવાદ | તા.16

રાજ્યમાં પોલીસ અધિકારીઓ સામે નોંધાઇ ફરિયાદ હોવાની ઘટના સામે આવી છે. ગુજરાત પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ નોંધાતા ખળભળાટ મચ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. આ માટે પશ્ચિમ કચ્છ CID ક્રાઈમમાં 6 પોલીસ અધિકારી સહિત 19 લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી અનુસાર, વર્ષ 2015ના બનાવની ફરિયાદ કોર્ટના આદેશ બાદ સીઆઈડીએ ફરિયાદ નોંધી છે. જેમાં 3 DySP અને PSI સામે ફરિયાદ નોંધાઈ છે. આ સાથે જ 6 પોલીસ અધિકારીઓ સહિત 19 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ગંભીર કલમો સાથે પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ થઈ છે.

નોંધનીય છે કે, ફરિયાદીની અપહરણની ફરિયાદ ના લેવા બાબતે પોલીસ અધિકારીઓ સામે કેસ કરાયો છે. વર્ષ 2015ના બનાવની ફરિયાદ કોર્ટના આદેશ બાદ નોંધાઈ છે. જેમાં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પશ્ચિમ કચ્છ CID પોલીસે ફરિયાદ નોંધી છે. ફરિયાદીના અપહરણની ફરિયાદ પણ ના લેતા પોલીસ અધિકારીઓ સામે કેસ થયો છે. ગંભીર કલમો સાથે પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ થઈ છે.

# AMCના બજેટ સત્રમાં બબાલ

### વિપક્ષના નેતા અને ભાજપના જૈનિક વકીલ વચ્ચે ઉગ્ર બોલાચાલી, મેયરે સત્ર બંધ કરવું પડ્યું



અમદાવાદ | તા.16

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ 2024-25ના બજેટને મંજૂરી આપવા માટે આજે બે દિવસીય બજેટ સત્રની શરૂઆત થઈ છે. આજે બજેટ સત્રના અંતિમ દિવસે વિપક્ષના નેતા શહેજાદ ખાન પઠાણ અને પાલડી વોર્ડના ભાજપના કોર્પોરેટર જૈનિક વકીલ વચ્ચે થઈ હતી. સાબરમતી રિવરફ્રન્ટ પર લેન્ડ પોલિસી અને જમીનના રાઈટ્સ વેચવા મામલે વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ રજૂઆત કરી રહ્યા હતા, તે સમયે જૈનિક વકીલ વચ્ચે ઊભા થઈ અને સાબરમતી રિવરફ્રન્ટ કમિટીમાં વિપક્ષના નેતા પણ સભ્ય છે તો તે સમયે કેમ ત્યાં રજૂઆત નથી કરતા? અને અહીંયા બજેટ સત્રમાં સદનમાં રજૂઆત કરે છે. જેના પગલે વિપક્ષના નેતા શહેજાદખાન પઠાણ ઉગ્ર થઈ ગયા હતા અને કહ્યું હતું કે, અમારો વિરોધ કરવાનો અને બોલવાનો અધિકાર છે.

### મેયરે બજેટ સત્ર મુલતવી રાખ્યું


સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કમિટી મામલે વિપક્ષના નેતા અને જૈનિક વકીલ બંને સામસામે આવી ગયા હતા અને ઉગ્ર બોલાચાલી થઈ હતી. તમે કોણ છો? મને કહેવાવાળા એમ કહેતા ભાજપના કોર્પોરેટરો અને કોંગ્રેસના કોર્પોરેટરો આમને-સામને આવી ગયા હતા. એક સમયે મેયર પ્રતિભા જૈન પણ ભાજપના કોર્પોરેટર જૈનિક વકીલને ગુસ્સામાં બેસી જવા કહ્યું હતું પરંતુ, તેઓએ સાંભળ્યું નહોતું અને મેયરે 10 મિનિટ માટે બજેટ સત્રને મુલતવી રાખવું પડ્યું હતું.

### તોડકાંડમાં બદનામ ઉના પોલીસના 2 કર્મી, 1 GRD સામે દુષ્કર્મની ફરિયાદ

અમદાવાદ |તોડકાંડમાં બદનામ ઉના પોલીસ પર વધુ એક કલંક લાગ્યો છે. જેમાં 2 પોલીસકર્મી, 1 GRD સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં FIR નોંધાઈ છે. પ્રકાશ શીંગડ નામના વહીવટદારે દુષ્કર્મ આચર્યું હતું. તથા કમલેશ પીઠીયા નામના પોલીસ કર્મચારીના નામે દુષ્કર્મ કર્યું હતુ. પીડિતા કમલેશ પીઠીયાને જોઈને ઓળખતી ન હતી. તેમજ આરોપી વહીવટદાર કમલેશ પીઠીયા હોવાની ઓળખ આપતો હતો. તેમજ મોહન મકવાણા નામનો પોલીસ કર્મચારી પણ દુષ્કર્મ આચરતો હતો. જેમાં આરોપીઓને ઝડપી લેવા પોલીસની દોડધામ શરૂ થઇ છે.

## માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો

# પાણીની ટાંકીમાં પડી જતા બાળકીનું મોત



અમદાવાદ | તા.16

માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં જૂનાગઢમાં પાણીની ટાંકીમાં પડી જતા બાળકીનું મોત થયુ છે. તેમાં રમતા રમતા 2 વર્ષીય બાળકી પાણીની ટાંકીમાં ખાબકી હતી. પીપળી ગામે આ ઘટના બની છે. 10 મહિનાથી મજૂરી કરવા આવેલ શ્રમિક પરિવારની બે વર્ષની બાળકીના મોતના પગલે પરિવારમાં અરેરાટી ફેલાઇ છે. રમતાં રમતાં પાણીમાં બાળકી ખાબકતા મોત મામલે પોલીસે ઘટના અંગે પ્રાથમિક તપાસ હાથ ધરી છે. તાજેતરમાં જ જૂનાગઢમાં પહેલા માળેથી બાળક નીચે પટકાયું હતુ. બાળક રમતા રમતા પહેલા માળેથી નીચે પટકાયું હતુ. તેમાં 2 વર્ષીય બાળકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયું છે. તેમજ સમગ્ર ઘટનાના CCTV સામે આવ્યા હતા. શહેરના ગોકુલનગર વિસ્તારમાં રમતા રમતા બાળક પહેલા માળથી પટકાયો હતો. તેમાં બાળકનો આબાદ બચાવ થયો હતો. તેમજ બાળક પટકાતા ઈજા પહોંચી હતી. તેથી રાજકોટ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

# હવે બનાવટી એન્ટિબાયોટીક દવાઓની ફેક્ટરી મળી આવી

અમદાવાદ | તા.16

રાજ્યભરમાં નકલી પદાર્થોના એક પછી એક કૌભાંડ સામે આવી રહ્યા છે. જેમાં હવે વિવિધ દવાઓને નકલી બનાવટની ફેક્ટરી જ સામે આવી છે. એટલું જ નહીં ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડામાં બનાવટી દવા બનાવતી કંપની પર ચાંગોદરમાં દરોડા પાડવામાં આવ્યા જ્યાંથી રાજ્યવ્યાપી નકલી દવાઓનું કૌભાંડ સામે આવ્યું છે.

ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યની 11 દવાની દુકાનો પરથી 51 લાખ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. મુખ્ય ષડયંત્રકાર તરીકે નરેશ ધનવાણીયા નું નામ આવ્યું સામે આવ્યું છે. જેની સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે. રાજ્યભરમાંથી દરોડામાં કુલ રૂ 1.75 કરોડ વધુની કિંમતનો બનાવટી એન્ટિબાયોટીક દવાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો હોવાનું ફૂડ એન્ડ ડ્રગ કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું. આ સાથે જ આરોગ્ય કમિશ્નરે જણાવ્યુંકે, અમદાવાદ, વડોદરા, સુરત, ભુજ, ઈડર ખાતેથી બનાવટી એન્ટીબાયોટીક દવાઓનો મોટો જથ્થો પકડાયો છે. રાજ્યના નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. દવાના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાર્યવાહી કરવામાં આવે છે.

### અમરેલીમાં યુવાને જીવના જોખમે સિંહ સાથે રિલ્સ બનાવી

અમરેલી | અમરેલીમાં સિંહ સાથે રિલ્સ બનાવતો વીડિયો વાયરલ થયો છે. જેમાં રિલ્સ બનાવવાની ઘેલછામાં યુવાને કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. તેમાં સિંહ પ્રેમીઓ દ્વારા યુવક સામે કાર્યવાહીની માગ છે. તેમજ વન વિભાગે વીડિયોના આધારે તપાસ હાથ ધરી છે. સોશિયલ મીડિયામાં રિલ્સ બનાવવાની ઘેલછાએ યુવાનો કઇ પણ કરતા અચકાતા નથી. જેમાં ગીર પંથકના વિસ્તારોમાં સિંહોની ખુલ્લેઆમ પજવણી થઈ રહી છે. ડાલામથ્થા સિંહની કુદરતી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડતા પજવણી ખોર બેફામ થયા છે.

# રિવરફ્રન્ટ અને નિકોલમાં બે યુવકોનાં વાહન અડફેટે મોત

અમદાવાદ | તા.16

ચંદ્રનગરથી વાડજ સ્મશાન ગૃહ કટ તરફ રીવરફ્રંટ રોડ પર પસાર થઈ રહેલા ટુવ્હિલર ચાલકને કારે ટક્કર મારી હતી. જેથી ઈજાગ્રસ્ત બનેલા ટુવ્હિલર ચાલકનું મોત નિપજ્યું હતું, જ્યારે નિકોલ ખોડિયાર માતાના મંદિર પાસે ટુવ્હિલર ચાલકનું અજાણ્યા વાહનની ટક્કરથી મોત નિપજ્યું હતું. બંને અકસ્માત અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી ફરાર વાહન ચાલકોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. નાનાચિલોડા ખાતે રહેતા 19 વર્ષીય પુષ્પરાજ ગોર અભ્યાસ કરે છે. બુધવારે સવારના સમયે સ્પોર્ટ્સ બાઈક લઈને કામ અર્થે ચંદ્રનગરથી વાડજ સ્મશાન ગૃહ કટ તરફ સાબરમતી રીવરફ્રંટ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે પૂરપાટ ઝડપે આવેલી કારે બાઈકને ટક્કર મારી હતી. જેથી પુષ્પરાજ હવામાં ફંગોળાઈને જમીને પટકાઈ પડતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા બેભાન થઈ ગયો હતો. અકસ્માત બાદ લોકો ભેગા થયા હતા અને પુષ્પરાજને સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યો જ્યાં તેનું મોત નિપજ્યું હતું. આ મામલે એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે ફરાર કાર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

### હાટકેશ્વર સ્મશાન ચલાવવા માટેનો પેટા કોન્ટ્રાકટ છે

# અંતિમ સંસ્કારની ભઠ્ઠી નીચે જ અડ્ડો | ભાજપના હોદ્દેદાર અને સ્મશાનના કોન્ટ્રાક્ટરે CNG ભઠ્ઠી નીચે 1800 બોટલ દારૂ સંતાડ્યો



અમદાવાદ | તા.16

અમદાવાદના હાટકેશ્વર સ્મશાનમાંથી પોલીસે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્મશાન ગૃહને ચલાવવાનો પેટા કોન્ટ્રાક્ટ ધરાવતા અને ખોખરા વોર્ડનો ભાજપનો અનુસૂચિત જાતિ મોરચાનો પ્રમુખ અક્ષય વેગડની 1800 બોટલ સાથે પોલીસે ધરપકડ કરી છે. અક્ષય વેગડ અને તેનો ભાઈ રાજન વેગડ CNG ભઠ્ઠીના ભોયરામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને રાખતા હતા. પોલીસે 2.62 લાખનો વિદેશી દારૂ અને 11,000નો બિયર કબજે કરી અક્ષય વેગડ અને એક સગીરની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, ખોખરા પોલીસને બાતમી મળી હતી કે, હાટકેશ્વર સ્મશાન ગૃહમાં આવેલી CNG ભઠ્ઠીમાં કેટલોક દારૂનો જથ્થો સંતાડવામાં આવેલો છે. સ્મશાનમાં જ રહેતા અને પેટા કોન્ટ્રાક્ટ ધરાવતો અક્ષય વેગડ દ્વારા ત્યાં દારૂ ઉતારી અને વેચાણ કરવામાં આવે છે. જેના પગલે પોલીસે દરોડો પાડતા CNG ભઠ્ઠીમાંથી 1803 જેટલી વિદેશી દારૂની બોટલ અને 98 બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી અક્ષય વેગડ અને એક સગીરની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે, અક્ષય અને તેનો ભાઈ બહારથી વિદેશી દારૂ લાવી અને સ્મશાન ગૃહમાં સંતાડી દેતા હતા અને ત્યારબાદ તેનું વેચાણ કરતા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હાટકેશ્વર સ્મશાન ગૃહમાંથી વિદેશી દારૂ અને બિયર સાથે ઝડપાયેલો આરોપી અક્ષય વેગડ ખોખરા વોર્ડનો અનુસૂચિત જાતિ મોરચાનો પ્રમુખ છે. હાટકેશ્વર સ્મશાન ચલાવવા માટેનો પેટા કોન્ટ્રાકટ છે. જ્યાં શબ સળગે તેની નીચે જ વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરવામાં આવતું હોવાથી અનેક સવાલ ઉભા થયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને ભાજપના નેતાઓ પોતાના મળતીયા માણસોને ગોઠવી અને સફાઈથી લઈ લાકડાનો કોન્ટ્રાક્ટ આપી દેતા હોય છે અને પછી ત્યાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ થાય છે. સ્મશાન ગૃહમાં ક્યારેય કોઈપણ અધિકારી કે ભાજપના ચેરમેન જોવા આવ્યા નથી, જેના કારણે સ્મશાનમાં બેફામપણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...